પૂ. પિતાશ્રી મહાસુખરામ તથા પૂ. માતુશ્રી જબકબાના
સ્મરણાર્થે જૈનાગમ પુષ્પ ૨.



નમો તસ્સ ભગવઓ અરહઓ સમણસ્સ ।
બુદ્ધસ્સ નિગંથસ્સ માહણસ્સ મહાવીરસ્સ ।।
ભગવાન મહાવીર જે અરિહંત છે, શ્રમણ છે, બુદ્ધ છે, નિગ્રંથ છે, માહણ છે, તેમને નમસ્કાર.

# શ્રી દશવૈકાલિક સૂત્ર

અથવા

# શ્રમણ સાર

....અને....

# પુચ્છિસુણં અથવા વીર-સ્તુતિ

કબ હોગા પ્રભુ કબ હોગા વહ જીવન હમારા કબ હોગા
પ્રાણીકો નિજ સમ પેખેંગે
સ્ત્રીકો માતા સમ દેખેંગે
લક્ષ્મીકો મિટ્ટી લેખેંગે

પ્રકાશક :
બુધાભાઇ મહાસુખરામ શાહ
હિંસા વિરોધક સંઘ, માણેકચોક—અમદાવાદ.

પ્રત ૧૫૦૦
આવૃત્તિ ૧લી

કિંમત
સ્વાધ્યાય અને સદુપયોગ

સંવત ૨૦૦૯
સને ૧૯૫૩

{ બહારગામથી મંગાવનાર માટે માર્ગવ્યય અલગ }



નમો તસ્સ ભગવઓ અરહઓ સમણસ્સ ।
બુદ્ધસ્સ નિગંથસ્સ માહણસ્સ મહાવીરસ્સ ।।

ભગવાન મહાવીર જે અરિહંત છે, શ્રમણ છે, બુદ્ધ છે, નિગ્રંથ છે, માહણ છે, તેમને નમસ્કાર.

# શ્રી દશવૈકાલિક સૂત્ર

## અથવા

# શ્રમણ સાર

## ....અને....

# પુચ્છિસુણં અથવા વીર-સ્તુતિ

**કબ હોગા પ્રભુ કબ હોગા વહ જીવન હમારા કબ હોગા**
**પ્રાણીકો નિજ સમ પેખેંગે**
**સ્ત્રીકો માતા સમ દેખેંગે**
**લક્ષ્મીકો મિટ્ટી લેખેંગે**

પ્રકાશક :
**બુધાભાઇ મહાસુખરામ શાહ**
હિંસા વિરોધક સંઘ, માણેકચોક—**અમદાવાદ.**

પ્રત ૧૫૦૦
આવૃત્તિ ૧લી

કિંમત
સ્વાધ્યાય અને સદુપયોગ

સંવત ૨૦૦૯
સને ૧૯૫૩

{ બહારગામથી મંગાવનાર માટે માર્ગવ્યય અલગ }

# વિષયાનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | આદિવચન... | — |
| ૧ | દ્રુમપુષ્પિયા... | ૧ |
| ૨ | શ્રામણ્ય પૂર્વક... | ૩ |
| ૩ | ક્ષુલ્લકાચાર... | ૬ |
| ૪ | ષડ્ જીવનિકા... | ૧૧ |
| ૫ | પિણ્ડૈષણા [૧] પ્રથમ ઉદ્દેશ... | ૩૪ |
| | [૨] બીજો ,, .. | ૫૫ |
| ૬ | ધર્માર્થ કામાધ્યયન... | ૬૫ |
| ૭ | સુવાક્ય શુદ્ધિ... | ૮૦ |
| ૮ | આચાર પ્રણિધિ... | ૯૩ |
| ૯ | વિનય સમાધિ [૧] પહેલો ઉદ્દેશ... | ૧૦૭ |
| | [૨] બીજો ,, ... | ૧૧૩ |
| | [૩] ત્રીજો ,, ... | ૧૧૯ |
| | [૪] ચોથો ,, ... | ૧૨૪ |
| ૧૦ | ભિક્ષુ નામ... | ૧૨૯ |
| ૧૧ | રતિવાક્ય—પહેલી ચૂલિકા... | ૧૩૬ |
| ૧૨ | વિવિક્તાચર્યા—બીજી ચૂલિકા... | ૧૪૩ |
| ૧૩ | પુચ્છિંસુણં—શ્રી વીર સ્તુતિ... | ૧૪૯ |



મુદ્રક: શ્રી. વાડીલાલ કાકુભાઈ સંઘવી
મુદ્રણાલય: અમૃત વિજય પ્રિન્ટીંગ પ્રેસ
ઘાંચીની પોળ પાસે, ૧૬૩-૪ માણેકચોક—અમદાવાદ.

# 卐 આદિ વચન 卐

**અ**પશ્ચિમ ચરમ તીર્થંકર ભગવાન **મહાવીર**ના નિર્વાણ પછી ઉત્તરોત્તર અધિકારી **શ્રી સુધર્મા સ્વામી, શ્રી જંબૂ સ્વામી, શ્રી પ્રભવ સ્વામી** અને **શ્રી શય્યંપ્રભ સ્વામી** થયા. આ શ્રી શય્યંપ્રભ સ્વામી વીર નિર્વાણ પછી ૭૫ થી ૯૮ ની સાલમાં વિરાજમાન હતા.

**શ્રી** શય્યંપ્રભ સ્વામી વૈરાગ્ય-વિભૂતિ હતા. ગૃહજીવનમાં પત્નીને સગર્ભાવસ્થામાં ગૃહત્યાગ કરી **પરિવ્રજ્યા** ધારણ કરી **જીનવાણી** પિયૂષનાં પાન પીધાં. પૂર્ણ માસે પત્નીને નયનાનંદ પુત્રરત્ન પ્રાપ્ત થયું. બાળકનું નામ **મનક** પાડયું. પત્નીએ મનકને નિગ્રંથ પિતાને વ્હોરાવ્યો. સર્વ શાસ્ત્ર-વિશારદ **બાલ મનક મુનિનું** અલ્પાયુષ્ય જાણી તેના ઉદ્ધારાર્થે ભગવાનની વાણીરૂપ અમૃતમાંથી મંથન કરી **અર્ક રૂપ ૬૦૦ સૂક્તો તારવ્યા છે જે શ્રમણ જીવનનો** હૂબહૂ **ચિતાર તથા નકશો તથા દિવાદાંડી છે.**

**આ**યુષ્ય અલ્પ છે, શાસ્ત્ર સમુદ્ર અપાર છે માટે વિજળીના ઝબકારા રૂપ ટુંકા જીવનમાં સત્શાસ્ત્રરૂપી મોતી પરોવવાની પ્રથમ જરૂર છે. જેને વિદ્વાન થવું નથી, પ્રસિદ્ધ વક્તા બનવું નથી, જેની સ્મૃતિ તેજસ્વી નથી તેવા **શ્રમણ સાધક** પછી ભલે તે **સુશ્રાવક** હોય કે **સુસાધુ** હોય તેને **'શ્રી દશવૈકાલિક સૂત્ર'** કંઠસ્થ હૃદયગત કરવાથી ઉંચા નિર્દોષ જીવનની સાચી શિક્ષા દિક્ષા મળશે. ઉચ્ચ

અગનગામી વિચારો અને સીધું સાદુ સરલ જીવન એજ સ્વપર કલ્યાણ-કારી જીવન છે એ આ નાનકડા સૂત્રોનો બોધ છે.

**શ્રી** ઉત્તરાધ્યયન સૂત્રમાં ભૂલો રહી છે તેવી ભૂલો આ સૂત્રોમાં ન રહે તે માટે દરિયાપુરી સંપ્રદાયના મુનિશ્રી શાંતિલાલજી મહારાજને પ્રુફો જોવાની તકલીફ આપી છે, તેમની ભાવનાને અનુસરી 'શ્રી સુયગડાંગ સૂત્ર'નું '**શ્રી પુચ્છિસુણં**' અર્થ સાથે 'શ્રી દશવૈકાલિક સૂત્ર' પછી મૂકયું છે. જે પ્રુફો તેમણે સૂત્ર ભકિત ને પ્રેમથી તપાસ્યાં છે, તે માટે તેમનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે.

**બીજુ** 'શ્રી અમૃત વિજય પ્રિ. પ્રેસ'ના માલીક–મારા મિત્ર શ્રી. **વાડીલાલ કાકુભાઈ સંઘવીએ** પણ આ વખતે વધુ કાળજી અને ચીવટ રાખી પ્રુફો તપાસ્યાં છે તે માટે તેમનો પણ હું ઋણી છું.

**છેવટે** મારા સન્મિત્ર પ્રિય શ્રી. **શાંતિલાલ કચરાભાઈએ** ગ્રન્થ પ્રકાશમાં પોતાની આગમ ભકિત દાખવી શ્રુત પ્રભાવનામાં ખર્ચનો અર્ધો ભાગ આપ્યો છે તેમનો પણ ઉપકાર માનું છું. તેમણે પોતે પોતાનું નામ બ્હાર ન પ્રકટે તે માટે મને ચેતવણી આપી છે, છતાં ફરજ ના ચૂકાય તે માટે તેમનું નામ આપી કૃતાર્થ થાઉં છું.

**આ** પુસ્તક દિવાના પ્રકાશે તથા અસજ્ઝાય કાળ, સવાર-સાંજની ઉષા, પૂર્વ પશ્ચાત એક ઘડી, મધ્યાન્હ અને મધ્ય રાત્રીની બે ઘડી તથા અમાસ અને પુર્ણિમાના દિવસે વાચન તથા સૂત્ર-સજ્ઝાય ન કરવા વિનંતિ છે.

લી. શાસનબાલ

તા. ૨૭–૭–૫૩ **બુધાભાઈ મ. શાહ**

卐

ॐ

ॐ નમો તસ્સ ભગવતો અરહસ્સ ।
સમણસ્સ બુદ્ધસ્સ માહણસ્સ મહાવીરસ્સ ।।

❀

શ્રી

# દશવૈકાલિક સૂત્રમ્

## દુમપુપ્ફિયા પઢમં અજ્ઝયણં

---

**ધમ્મો મંગલ મુક્કિઠં, અહિંસા સંજમો તવો;**
**દેવાવિતં નમંસંતિ, જસ્સ ધમ્મે સયામણો ।। ૧ ।।**

**ભાવાર્થ**—જીવદયામય અહિંસા, ૧૭ પ્રકારનો સંયમ, ૧૨ પ્રકારનો તપ, આવો ધર્મ તે ઉત્કૃષ્ટ મંગલ છે, જેનું મન હંમેશાં ધર્મમાં છે તેને દેવો પણ વંદન કરે છે. ।। ૧ ।।

**જહા દુમસ્સ પુપ્ફેસુ, ભમરો આવિયઇ રસં;**
**ન ય પુપ્ફં કિલામેઇ, સોય પીણેઇ અપ્પયં ।। ૨ ।।**

**ભાવાર્થ**—જેવી રીતે વૃક્ષના પુષ્પો ઉપર ભ્રમર પુષ્પને દુભવ્યા વિના મર્યાદામાં પુષ્પનો રસ લઇ તૃપ્ત થાય છે, તેવી રીતે મુનિભ્રમર સંયમ અને તપની મર્યાદામાં રહીને વિશ્વોદ્યાનના પુષ્પોમાંથી નિર્દોષ આહાર-વસ્ત્ર, પાણી લઇને સંતોપ માને છે. સાધુનું જીવન કોઇને કિલામનામય હોતું નથી. ।। ૨ ।।

**એમે એ સમણા મુત્તા, જે લોએ સન્તિ સાહુણો;**
**વિહંગમાવ પુપ્ફેસુ, દાણ ભત્તેસણે રયા ॥ ૩ ॥**

**ભાવાર્થ—**આમ લોકને વિષે શ્રમણ સમતાયુક્ત સાધુઓ મુક્ત-અપરિગ્રહી અને અપ્રતિબદ્ધ હોય છે. તેઓનું નિર્દોષ જીવન, નિર્દોષ આહાર, વસ્ત્ર, પાણી અને ઉપધિરૂપ પુષ્પોને વિષે ભ્રમર જેવું છે. ॥૩॥

**વયં ચ વિત્તિં લબ્ભામો, ન ય કોઈ ઉવહમ્મઈ;**
**અહાગડેસુ રીયન્તે, પુપ્ફેસુ ભમરા જહા ॥ ૪ ॥**

**ભાવાર્થ—**અમે પણ અમારી વૃત્તિ-નિર્દોષ આહાર-પાણી કોઇને દુભવ્યા વિના ગૃહસ્થે પોતાના માટે કરેલા આહારમાં પુષ્પો વિષે ભ્રમરની જેમ વિચરીશું. ॥ ૪ ॥

**મહુકાર સમા બુદ્ધા, જે ભવન્તિ અણિસ્સિયા;**
**નાણાપિંડ રયા દંતા, તેણ વુચ્ચંતિ સાહુણો ॥ ૫ ॥**
**॥ ત્તિ બેમિ ॥**

**ભાવાર્થ—**જ્ઞાની સાધુ પુરુષો મધુકાર જેવા છે અને તેઓ અનાસક્ત છે. તેઓ આહાર, વસ્ત્ર, પાણીને વિષે સંતુષ્ટ અને સંયમી છે અને તેથીજ તેઓ સાધુ કહેવાય છે. ॥ ૫ ॥

**॥ ઇતિ દુમપુપ્ફિયા ॥**

**સાર:—**આ અધ્યયનમાં સાધુ ગૃહસ્થના ઘેરથી મર્યાદા પ્રમાણે આહારાદિક લઇને પોતાના આત્માને સંતોષે, પણ ગૃહસ્થને તેથી દુઃખ ન ઉપજે તે લક્ષ્યમાં રાખે. આહાર ગવેષક મુનિ અનાસક્ત, ઈંદ્રિયોને દમન કરનાર અને લભ્ય વસ્તુમાં સંતોષી છે.

卐

# ॥ સામણ્ણપુવ્વયં બીયમજ્ઝયણં ॥

(બીજું અધ્યયન)

---

**કહં નુ કુજ્જા સામણ્ણં, જો કામે ન નિવારએ ।**
**પએપએ વિસીયંતો, સંકપ્પસ્સ વસંગઓ ॥ ૧ ॥**

સંકલ્પ-વિકલ્પને વશ થએલ શ્રમણ કામ-ભોગોની આસક્તિથી છૂટતો નથી અને તે પગલે પગલે ખેદ પામે છે. આવો સાધુ સમતા રૂપ શ્રમણપણું કેવી રીતે પાળે? અથવા તે પાળી શકતો નથી. ૧

**વત્થગંધ—મલંકારં, ઇત્થીઓ સયણાણિ ય ।**
**અચ્છંદા જે ન ભુંજંતિ, ન સે ચાઇ ત્તિ વુચ્ચઈ ॥૨॥**

તે ત્યાગી નથી કહેવાતો જે વસ્ત્ર, ગંધ, અલંકારો, સ્ત્રી અને શયનો પણ પરવશપણાથી હોય ભોગવી શકતો નથી. ૨

**જે ય કંતે પિએ ભોએ, લદ્ધે વિ પિટ્ઠિ કુવ્વઇ ।**
**સાહીણે ચયઈ ભોએ, સે હુ ચાઇ ત્તિ વુચ્ચઈ ॥ ૩ ॥**

તેજ ત્યાગી કહેવાય છે જે મનગમતા, કાન્ત અને પ્રિય ભોગ પ્રાપ્ત અને સ્વાધીન છતાં તેને ત્યાગે છે અને તેના પ્રતિ પુંઠ કરે છે. ૩

**સમાએ પેહાઈ પરિવ્વયંતો,**
**સિયા મણો નિસ્સરઈ બહિદ્ધા ।**
**ન સા મહંનોવિ અહંપિતીસે,**
**ઇચ્ચેવ તાઓ વિણએજ્જ રાગં ॥૪॥**

સમદષ્ટિએ વિહરતા મુનિનું મન કદાપિ (સંયમમાંથી) બહાર નીકળે, તો મુનિ એમ વિચારે કે પ્રકૃતિ એ હું નથી અને પ્રકૃતિનો હું નથી, એમ વિચારી પ્રકૃતિના રાગનો વિશેષ પ્રકારે સંયમ કરે. ૪

**આયાવયાહી ચય સોગમલ્લં,**
**કામે કમાહિ કમિયં ખુદુક્ખં ।**
**છિંદાહી દોસં વિણએજ્જ રાગં,**
**એવં સુહી હોહિસિ સંપરાએ ॥ ૫ ॥**

હે આત્મા ! તું સુકુમારપણુ છોડ અને તપ (બાહ્યાભ્યંતર) સેવ. વાસનાને ઓળંગી જા. (પાર થા) તો તને દુઃખ સ્પર્શસે નહિ, દ્વેષને છેદ, રાગને દૂર કર તો તું સંસારમાં સુખી થઇશ. ૫

**પખ્ખંદે જલિયં જોઈ, ધુમકેઉં દુરાસયં ।**
**નેચ્છંતિ વંતયં ભોત્તું, કુલે જાયા અગંધણે ॥ ૬ ॥**

અગન્ધણ કુલમાં જન્મેલો સર્પ દુઃસહ અને ધુમાડાવાળા–તાપવાળા બળતી અગ્નિમાં પડવું પસંદ કરશે પરંતુ તે વમેલ સંસારને ભોગવવો પસંદ કરશે નહિ. (રાજેમતી–રહનેમીનો પ્રસંગ છે તેમાં ચળિત રહનેમીને રાજેમતી સદ્બોધ આપે છે.) ૬

**ધિરત્થુ તેડજસોકામી. જો તં જીવિય કારણા ।**
**વંતં ઇચ્છસિ આવેઉં, સેયં તે મરણં ભવે ॥ ૭ ॥**

તું અપયશરૂપી વાસનાનો કામી થયો છે, તને ધિક્કાર હો. તું અસંયમથી જીવવા માટે વમેલ સંસારને ફરીથી ગ્રહણ કરવા ઇચ્છે છે, એનાથી મરણ શ્રેષ્ઠ છે. ૭

**અહં ચ ભોગરાયસ્સ, તં ચડસિ અંધગવણ્હિણો ।**
**મા કુલે ગંધણા હોમો, સંજમં નિહુઓચર ॥ ૮ ॥**

હું ભોગરાજાના કુલમાં ઉત્પન્ન થયેલી છું, તું અંધક વિષ્ણુના કુલમાં જન્મેલો છું. ગંધન કુલના સર્પ જેવો અનિશ્ચિત તું ન થા. પરંતુ સંયમમાં દઢ નિશ્ચયવાળો થઇને વિચર. ૮

**જઈ તં કાહિસિ ભાવં, જા જા દિચ્છસિ નારીઓ ।**
**વાયા વિદ્ધોવ્વ હડો, અટ્ઠિઅપ્પા ભવિસ્સસિ ॥ ૯ ॥**

જો તું સ્ત્રીઓને જોઈશ અને ત્યાં તારો મનોભાવ બગાડીશ તો તારો આત્મા હડ નામની વનસ્પતિના પુષ્પ જેવો અસ્થિર થશે. ૯

**તીસે સો વયણં સોચ્ચા, સંજયાએ સુભાસિયં ।**
**અંકુસેણ જહા નાગો, ધમ્મે સં પડિવાઇઓ ॥ ૧૦ ॥**

રહનેમીજી રાજેમતીજીના સુભાષિત વચનો સાંભળીને સંયમમાં ભ્રષ્ટ થતા પોતાના મનને અંકુશ વડે જેમ હાથીને વશ રખાય છે તેમ [સંયમ] ધર્મમાં સ્થિર કર્યું. ૧

**એવં કરેંતિ સંબુદ્ધા, પંડિયા પવિયક્ખણા ।**
**વિણિયટ્ટંતિ ભોગેસુ જહા સે પુરિસોત્તમો ॥ ૧૧ ॥**
**ત્તિ બેમિ**

આમ [રહનેમિજીએ રાજેમતીજીના પ્રતિબોધથી પડતા આત્માને બુઝવ્યો] તેમ સ્વયંબુદ્ધ, જ્ઞાની પંડિતો અને પ્રવિચક્ષણ પુરુષો, કુશાગ્ર બુદ્ધિ સંપન્ન પુરુષો કામભોગોથી પાછા હઠે છે અને પરમ પુરુષાર્થ વડે મોક્ષને સાધે છે. ૧૧ એમ હું કહું છું.

**॥ ઇતિ સામણ્ણ પુવ્વયં અજ્ઝયણં ॥**

卐

# ખુડ્ડયાયાર કહા

(ત્રીજું અધ્યયન)

**સંજમે સુટ્ઠિઅપ્પાણં, વિપ્પમુક્કાણ તાઇણં ।**
**તેસિ-મેય-મણાઇન્નં, નિગ્ગંથાણ મહેસિણં ॥ ૧ ॥**

સત્તર પ્રકારના સંયમને વિષે જેમણે પોતાના આત્મા સારી રીતે સ્થિર કર્યો છે, જેઓ બાહ્યાભ્યંતર પરિગ્રહોથી મુક્ત છે, જેઓ સ્વ–પર રક્ષક છે, તે નિગ્રંથ મહર્ષિઓનો ન આચારવા યોગ્ય આચાર કહું છું. ૧

**ઉદ્દેસિયં કીયગડં, નિયાંગં અભિહડાણિ ય ।**
**રાઇભત્તે સિણાણે ય, ગંધમલ્લે ય વીયણે ॥ ૨ ॥**

૧ ઓદ્દેશિક–પોતાને ઉદ્દેશિને તૈયાર કરેલો આહાર સાધુને ન કલ્પે.
૨ વેચાતો લાવેલ આહાર સાધુને ન કલ્પે.
૩ આમંત્રણ આપી જાય તેમના ઘેર આહાર લેવા જવું સાધુને ન કલ્પે.
૪ ઘેરથી ઉપાશ્રયમાં આહાર લાવી આપે તેવો આહાર સાધુને ન કલ્પે.
૫ રાત્રિ ભોજન સાધુને ન કલ્પે.
૬ સાધુને સ્નાન ન કલ્પે.
૭ ચંદન વગેરે ગંધોનો ઉપયોગ સાધુને ન કલ્પે.
૮ પુષ્પમાળા પહેરવી સાધુને ન કલ્પે.
૯ વિંજણાથી પવન નાંખવો સાધુને ન કલ્પે.

**સંન્નિહી ગિહિમત્તે ય, રાયપિંડે કિમિચ્છએ ।**
**સંવાહણા દંતપહોયણા ય, સંપુચ્છણ દેહ પલોયણા ય ॥**

૧૦ સંનિધિ—પોતાને કે બીજાને માટે ખાદ્ય, વસ્ત્ર રાત્રે રાખવાં સાધુને ન કલ્પે.

૧૧ ગિહિમત્તે—ગૃહસ્થના પાત્રમાં આહાર લેવો સાધુને ન કલ્પે.

૧૨ રાયપિણ્ડે—રાજાઓનો આહાર-અતિ પૌષ્ટિક આહાર સાધુને ન કલ્પે.

૧૩ કિમિચ્છએ—તમારે શું કલ્પે એમ પૂછીને બનાવેલ આહાર સાધુને ન કલ્પે.

૧૪ સમ્બાહણા—તેલ વગેરેનો માલિસ કરવો સાધુને ન કલ્પે.

૧૫ દંત પહોવણાય—દાતણ કરવું સાધુને ન કલ્પે.

૧૬ સંપુચ્છણા—ગૃહસ્થોના યોગક્ષેમની વાર્તામાં રસ લેવો સાધુને ન કલ્પે.

૧૭ દેહપલોયણા—શરીરના રૂપને જોવા અરિસો વાપરવો સાધુને ન કલ્પે.

**અટ્ઠાવએ ય નાલિએ, છત્તસ ય ધારણટ્ઠાએ ।**
**તેગિચ્છં પાહણાપાએ, સમારંભં ચ જોઇણો ॥ ૪ ॥**

૧૮ અટ્ઠાવએ—આઠ પાસા જુગાર રમવો કે નિમિત્તાદિ કહેવું સાધુને ન કલ્પે.

૧૯ નાલીય-નાલિકા, શેતરંજ વગેરે બીજી રમતો રમવી સાધુને ન કલ્પે.

૨૦ છત્તસ્સ ધારણટ્ઠાએ—છત્રીનો ઉપયોગ કરવો સાધુને ન કલ્પે.

૨૧ તેગેચ્છં—શરીરના રોગની ચિકિત્સા, દવા કરાવવી તે સાધુને ન કલ્પે.

૨૨ પાહણાપાએ—પગમાં પગરખાં વાપરવાં સાધુને ન કલ્પે.

૨૩ સમારંભ ચ જોઇણો—અગ્નિનો આરંભ સમારંભ સાધુને ન કલ્પે.

**સિજ્જાયર પિંડં ચ, આસંદી પલિયંકએ ।**
**ગિહંતર નિસિજ્જાય, ગાયસ્સુવ્વટ્ટણાણિ ય ॥ ૫ ॥**

૨૪ સિજ્જાયરાપિંડં—જે ગૃહસ્થે રહેવા માટે ગૃહ આપ્યું હોય તેનો આહાર લેવો સાધુને ન કલ્પે.

૨૫ આસંદી પલિયંકએ—માંચા કે પલંગ ઉપર બેસવું સાધુને ન કલ્પે.
૨૬ ગિહંતરનિસિજ્જા—ગૃહસ્થોના ઘેર બેસી રહેવું સાધુને ન કલ્પે.
૨૭ ગાયસ્સુવ્વટ્ટણાણિય—શરીરને પીઠી વગેરે લગાડી મેલ ઉતારવો સાધુને ન કલ્પે.

**ગિહિણો વેયાવડિયં, જાયઆજીવવત્તિયા ।**
**તત્તા—નિવ્વુડ ભોઇત્તં, આઉરસ્સરણાણિય ॥ ૬ ॥**

૨૮ ગિહિણો વેયાવડિયં—ગૃહસ્થની સેવા લેવીદેવી સાધુને ન કલ્પે.
૨૯ આજીવવત્તિયા—પોતાનું કુળ કે જાતિનું ઓળખાણ આપી ભિક્ષા લેવી સાધુને ન કલ્પે.
૩૦ તત્તાનિવ્વુડભોઇત્તં—ઉકાળ્યા વિનાનું કે ઓછું ઉકાળેલું પાણી લેવું સાધુને ન કલ્પે.
૩૧ આઉરસ્સરણાણિય—મુસ્કેલીમાં કોઇનું શરણ ઇચ્છી દીનતા કરવી સાધુને ન કલ્પે.

**મૂલએ સિંગબેરે ય, ઉચ્છુખંડે અનિવ્વુડે ।**
**કંદે મૂલે ય સચ્ચિત્તે, ફલે બીએ ય આમએ ॥ ૭ ॥**

૩૨ મૂલએ—મૂળો સાધુને ન કલ્પે, ૩૩ સિંગબેરે—આદુ સાધુને ન કલ્પે, ૩૪ ઉચ્છુખંડે—સચેત શેલડી-કકડા કર્યા સિવાયની આખી શેલડી સાધુને ન કલ્પે, ૩૫ અનિવ્વુડે—સૂરણ વગેરે કંદ સાધુને ન કલ્પે, ૩૬ જડીબુટ્ટી સાધુને ન કલ્પે, ૩૭ ફલે—સજીવ ફળ-જેમકે આમ્ર આખી કેરી સાધુને ન કલ્પે, ૩૮ બીએ—સચિત્ત બીજ ધાન્ય વગેરે લેવાં સાધુને ન કલ્પે.

**સોવચ્ચલે સિંધવેલોણે, રોમાલોણે ય આમએ ।**
**સામુદ્દે પંસુખારે ય, કાલાલોણે ય આમએ ॥ ૮ ॥**

૩૯ સોવચ્ચલે—ખાણનું સંચળ સાધુને ન કલ્પે, ૪૦ સિંધવે-

સિંધાલુણ સાધુને ન કલ્પે, ૪૧ લોણે—કાચું મીઠું સાધુને ન કલ્પે, ૪૨ રોમાલોણે આમએ—રોમક ખાર સાધુને ન કલ્પે, ૪૩ સામુદ્દે —સમુદ્રનું મીઠું, ૪૪ પંસુખારે—પાંશુ લૂણ, ૪૫ કાલા લોણે—કાચું મીઠું સાધુને ન કલ્પે-લેવાય નહિ.

**ધુવણે ત્તિ વમણે ય, વત્થિકમ્મ વિરેયણે ।**
**અંજણે દંતવણે ય, ગાયબ્ભંગ વિભૂસણે ॥ ૯ ॥**

૪૬ ધૂવણે—ધુપથી વસ્ત્રાદિક સુગંધિત કરવા સાધુને ન કલ્પે.
૪૭ વમણે—વમન-ઔષધદ્વારા ઉલટી કરવી સાધુને ન કલ્પે.
૪૮ વત્થી કમ્મ—વિરેચન કરવા બસ્તી લેવી સાધુને ન કલ્પે
૪૯ વિરેયણે—વિરેચનની દવા લેવી સાધુને ન કલ્પે.
૫૦ અંજણે—આંખમાં સુરમો મેંશ વગેરે આંજવું સાધુને ન કલ્પે.
૫૧ દંતવણે—દાંત રંગવા સાધુને ન કલ્પે.
૫૨ ગાયબ્ભંગ વિભૂસણે—શરીરને શોભાવવા વિભૂષા કરવી સાધુને ન કલ્પે.

**સવ્વ-મેય-મણાઇન્નં, નિગ્ગંથાણં મહેસિણં ।**
**સંજમંમિ ય જુત્તાણં, લહુભૂય વિહારિણં ॥ ૧૦ ॥**

નિર્ગ્રંથ મહર્ષિઓએ, સત્તર પ્રકારના સંયમ અને બાર પ્રકારનાં તપમાં જોડાયેલા અને પરિગ્રહના ભારથી વિમુક્ત થઇને અપ્રતિબદ્ધ થઇને વિચરનારા સાધુ પુરૂષોને ઉપરના બાવન પ્રકારના અનાચાર આચરવા યોગ્ય નથી. ૧૦

**પંચાસવ પરિન્નાયા, તિગુત્તા છસુ સંજયા ।**
**પંચ નિગ્ગહણા ધીરા, નિગ્ગંથા ઉજ્જુદંસિણો ॥૧૧॥**

હિંસાદિક પાંચ આશ્રવોને સારી રીતે જાણી, મન વચન કાયાને ગોપવી. છકાયના જીવોની રક્ષા કરનાર નિગ્રંથ મુનિઓ સરળ દૃષ્ટિવાળા અને ધીરજવાળા હોય છે. ૧૧

**આયાવયંતિ ગિમ્હેસુ, હેમંતેસુ અવાઉડા ।**
**વાસાસુ પડિસંલીણા, સંજયા સુસમાહિયા ॥ ૧૨ ॥**

પૂર્ણ સમાધિવાળા સંયમી પુરૂષો ઉનાળામાં આતાપના લે છે, શિયાળામાં ખુલ્લા શરીરે અને વર્ષા ઋતુમાં અંગોપાંગ ગોપવી શાંતિથી તપ સેવે છે. ૧૨

**પરીસહ રિઉ દંતા, ધુયમોહા જિઈંદિયા ।**
**સવ્વ દુક્ખ પહીણટ્ઠા, પક્કમંતિ મહેસિણો ॥ ૧૩ ॥**

સંસારના સર્વ દુઃખોનો વિશેષ પ્રકારે ક્ષય કરવા માટે મહર્ષિઓ બાવિસ પરિસહરૂપી શત્રુને દમન કરનારા, મોહને દૂર કરનારા અને ઈંદ્રિયોના વિષયને જીતનારા હોય છે. ૧૩

**દુક્કરાઈં કરિત્તાણં, દુસ્સહાઈં સહિ-તુ ય ।**
**કેઇત્થ દેવલોએસુ, કેઈ સિજ્ઝંત્તિ નીરયા ॥ ૧૪ ॥**

દુઃખે કરીને સિદ્ધ થઈ શકે તેવા તપો કરીને તેમજ દુઃખે કરીને સહન થઈ શકે તેવા દુઃખો સહન કરીને કેટલાક ભવ્યાત્માઓ દેવલોકમાં જન્મે છે અને કેટલાક આત્માઓ કર્મ રજથી વિમુક્ત થઈ સિદ્ધ-બુદ્ધ-મુક્ત થાય છે. ૧૪

**ખવિત્તા પુવ્વ કમ્માઇં, સંજમેણ તવેણ ય ।**
**સિદ્ધિમગ્ગ-મણુપત્તા, તાઇણો પરિણિવ્વુડા ॥ ૧૫ ॥**

દેવલોકમાં ઉત્પન્ન થયેલા સંયમી પુરૂષો અને છ જીવ રક્ષક પુરૂષો મનુષ્યમાં જન્મીને સંયમ અને તપ સેવીને નિર્વાણ માર્ગને પામે છે. ૧૫ **॥ ત્તિ બેમિ ॥** એમ હું કહું છું.

**॥ ઇતિ ખુડ્ડયાયાર કહા ॥**

卐

# છજ્જીવણિયા અજ્ઝયણં

( ચોથું અધ્યયન )

છ પ્રકારના જીવનું સ્વરૂપ:—

**સુયં મે આઉસંતેણં ભગવયા એવમક્ખાયં ઇહ ખલુ છજ્જીવણિયા નામજ્ઝયણં સમણેણં ભગવયા મહાવીરેણ કાસવેણં પવેઇયા સુઅક્ખાયા સુપન્નત્તા સેયં મે અહિજ્જિજઉં અજ્ઝયણં ધમ્મ પન્નત્તી ।**

**કયરા ખલુસા છજ્જીવણિયા નામજ્ઝયણં ભગવયા સમણેણં મહાવીરેણં કાસવેણં પવેઇયા સુઅકખાયા સુપન્નત્તા સેયં મે અહિજ્જિજઉં અજ્ઝયણં ધમ્મપણ્ણત્તી ।**

હે આયુષ્માન જંબુ! મેં સાંભળ્યું છે કે, **છ જીવ નિકાય** નામનું અધ્યયન કાશ્યપ ગોત્રમાં જન્મેલા શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું છે. ખરેખર પ્રભુએ આ લોકમાં આ અધ્યયનની પ્રરુપણા કરી છે, તેનો સુંદર બોધ કર્યો છે. આ અધ્યયનનો અભ્યાસ કરવાથી મારું શું શ્રેય થાય? આ અધ્યયનના અભ્યાસથી કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીર કહે છે કે તેથી ધર્મનો બોધ થાય છે અને આત્મ જ્ઞાન થાય છે. ૧

**ઇમા ખલુ સા છજ્જીવણિયા નામજ્ઝયણં સમણેણં ભગવયા મહાવીરેણં કાસવેણં પવેઇયા સુઅકખાયા સુપન્નત્તા સેયં મે અહિજ્જિજઉં અજ્ઝયણં ધમ્મપન્નતી । તંજહા પુઢવિકાઇયા, આઉકાઇયા, તેઉકાઇયા, વાઉકાઇયા, વણસ્સઇ કાઇયા, તસકાઇયા ।**

ખરેખર તે આ છ જીવ નામનું અધ્યયન કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું છે, પ્રરૂપ્યું અને જાહેર કર્યું છે. આ અધ્યયન શીખવાથી શ્રેય અને ધર્મબોધ પણ થશે. છકાય જીવના નામો નીચે પ્રમાણે છે. પૃથ્વીકાય સંબંધીના જીવો, જળકાય સંબંધીના જીવો, અગ્નિકાય સંબંધીના જીવો, વનસ્પતિકાયના જીવો અને ત્રસકાયનાં જીવો. ૨

**પુઢવી ચિત્તમંતમક્ખાયા અણેગજીવા પુઢોસત્તા અન્નત્થ સત્થપરિણએણં, આઉ ચિત્તામન્તમક્ખાયા અણેગ જીવા પુઢો સત્તા અન્નત્થ સત્થ પરિણએણં, તેઉ ચિત્તામન્તમક્ખાયા અણેગ જીવા પુઢો સત્તા અન્નત્થ સત્થ પરિણએણં, વાઉ ચિત્તમન્તમક્ખાયા અણેગ જીવા પુઢો સત્તા અન્નત્થ સત્થ પરિણએણં, વણસ્સઇ ચિત્ત-મન્તમક્ખાયા અણેગ જીવા પુઢો સત્તા અન્નત્થ સત્થ પરિણએણં ।**

૧ પૃથ્વીકાયમાં જુદા જુદા અનેક જીવો હોય છે. પૃથ્વીકાયના ટુકડામાં પણ ઘણા જીવો છે. પૃથ્વીને પૃથ્વી સિવાય બીજું શસ્ત્ર લાગે નહિ ત્યાં સુધી પૃથ્વી સચેત કહેવાય છે.

૨ એક જલ બિંદુમાં અસંખ્યાતા જીવો જુદા જુદા હોય છે. તેને જલ સિવાય બીજું શસ્ત્ર લાગે નહિ ત્યાં સુધી તે સચિત્ત રહે છે અને જયારે બીજું શસ્ત્ર લાગે છે ત્યારે તે જીવોનો નાશ થાય છે.

૩ એક અગ્નિના તણખામાં જુદા જુદા અસંખ્યાત અગ્નિના જીવો હોય છે બીજું શસ્ત્ર સ્પર્શે નહિ ત્યાં સુધી તે સચેત કહેવાય છે અને શસ્ત્ર પરિણમન પછી તે સજીવ મટી અજીવ થાય છે.

૪ વાયુકાયમાં પણ જુદા જુદા અનેક જીવો છે અને તેને બીજું શસ્ત્ર સ્પર્શે નહિ ત્યાં સુધી તે સચિત્ત છે અને શસ્ત્ર સ્પર્શ પછી તે અચેત થાય છે.

૫ વનસ્પતિકાયમાં પણ જુદાજુદા શરીરોમાં સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા જીવો છે. તેથી વનસ્પતિને જ્યાં સુધી બીજા શસ્ત્રનો યોગ ન થાય ત્યાં સુધી તે સચેત કહેવાય છે. ૩

**તંજહા અગ્ગબીયા, મૂલબીયા, પોરબીયા, ખંધબીયા, બીયરુહા, સંમુચ્છિમા, તણલયા, વણસ્સઇકાઇયા, સ બીયા, ચિ-તમંતમક્ખાયા અણેગ જીવા પુઢો સ-તા અન્નત્થ સત્થ પરિણએણં ।**

વનસ્પતિકાયના ભેદો નીચે પ્રમાણે છે:—

૧ અગ્રબીજા—જેની ટોચ ઉપર બીજ છે તેવા-કોરંટાદિ વૃક્ષ.
૨ મૂલબીજા—જેના મૂલમાં બીજ છે તે ઉત્પલ કંદાદિ.
૩ પોરબીયા—જેના પર્વ કાતળીઓમાં બીજ છે તેવા શેરડી વગેરે.
૪ ખંધબીયા—જેના સ્કંધમાં બીજ છે તે વડ, પીપળો વગેરે.
૫ બીજરુહા—જેના બીજમાં બીજ રહે તે ધાન્ય.
૬ સંમુચ્છિમ—જે પોતાની મેળે ઉગે તે, અંકુરાઓ.
૭ તણ—તૃણ, ઘાસ વગેરે.
૮ લયા—વેલો.

આ વનસ્પતિમાં અનેક જીવો છે અને જ્યાં સુધી તેને બીજા સ્પર્શનો યોગ ન થાય ત્યાં સુધી તે સચેત કહેવાય છે. ૪

**સે જે પુણ ઇમે અણેગે બહવે તસા પાણા તંજહા । અંડયા પોયયા જરાઉયા રસયા સંસેઇમા સમ્મુચ્છિમા, ઉબ્ભિયા, ઉવવાઇયા ।**

હવે ત્રસકાયના જીવોના ભેદ કહે છેઃ—બે ઈંદ્રિય ત્રસ જીવોના ઘણા ભેદો છે તે નીચે પ્રમાણે છેઃ—

૧ અંડજ—ઈંડાથી ઉપજતા તે પક્ષી, ૨ પોતજ—ચામડાંથી વિંટાયેલા જન્મે તે હાથી, ૩ જરાયુજ—ઓરથી વિંટાયેલા જન્મે તે ગાય, ભેંસ, મેંઢા, બકરા, ૪ રસજ—બગડી ગયેલ રસમાં જન્મે તે બેઇંદ્રિય કૃમિ વગેરે, ૫ સ્વેદજ—પ્રસેદમાં ઉપજે તે જૂ, માંકડ વગેરે, ૬ સમ્મુચ્છિમ—માતા પિતાના સંયોગ વિના જન્મે તે માખી, કીડી, દેડકાં વગેરે, ૭ ઉબ્ભિયા—જમીન ફાડીને નીકળે તે તીડ, પતંગ વગેરે, ૮ ઉવવાઇયા—ગર્ભ વિનાના સ્થાનમાં ઉપજે તે દેવ તથા નારકીના જીવો.

**જેસિં કેસિંચ પાણાણં અભિક્કન્તં પડિક્કન્તં સંકુચિયં પસારિયં રુયં ભન્તં તસિયં પલાઇયં આગઇ ગઇ વિન્નાયા, જે ય કીડ પયંગા જા ય કુન્થુ પિપીલિયા સવ્વે બેઇન્દિયા સવ્વે તેઇન્દિયા સવ્વે ચઉરિન્દિયા સવ્વે પંચિન્દિયા સવ્વે તિરિક્ખ જોણિયા સવ્વે નેરઇયા સવ્વે મણુઆ સવ્વે દેવા સવ્વે પાણા પરમાહમ્મિયા એસો ખલુ છટ્ઠો જીવ નિકાઓ તસકાઓ ત્તિ પવુચ્ચઇ।**

જે કોઇ પ્રાણીઓનું પાસે આવવું, પાછા ફરવું, સંકોચાવવું, વિસ્તૃત થવું, શબ્દોચ્ચાર કરવો. ભય, ત્રાસ પામવો, પલાયન થવું, આવવું-જવું ઈ. ક્રિયાઓવાળા ત્રસ જીવો જાણવા. તે નીચે પ્રમાણેઃ—કીટ, પતંગિયા, કુંથુવા, કીડીઓ વગેરે બેઇંદ્રિય, ત્રણ ઇંદ્રિય, ચાર ઇંદ્રિય, પાંચ ઇંદ્રિય સંપન્ન જીવો, બધા તિર્યંચો, બધા નારકી, બધા માનવો અને બધા દેવો; આ બધા જીવો પરમ સુખના અભિલાષી છે અને દુઃખના દ્વેષી છે. આ બધા જીવોનો આ છઠ્ઠો જીવનિકાય તે ત્રસકાયના નામે ઓળખાય છે. ૬

**ઇચ્ચેસિં છણ્હં જીવનિકાયાણં નેવ સયં દંડં સમારમ્ભિજ્જા, નેવન્નેહિં દંડં સમારમ્ભાવિજ્જા, દંડં સમારમ્ભન્તે વિ અન્ને ન સમણુજાણેજ્જા જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરન્તં પિ અન્નં ન સમણુજાણામિ, તસ્સ ભન્તે પડિક્કમામિ નિન્દામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ ।**

આ છએ પ્રકારના જીવો પૈકી કોઈપણ જીવને સ્વયં-પોતે મારવાનો કે દુઃખ આપવાનો દંડ કરવો નહિ. બીજા પાસે મરાવવા નહિ તેમજ જે કોઇ બીજા માણસો દંડ-હિંસા કરતાં હોય તેને પ્રેરણા આપવી નહિ. આ પ્રતિજ્ઞા ગુરુજી ઉચ્ચારે છે ત્યારે શિષ્ય કહે છે કે, હે ભગવાન ! હું આ છકાય જીવ હિંસા જીવું ત્યાં સુધી મન, વચન, કાયાથી કરીશ, કરાવીશ કે અનુમોદીશ નહિ. મેં પૂર્વે જે કંઇ પાપ કર્મ કર્યાં હોય તે પાપને હું નિંદુ છું, આપની સાક્ષીએ ધિક્કારું છું અને એવા પાપકારી કર્મથી મારા આત્માને વિમુક્ત કરું છું. ૭

**પઢમે ભંતે । મહવ્વએ પાણાઇવાયાઓ વેરમણં સવ્વં ભન્તે ! પાણાઇવાયં પચ્ચક્ખામિ । સે સુહુમં વા, બાયરં વા, તસં વા, થાવરં વા, નેવ સયં પાણે અઇવાઇજ્જા, નેવડન્નેહિં પાણે અઇવાયાવિજ્જા, પાણે અઇવાયંતેડવિ અન્ને ન સમણુજાણામિ જાણામિ જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ । પઢમે ભંતે !**

**મહવ્વએ ઉવટ્ઠિઓમિ સવ્વાઓ પાણાઇ વાયાઓ વેરમણં ।**

સાધુઓનાં પાંચ મહાવ્રતો હે ભગવાન ! પહેલા મહાવ્રતમાં જીવોને મારવાથી પાછો હઠું છું. હે ભગવાન ! હું જીવોને મારવાનાં સર્વથા પચ્ચક્ખાણ કરૂં છું. સૂક્ષ્મ અને મોટા જીવો, ત્રસ અને સ્થાવર જીવોને હું પોતે મારીશ નહિ, બીજા પાસે મરાવીશ નહિ અને બીજો મારતો હોય તેને સારું જાણીશ નહિ. જ્યાં સુધી આ દેહમાં આત્મા છે ત્યાં સુધી હું મન, વચન અને કાયાએ કરી હું જીવને હણું નહિ, હણાવું નહિ અને હણતાને અનુમોદું નહિ. મેં પૂર્વે જે કોઈ જીવો હણ્યા હોય તે પાપને હું નિંદું છું. આપની સાક્ષીએ ધિક્કારૂં છું અને એવા પાપકારી કર્મથી મારા આત્માને વિમુક્ત કરૂં છું.

હે ભગવાન ! હું મારા આત્માને પહેલા અહિંસા મહાવ્રતમાં સ્થાપું છું અને સર્વ જીવ હિંસાથી હું વિરમું છું. ૧

**અહાવરે દુચ્ચે ભન્તે મહવ્વએ મુસાવાયાઓ વેરમણં । સવ્વં ભન્તે ! મુસાવાયં પચ્ચક્ખામિ । સે કોહા વા, લોહા વા, ભયા વા, હાસા વા, નેવ સયં મુસં વઇજ્જા, નેવડનેહિં મુસં વાયાવિજ્જા, મુસં વયન્તે વિ અન્ને ન સમણુજાણામિ જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરન્તં પિ અન્નં ન સમણુજાણામિ, તસ્સ ભન્તે પડિક્કમામિ નિન્દામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ; દુચ્ચે ભન્તે મહવ્વએ ઉવટ્ઠિઓમિ સવ્વાઓ મુસાવાયાઓ વેરમણં ।**

હે ભગવાન્! બીજા મહાવ્રતમાં મૃષા—અસત્ય બોલવાનો હું ત્યાગ કરું છું. હું જીવું ત્યાં સુધી મન, વાણી અને કાયાથી ક્રોધ, લોભ, ભય અને હાસ્યથી જૂઠું બોલીશ નહિ અને બીજો અસત્ય બોલે તેને બોલાવીશ નહિ અને બીજાને બોલાવવામાં મદદ કરીશ નહિ. આપની સાક્ષીએ ધિક્કારું છું. હે ભગવાન! કદાચ હું પૂર્વે અસત્ય બોલ્યો હોઉં તો તે પાપથી પાછો હઠું છું, તે પાપને આત્મ સાક્ષીએ નિંદું છું અને મારા આત્માને અસત્યમાંથી પાછો હઠાવું છું. હે ભગવાન! હું મારા આત્માને સત્યમાં સ્થાપું છું અને સર્વ અસત્યમાંથી વિરમું છું. ૮

**અહાવરે તચ્ચે ભન્તે! મહવ્વએ અદિન્નાદાણાઓ વેરમણં। સવ્વં ભન્તે અદિન્નાદાણં પચ્ચક્ખામિ, સે ગામે વા, નગરે વા, રણ્ણે વા, અપ્પં વા, બહું વા, અણું વા, થુલં વા, ચિત્તમન્તં વા, અચિત્તમન્તં વા, નેવ સયં અદિન્નં ગિણ્હિજ્જા, નેવડન્નેહિં અદિન્નં ગિણ્હાવિજ્જા, અદિન્નં ગિણ્હન્તે વિ અન્ને ન સમણુજાણામિ; જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ તસ્સ ભન્તે પડિક્કમામિ નિન્દામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ।**

હે પ્રભો! હું ત્રીજા મહાવ્રતમાં સર્વથા ચોરી કરવાનો ત્યાગ કરું છું. હે ભગવાન! હું ચોરીનો સર્વથા પચ્ચકખાણ કરૂં છું. હું ગામમાં હોઉં કે નગરમાં કે જંગલમાં હોઉં અલ્પ કિંમતવાળી હોય કે વધુ મૂલ્યવાળી હોય, સચિત્ત કે અચિત્ત. કોઇપણ વસ્તુ તેના માલિકની રજા વિના લઇશ નહિ. અન્ય પાસે લેવરાવીશ નહિ કે લેનારને રૂડું જાણીશ નહિ પૂર્વે ચોરી કરી હોય તેથી નિવર્તું છું. આત્મ સાક્ષીએ નિંદું

છું. આપની સમક્ષ ધિક્કારૂં છું. ચોરી રૂપ વૃત્તિનો આત્મ સાક્ષીએ ત્યાગ કરૂં છું અને અસ્તેયરૂપ આત્મામાં હું સ્થિર થાઉં છું. અને સર્વ ચોરીથી વિરમુ છુ. ૯

**અહાવરે ચઉત્થે ભન્તે ! મહવ્વએ મેહુણાઓ વેરમણં સવ્વં ભન્તે મેહુણં પચ્ચક્ખામિ સે દિવ્વં વા, માણુસં વા, તિરિક્ખજોણિયં વા, નેવ સયં મેહુણં સેવિજ્જા, નેવન્નેહિં મેહુણં સેવાવિજ્જા, મેહુણં સેવન્તે વિ અન્ને ન સમણુજાણામિ । જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ । તસ્સ ભન્તે પડિક્કમામિ નિન્દામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ । ચઉત્થે ભન્તે મહવ્વએ ઉવટ્ઠિઓમિ સવ્વાઓ મેહુણાઓ વેરમણં ।**

હે ભગવાન ! હું ચોથા બ્રહ્મચર્ય મહાવ્રતમાં મૈથુન (વિષયભોગ)નો ત્યાગ સર્વ પ્રકારે દેવ, મનુષ્ય, તિર્યંચ સંબંધીનો ત્યાગ કરૂં છું. હું ઉક્ત મૈથુન સેવીશ નહિ, સેવરાવીશ નહિ અને કોઇ સેવતા હોય તેમાં રસ લઇશ નહિ. આ વ્રત હું યાવજ્જીવ માટે લઉં છું અને મન, વચન અને કાયાના યોગે લઉં છું. મેં પૂર્વ જીવનમાં અબ્રહ્મચર્ય સેવ્યું હોય તો તેથી નિવર્તું છું. આત્માની તથા બીજાની સાક્ષીએ નિંદું છું, ગર્હું છું, અશુદ્ધ અધ્યવસાયથી પાછો ફરૂં છું. હે ભગવાન ! હું ચોથા બ્રહ્મચર્ય વ્રતમાં સ્થિર થાઉં છું અને સર્વ મૈથુનથી વિરમું છું. ૧૦

**અહાવરે પંચમે ભન્તે મહવ્વએ પરિગ્ગહાઓ વેરમણં । સવ્વં ભન્તે પરિગ્ગહં પંચક્ખામિ, સે અપ્પં વા બહું વા અણું વા થુલં વા ચિત્તમન્તં વા અચિત્ત-**

**મન્તં વા નેવ સયં પરિગ્ગહં પરિગિણ્હજ્જા, નેવન્નેહિં પરિગ્ગહં પરિગિણ્હાવેજ્જા, પરિગ્ગહં પરિગિણ્હન્તે વિ અન્ને ન સમણુજાણિજ્જા, જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરન્તં પિ અન્નં ન સમણુજાણામિ, તસ્સ ભન્તે પડિક્કમામિ નિન્દામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ; પંચમે ભન્તે મહવ્વએ ઉવટ્ઠિઓમિ સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં ।**

હે ભગવાન! હું પાંચમા મહાવ્રત અપરિગ્રહ વ્રત–સર્વથા પરિગ્રહનો ત્યાગ કરૂં છું. આ પરિગ્રહ કીંમતી હોય કે અકીંમતી હોય, અલ્પ હોય કે વધુ હોય, સજીવ હોય કે નિર્જિવ હોય તો તેનો હું સ્વયં ત્યાગ કરીશ, કરાવીશ કે ગ્રહણ કરવાવાળાને રૂડું જાણીશ નહિ, હું જીવું ત્યાં સુધી મન, વચન અને કાયાને યોગે પરિગ્રહ રાખીશ નહિ, રખાવીશ નહિ અને રાખનારને અનુમોદીશ નહિ. પૂર્વાશ્રમમાં પરિગ્રહ રાખ્યો હોય તેનાથી મુક્ત થાઉં છું. આત્મ સાક્ષીએ નિંદું છું, પર સાક્ષીએ ગર્હું છું. પરિગ્રહના અધ્યવસાયથી મુક્ત થાઉં છું. સર્વ પ્રકારે સંગ્રહને છોડીને પાંચમા મહા વ્રત અપરિગ્રહ વ્રતમાં લીન થાઉં છું. ૧૧

**અહાવરે છટ્ઠે ભન્તે । વએ રાઈભોયણાઓ વેરમણં । સવ્વં ભન્તે । રાઈભોયણં પચ્ચક્ખામિ । સે અસણં વા, પાણં વા, ખાઇમં વા, સાઇમં વા, નેવ સયં રાઈ ભુંજિજ્જા, નેવન્નેહિં રાઇં ભુંજાવિજ્જા, રાઇં ભુંજન્તે વિ અન્ને ન સમણુજાણામિ, જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરન્તં પિ અન્નં ન સમણુજાણામિ, તસ્સ**

**ભન્તે પડિક્કમામિ નિન્દામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ । છટ્ઠે ભંતે વએ ઉવટ્ઠિઓ મિ સવ્વાઓ રાઈભોયણાઓ વેરમણં । છટ્ઠાઈ અત્તહિયટ્ઠિયાએ ઉવસંપજ્જિત્તાણં વિહરામિ ।**

હે ભગવાન ! હું સર્વ પ્રકારે નિશા ભોજન ત્યાગું છું. ભોજનનો અશન, પાણી, ખાદિમ—મીઠાઈ, દૂધ, ફળફળાદિ, સાદિમ—મુખવાસનો ત્યાગ કરૂં છું. આ ચાર જાતના ભોજન હું પોતે રાત્રે ખાઈશ નહિ, બીજાને ખવરાવીશ નહિ અને કોઈ ખાતો હોય તો તેમાં હું રસ લઈશ નહિ. મેં પૂર્વાશ્રમમાં રાત્રી ભોજન કર્યું હોય તો તેનાથી મુક્ત થાઉં છું. આત્મ સાક્ષીએ અને બીજાની સાક્ષીએ નિંદુ છું, ગહુઁ છું અને મનના પરિણામને ત્યાગું છું. આમ સર્વ પ્રકારે નિશા ભોજન ત્યાગીને હું છઠ્ઠા રાત્રી ભોજન વિરમણ વ્રતમાં સ્થિર થાઉં છું. આ હું આ પાંચ મહાવ્રતો અને છઠ્ઠું રાત્રી ભોજન વિરમણ આત્માના હિતને માટે સ્વીકારૂં છું અને વિચરૂં છું. ૧૧

## પૃથ્વીકાય આરંભ નિષેધ અને યતના

**સે ભિક્ખૂ વા ભિક્ખુણી વા સંજય વિરય પડિહય પચ્ચખાય પાવકમ્મે દિયા વા, રાઓ વા, એગઓ વા, પરિસાગઓ વા, સુત્તેવા, જાગરમાણે વા, સે પુઢવિં વા, ભિત્તિં વા, સિલં વા, લેલું વા, સસરક્ખં વા, કાય સસરક્ખં વા, વત્થં હત્થેણ વા, પાએણ વા, કટ્ઠેણ વા, કિલિંચેણ વા, અંગુલિયાએ વા, સિલાગએ વા, સિલાગહત્થેણ વા, ન આલિહિજ્જા, ન વિલિહિજ્જા, ન ઘટ્ટિજ્જા, ન ભિંદિજ્જા, અન્નં ન આલિહાવિજ્જા, ન વિલિહાવિજ્જા, ન ઘટ્ટાવિજ્જા, ન ભિંદાવિ-**

**જ્જા, અન્નં આલિહંતં વા, વિલિહંતં વા, ઘટ્ટં તં વા, ભિંદંતં વા, ન સમણુજાણિજ્જા, જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ ।**

સંયમી. તપસ્વી અને વ્રતી ભિક્ષુ ભિક્ષુણીએ દિવસે અથવા રાત્રિએ એકલા કે સભામાં, સુતાં કે જાગતાં, સજીવ માટી, નદી કિનારાની ભેખડ. મોટા સચિત્ત પથરા. નાનાં પત્થરના કકડા, ઉડેલી સચિત્ત માટીવાળું શરીર અને સચિત્ત ધુળવાળાં વસ્ત્રપાત્રાદિ તેઓને પણ પોતાના હાથે કરીને અથવા પગે કરીને, લાકડા વડે કે ખીલા વડે, આંગળીએ કરીને કે લોઢાની સળીએ કરીને કે સળીઓ વડે તે સચિત્ત માટીને જાતે ખોદવી કે ખોદાવવી નહિ. એક જગ્યાએથી બીજી જગ્યાએ નાંખવી નહિ, ભેદવી નહિ, વારંવાર ઉખડાવવી નહિ, એક ઠેકાણેથી બીજે ઠેકાણે નંખાવવી નહિ. ભેદાવવી નહિ તેમજ બીજાને અનુમોદન આપવું નહિ. આજીવન મનસા વાચા કર્મણા કરવું, કરાવવું કે અનુમોદવું નહિ તેમજ જો કદાચ વિપરિત વર્તાયું હોય તો તેનાથી પાછું હઠવું. પોતાના આત્માની સાક્ષીએ નિંદવું, ગુરુની સાક્ષીએ ધિક્કાર કરવો અને એવા વિચારોથી પોતાના આત્માને વોસરાવવો. ૧૨

## જલકાય આરંભ નિષેધ
## અને યતના

**સે ભિક્ખૂ વા ભિક્ખુણી વા સંજય વિરય પડિહય પચ્ચક્ખાય પાવકમ્મે દિઆ વા રાઓ વા, એગઓ વા, પરિસાગઓ વા, સુત્તે વા, જાગરમાણે વા, સે ઉદગં વા, ઓસં વા, હિમં વા, મહિયં વા,**

**કરગં વા, હરિતગુણં વા, સુદ્ધોદગં વા, ઉદઉલ્લં વા, કાયં ઉદઉલ્લં વાં, વત્થં સસિણિદ્ધં વા, કાયં સસિણિદ્ધં વા, વત્થં ન આમુસિજ્જા, ન સંફુસિજ્જા, ન યાવિલિજ્જા, ન પવીલેજ્જા, ન અકખોડિજ્જા, ન પક્ખોડિજ્જા, ન આયાવિજ્જા, ન પયાવિજ્જા, અન્નં ન આમુસાવિજ્જા, ન સંફુસાવિજ્જા, ન આવીલાવિજ્જા, ન પવીલાવિજ્જા, ન અક્ખોડાવિજ્જા, ન પક્ખોડાવિજ્જા, ન આયાવિજ્જા, ન પયાવિજ્જા, અન્નં આમુસંતં વા, સંફુસંતં વા, આવિલંબં વા, પવીલંતં વા, અક્ખોડંતં વા, પક્ખોડંતં વા, આવાવંતં વા, પયાવંતં વા, ન સમણુજાણિજ્જા, જાવજ્જીવાએ, તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ, ન કારવેમિ, કરંતં પિ અન્નં ન સમણુજાણામિ તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ ।**

સંયમી પુરુષ, તપસ્યામાં તત્પર, પચ્ચખાણ કરીને પાપ કર્મથી બચનાર, એવા ભિક્ષુ ભિક્ષુણીઓએ દિવસે અગર રાત્રે, એકાંતમાં કે સભામાં, સુતાં કે જાગતાં, જમીનમાંથી નીકળેલું પાણી, ઓસનું પાણી, હિમનું પાણી, ધુવટનું પાણી, કરાનું પાણી, તૃણના છેડે રહેલું પાણી, વર્ષાદનું પાણી, પાણીથી ભીનું શરીર, પાણીથી પલળેલું કાપડ, તે પ્રતિ થોડું અગર વધુ, એક વખત અગર વધુ વખત સ્પર્શવું નહિ, ઓછી કે વધુ તેને પીડા કરવી નહિ, તેને થોડી અગર વધુ વખત પછાડવું નહિ, નીચોવવું નહિ, થોડું કે વધુ તપાસવું નહિ, આવી રીતે બીજા પાસે કરાવવું નહિ તેમજ જો બીજો કોઇ એવું કરતો હોય તો તેને અનુમોદવું નહિ અથવા આજીવન ત્રિવિધે-ત્રિવિધે કરવું નહિ. ૧૩

## અગ્નિકાય આરંભ નિષેધ
## અને યતના

**સે ભિક્ખૂ વા, ભિક્ખૂણી વા, સંજય વિરય પડિહય પચ્ચક્ખાયા, પાવકમ્મે, દિઆ વા, રાઓ વા, એગઓ વા, પરિસાગઓ વા. સુત્તે વા, જાગરમાણે વા, સે અગણિં વા, ઇંગાલં વા, મુમ્મુરં વા, અચ્ચિં વા, જાલં વા, અલાયં વા, સુદ્ધાગણિં વા, ઉક્કં વા, ન ઉંજિજ્જા, ન ઘટ્ટિજ્જા, ન ભિંદિજ્જા, ન ઉજ્જાલિજ્જા, ન નિવ્વાલિજ્જા, અન્નં ન ઉંજાવિજ્જા, ન ઘટ્ટાવિજ્જા, ન ભિંદાવિજ્જા, ન ઉજ્જાલાવિજ્જા, ન પજ્જાલાવિજ્જા, ન નિવ્વાવિજ્જા, અન્નં ઉંજન્તં વા ઘટ્ટંતં વા, ભિંદંતં વા, ઉજ્જાલંતં વા, પજ્જાલંતં વા, નિવ્વાવંતં વા, ન સમણુજાણિજ્જા, જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ । તસ્સ ભન્તે ! પડિક્કમામિ નિન્દામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ ।**

સંયમી પુરુષ તપસ્યામાં લીન અને પચ્ચક્ખાણ યુક્ત સાધુ-સાધ્વી તપાવેલા લોઢાનો અગ્નિ, ભરસાડનો અગ્નિ, અગ્નિના તણખા, મૂળ અગ્નિથી વિખૂટી પડેલ અગ્નિ, મૂળ અગ્નિ સાથેની અગ્નિ, ઉંબાડીયાનો અગ્નિ અંગારા ઉલ્કાપાતનો અગ્નિ વગેરે બધી જાતના અગ્નિમાં ઈંધણાં વગેરે નાંખવા નહિ. અગ્નિને સંકોરવો નહિ, ધૂળ વગેરેથી ઢાંકવો નહિ પવન નાંખવો નહિ, પાણીથી બુઝાવવો નહિ, આમ પોતે કરવું નહિ. બીજા પાસે કરાવવું નહિ કે કરતાને ભલો જાણવો નહિ. આમ આજીવન ત્રિવિધે-ત્રિવિધે કરવું, કરાવવું કે અનુમોદવું નહિ. ૧૪

સે ભિક્ખૂ વા, ભિક્ખૂણી વા, સંજય વિરય પડિહય પચ્ચક્ખાય પાવકમ્મે દિઆ વા, રાઓ વા, એગઓ વા, પરિસાગઓ વા, સુત્તે વા, જાગરમાણે વા, સે સિએણ વા, વિહુયણેણ વા. તાલિયંટેણ વા, પત્તેણ વા, પત્તભંગેણ વા, સાહાએ વા, સાહાભંગેણ વા, પિહુણેણ વા, પિહુણહત્થેણ વા, ચેલેણ વા, ચેલકણ્ણેણ વા, હત્થેણ વા, મુહેણ વા, અપ્પણો વા, કાયં બાહિરં વા, વિ પુગ્ગલં ન ફુમેજ્જા, ન વીએજ્જા, અન્નં ન ફુમાવેજ્જા ન વીયાવેજ્જા, અન્નં ફુમંતં વા, વીયંતં વા, ન સમણુજાણેજ્જા, જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ, તસ્સ ભંતે પડિક્કમામિ નિન્દામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ ।

તે સંયમી સાધુ કે સાધ્વી સંયમમાં લીન, પાપથી બચવા, પ્રત્યાખ્યાન યુક્ત, દિવસે અથવા રાત્રે, એકલો કે સભામાં, સુતાં કે જાગતાં, ચામર વડે કે વિંજણા વડે, તાલપત્ર વડે કે પાંદડા વડે, પાંદડાના ટુકડા વડે, શાખા કે શાખાના ટુકડા વડે, મોર પીંછી વડે, કે મોર પીંછીની પુંજણી વડે, વસ્ત્ર વડે કે વસ્ત્રના છેડા વડે, હાથ વડે કે મ્હોં વડે પોતાના શરીરને, અથવા કોઈ બહારની વસ્તુને ફુંકે નહિ, પવન નાંખે નહિ, બીજા પાસે ફુંકાવે નહિ કે પવન નંખાવે નહિ, બીજા ફુકે કે પવન નાંખે તો અનુમોદે નહિ. આ પ્રમાણે તે યાવજ્જીવ ત્રિવિધ ત્રિવિધે મન, વચન કાયાએ કરે, કરાવે કે કરતાને અનુમોદે નહિ અને પૂર્વાવસ્થામાં વિપરીત થયું હોય તો તેને નિંદે, ગર્હે અને આત્મા સાક્ષીએ દૂર કરે. ૧૫

સે ભિક્ખૂ વા, ભિક્ખુણી વા, સંજય વિરય પડિહય પચ્ચક્ખાય પાવકમ્મે, દિઆ વા, રાઓ વા, એગઓ વા, પરિસાગઓ વા, સુત્તે વા, જાગરમાણે વા, સેબીએસુ વા, બીયપઇટ્ઠેસુ વા, રુઢેસુ વા, રુઢપઇટ્ઠેસુ વા, જાએસુ વા, જાયપઇટ્ઠેસુ વા, હરિએસુ વા, હરિય પઇટ્ઠેસુ વા, છિન્નેસુ વા, છિન્ન પઇટ્ઠેસુ વા, સચિત્તેસુ વા, સચિત્તકોલ પડિનિસ્સિએસુ વા, ન ગચ્છેજ્જા, ન ચિટ્ઠેજ્જા, ન નિસીઇજ્જા, ન તુયટ્ટિજ્જા, અન્નં ન ગચ્છાવિજ્જા, ન ચિટ્ઠાવિજ્જા, ન ન નિસીઆવિજ્જા, ન તુઅટ્ટાવિજ્જા, અન્નં ગચ્છંતં વા, ચિટ્ઠંતં વા, નિસીઅંતં વા, તુયટ્ટંતં વા, ન સમણુજાણામિ જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ । તસ્સ ભંતે પડિક્કમામિ નિન્દામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ ।

સંયમી સાધુ-સાધ્વી તપસ્યામાં આસક્ત અને પચ્ચકખાણથી પાપથી બચનાર દિવસે અથવા રાત્રે, એકલા કે સભામાં, સુતાં કે જાગતાં સજીવ બીજ અથવા બીજ યુક્ત આસન ઉપર, બીજ ઉગ્યાં હોય તેની ઉપર, ફુટેલા બીજવાળા આસન ઉપર, મોટા છોડ ઉપર, છોડવાળા આસન ઉપર લીલા ઘાસ કે ઘાસ યુકત આસન ઉપર, સજીવ ઈંડા વગેરે ઉપર અથવા લીલવાળા લાકડાં ઉપર જવું, આવવું, બેસવું, ઉભા રહેવું, સુવું નહિ. બીજાને બેસાડવું, ઉભા રાખવું કે સુવાડવું નહિ કે કોઈ તેમ કરતો હોય તો રુડું જાણવું નહિ. આમ ત્રિવિધે ત્રિવિધે મનસા વાચા કર્મણા કરવું, કરાવવું કે અનુમોદવું

નહિ. પૂર્વાવસ્થામાં તેવું થયું હોય તો તેને નિંદવું, ધિક્કારવું અને આત્માના સંકલ્પ વડે છોડી દેવું. ૧૬

**સે ભિક્ખૂ વા, ભિક્ખૂણી વા, સંજય વિરય પડિહય પચ્ચક્ખાય પાવકમ્મે, દિઆ વા, રાઓ વા, એગઓ વા, પરિસાગઓ વા, સુત્તે વા, જાગરમાણે વા, સે કીડં વા, પયંગં વા, કુંથું વા, પિપીલિયં વા, હત્થંસિ વા, પાયંસિ વા, બાહુંસિ વા, ઉરંસિ વા, ઉદરંસિ વા, સીસંસિવા; વત્થંસિ વા; પડિગ્ગહંસિ વા, કંબલંસિ વા, પાયપુચ્છણંસિ વા, રયહરણંસિ વા; ગુચ્છગંસિ વા, ઉંડગંસિ વા; દંડગંસિ વા; પીઢગંસિ વા, ફુલગંસિ વા, સેજ્જંસિ વા, સંથારગંસિ વા; અન્નયરંસિ વા; તહપ્પગારે વા; ઉવગરણજાએ તઓ સંજયામેવ પડિલેહિય પમજ્જિઅ પમજ્જિઅ એગન્તમવણિજ્જા, નો ણં સંઘાયમાવજ્જિજ્જા ।**

સંયમી સાધુ–સાધ્વી તપસ્યામાં રત પચ્ચકખાણથી પાપથી બચનાર દિવસે કે રાત્રે, એકલા કે સભામાં, સુતાં કે જાગતાં કીડા, પતંગીઆ, કુંથુઆ, કીડી, વગેરે હાથમાં, પગમાં, બાહુમાં, સાથળમાં, ઉદરમાં, માથામાં, વસ્ત્રમાં, રજોહરણમાં, ગુચ્છામાં, તરપણીમાં, દંડામાં, બાજોઠમાં, પાટીઆમાં, બસ્તિમાં, સંથારામાં અગર બીજા સાધુના ઉપકરણમાં કોઇપણ ઠેકાણેથી જીવો આવી ચડ્યા હોય તો પ્રયત્ન કરીને, પડિલેહવા એકાંત જગ્યાએ મૂકવા, પરંતુ તેમને ભેગા કરીને પીડા કરવી નહિ. ૧૭

**અજયં ચરમાણો અ, પાણ ભુયાઇ હિંસઈ ।**
**બન્ધઈ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં ॥૧॥**

અયત્ના—અનુપયોગથી ચાલતાં પ્રાણી-ભૂતો—જુદી જુદી જાતના જીવોની હિંસા થાય છે અને તેનાથી પાપમય કર્મ બંધાય છે અને તેનું કડવું ફલ નીપજે છે. જે પોતાને જ ભોગવવું પડે છે. ૧

**અજયં ચિટ્ઠમાણો અ, પાણ ભુયાઇ હિંસઈ ।**
**બન્ધઈ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં ॥૨॥**

અયત્નાથી ઉભો રહેનાર—ઉભા રહેતાં નાના પ્રકારના જીવો હણાય છે અને તેનાથી તે પાપકર્મ બાંધે છે, અને તેનું કડવું ફળ તેને પોતાને ભોગવવું પડે છે. ૨

**અજયં આસમાણો અ, પાણ ભુયાઇ હિંસઈ ।**
**બન્ધઇ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં ॥૩॥**

અયત્નાથી બેસનારને બેસતાં નાના પ્રકારના જંતુઓ હણાય છે, તેનાથી તે પાપકર્મ બાંધે છે અને તેનું કડવું ફળ તેને પોતાને ભોગવવું પડે છે. ૩

**અજયં સયમાણો અ, પાણ ભુયાઇ હિંસઈ ।**
**બન્ધઈ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં ॥૪॥**

અયત્ના—અનુપયોગથી સુનારને પ્રાણભૂતોની હિંસા લાગે છે, તેથી પાપકર્મ બંધાય છે અને તેના કડવા ફળો તેને પોતાને ભોગવવા પડે છે. ૪

**અજયં ભુન્જમાણો અ, પાણ ભુયાઇ હિંસઈ ।**
**બન્ધઈ પાવયં કમ્મં, તં સે હોઈ કડુયં ફલં ॥૫॥**

અયત્નાથી ભોજન કરતાં કિંવા રસની આસકિતથી ભોજન કરતાં પ્રાણીભૂતની હિંસા કરે છે અને તેથી જે પાપકર્મ બાંધે છે તેનું તેને કડવું ફળ ભોગવવું પડે છે. ૫

**અજયં ભાસમાણો અ, પાણ ભુયાઇ હિંસઈ ।**
**બન્ધઈ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં ॥૬॥**

અયત્નાથી વગર વિચાર્યું બોલનાર પ્રાણી ભૂતની હિંસા કરે છે અને તેનાથી તે જે પાપકર્મ બાંધે છે તેનું તેને કડવું ફળ ભોગવવું પડે છે. ૬

**કહં ચરે? કહં ચિટ્ઠે? કહં આસે? કહં સએ? ।**
**કહં ભુંજન્તો ભાસન્તો, પાવં કમ્મં ન બન્ધઈ? ॥૭॥**

( શિષ્ય પૂછે છે–હે ભગવાન ! મારે કેમ વર્તવું ? )

કેમ ચાલવું ? કેમ ઉભા રહેવું ? કેમ બેસવું ? કેમ સૂવું ? કેમ ખાવું ? અને કેમ બોલવું ? કે જેથી પાપકર્મ બંધાય નહિ. ૭

**જયં ચરે, જયં ચિટ્ઠે, જયં આસે, જયં સએ ।**
**જયં ભુંજન્તો ભાસન્તો, પાવં કમ્મં ન બન્ધઇ ॥૮॥**

ઇર્યાસમિતિપૂર્વક ચાલવું, ઉપયોગપૂર્વક ઉભા રહેવું, ઉપયોગ પૂર્વક બેસવું, ઉપયોગપૂર્વક સૂવું, ઉપયોગપૂર્વક ભોજન કરવું અને ઉપયોગપૂર્વક બોલવું, તેમ કરવાથી પાપકર્મ બંધાય નહિ. ૮

**સવ્વ ભૂયપ્પ ભૂયસ્સ, સમ્મં ભુયાઈ પાસઓ ।**
**પિહિયાસવસ્સ દન્તસ્સ, પાવં કમ્મં ન બન્ધઇ ॥૯॥**

સર્વ પ્રાણીમાત્રને નિજ આત્મસમ જોનાર તથા પ્રાણીમાત્ર ઉપર સમદ્રષ્ટિથી જોનાર, આશ્રવોને રોકે છે, ઇંદ્રિયોને દમે છે અને તે પાપકર્મને બાંધતો નથી. ૯

**પઢમં નાણં તઓ દયા, એવં ચિટ્ઠઇ સવ્વ સંજએ ।**
**અન્નાણી કિં કાહી કિં વા, નાહી સેય પાવગં? ॥૧૦॥**

પ્રથમ દયાનું જ્ઞાન અને પછી જ દયાનું સ્થાન છે. આ પ્રમાણે સજાગ-સજ્ઞાન દયા સાચવવાથી સાધુ સર્વ પ્રકારના સંયમને સાચવી શકે છે. અજ્ઞાની જન દયાને નહિ ઓળખનાર દયા શી રીતે પાળી શકશે, તે કંઇ કરી શકશે નહિ અથવા પોતાને માત્રે શ્રેય કે પાપને

જાણી શકશે નહિ. અહિંસાનું જ્ઞાન વિવેક ન હોય તો હિંસામાંથી બચી અહિંસા પાળવી અઘરી છે. ૧૦

**સોચ્ચા જાણઇ કલ્લાણં, સોચ્ચા જાણઇ પાવગં ।**
**ઉભયં પિ જાણઇ સોચ્ચા, જં સેયં તં સમાયરે ॥૧૧॥**

ધર્મને યથાર્થ સાંભળીને આત્માને હિતકારી-કલ્યાણકારી શું તે જાણે છે, પાપને યથાર્થ સાંભળીને આત્માને અહિતકારી જાણી તે છોડે છે, જે આત્માને હિતકારી તથા અહિતકારી બન્નેને જાણે છે, તે શ્રેયને સમ્યક્પૂર્વક આચરે છે. ૧૧

**જો જીવે વિ ન યાણઇ, અજીવે વિ ન યાણઇ ।**
**જીવાજીવે અયાણન્તો, કહ સો નાહી ઉ સંજમં? ॥૧૨॥**

જે જીવોના સ્વરૂપને જાણતો નથી, જે અજીવોના સ્વરૂપને જાણતો નથી, એમ જે જીવ અજીવ બન્નેને જાણતો નથી તે સંયમના સ્વરૂપને કેવી રીતે જાણે ? ૧૨

**જો જીવે વિ વિયાણઇ, અજીવે વિ વિયાણઇ ।**
**જીવાજીવે વિયાણન્તો, સો હુ નાહી ઉ સંજમં ॥૧૩॥**

જે જીવોના સ્વરૂપને જાણે છે, અજીવના સ્વરૂપને જાણે છે, જે જીવાજીવ બન્નેને સારી રીતે જાણે છે, તે સંયમને યથાર્થ જાણે છે ૧૩

**જયા જીવમજીવે ય, દો વિ એએ વિયાણઇ ।**
**તયા ગઇં બહુવિહં, સવ્વ જીવાણ જાણઇ ॥૧૪॥**

જ્યારે જીવ અજીવ બન્ને તત્ત્વોને તે જાણે છે ત્યારે તે બધા જીવોની ઘણી જાતની ગતિને જાણી શકે છે. ૧૪

**જયા ગઇં બહુવિહં, સવ્વ જીવાણ જાણઇ ।**
**તયા પુણ્ણં ચ પાવં ચ, બન્ધં મોક્ખં ચ જાણઇ॥૧૫॥**

જયારે જીવ બધા જીવોની જુદી જુદી જાતની ગતિને જાણે છે ત્યારે તે પુન્ય, પાપ, બંધ અને મોક્ષને જાણે છે. ૧૫

**જયા પુણ્ણં ચ પાવં ચ, બન્ધં મોક્ખં ચ જાણઇ ।**
**તયા નિવ્વિન્દએ ભોએ, જે દિવ્વે જે ય માણુસે ॥૧૬॥**

જયારે જીવ પુણ્ય, પાપ, બંધ અને મોક્ષના સ્વરૂપને જાણે છે, ત્યારે તે મનુષ્ય અને દેવ અંગેના કામભોગોથી નિર્વેદ-નિવૃત્તિ પામે છે એટલે તે ભોગવતો નથી. ૧૬

**જયા નિવ્વિન્દએ ભોએ, જે દિવ્વે જે ય માણુસે ।**
**તયા ચયઇ સંજોગં, સબ્ભિન્તરં બાહિરં ॥૧૭॥**

જયારે જીવ દેવો અને મનુષ્યોના કામભોગોથી નિવૃત્ત થાય છે, ત્યારે તે જીવ બાહ્ય પરિગ્રહ, ધન વગેરે તેમજ અભ્યંતર પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ વગેરેને છોડે છે. ૧૭

**જયા ચયઇ સંજોગં, સબ્ભિન્તરં બાહિરં ।**
**તયા મુણ્ડે ભવિત્તાણં, પવ્વઇએ અણગારિયં ॥૧૮॥**

જયારે જીવ બાહ્ય અભ્યંતર પરિગ્રહને છોડે છે, ત્યારે દ્રવ્ય ભાવ મુંડિત થાય છે અને અણગાર ધર્મ અંગીકાર કરે છે-સ્વીકારે છે. ૧૮

**જયા મુણ્ડે ભવિત્તાણં, પવ્વઇએ અણગારિયં ।**
**તયા સંવરમુક્કિટ્ઠં, ધમ્મં ફાસે અણુત્તરં ॥૧૯॥**

જયારે જીવ મુંડિત થઇને પ્રવજ્યાં અણગાર ધર્મ સ્વીકારે છે, ત્યારે તે ઉત્કૃષ્ટ સંયમ-સંવરરૂપ પાપનું રુંધનરૂપ અનુત્તર ધર્મને સ્પર્શે છે. ૧૯

**જયા સંવરમુક્કિટ્ઠં, ધમ્મં ફાસે અણુત્તરં ।**
**તયા ધુણઇ કમ્મરયં, અબોહિ કલુસં કડં ॥૨૦॥**

જ્યારે ઉત્કૃષ્ટ સંવર રૂપ અનુત્તર ધર્મનો સ્પર્શ થાય છે, ત્યારે જીવ મિથ્યાત્વ દૃષ્ટિ રૂપ કલુષિતતાથી એકઠાં કરેલાં પાપ કર્મ-રૂપી મેલને દૂર કરે છે. ૨૦

**જયા ધુણઇ કમ્મ રયં, અબોહિ કલુસં કડં ।**
**તયા સવ્વત્તગં નાણં, દંસણં ચાભિગચ્છઈ ॥૨૧॥**

જ્યારે કર્મ રજને જીવ ખેરવી નાંખે છે ત્યારે સર્વત્ર વ્યાપી કેવળજ્ઞાન અને કેવળ દર્શનને પામે છે. કેવળજ્ઞાન, દર્શન એટલે ભૂત, માન અને ભાવિનું યથાર્થ જ્ઞાન. ૨૧

**જયા સવ્વત્તગં નાણં, દંસણં ચાભિગચ્છઈ ।**
**તયા લોગમલોગં ચ, જિણો જાણઇ કેવલં ॥૨૨॥**

જ્યારે જીવ સર્વ વ્યાપી કેવળ જ્ઞાન, કેવળ દર્શન પામે છે, ત્યારે તે જિન રાગ-દ્વેષથી મુક્ત થઇને-કેવળી થઇને લોકાલોકના સ્વરૂપને જાણે છે. ૨૨

**જયા લોગમલોગં ચ, જિણો જાણઈ કેવલી ।**
**તયા જોગે નિરુમ્ભિત્તા, સેલેસિં પડિવજ્જઇ ॥૨૩॥**

જ્યારે જીવ જીન થઇ કેવળી બને છે અને લોકાલોકને જાણે છે, ત્યારે તે મન, વચન, કાયાના યોગને નિયમા રૂંધે છે અને શૈલેસિકરણ એટલે મેરુ જેવી આત્માની નિષ્કંપદશાને પામે છે. ૨૩

**જયા જોગે નિરુમ્ભિત્તા, સેલેસિં પડિવજ્જઈ ।**
**તયા કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં ગચ્છઇ નીરઓ ॥૨૪॥**

જ્યારે જીવ મન, વચન, કાયાના સર્વ શુભાશુભ યોગોને શૈલેશી અવસ્થા નિષ્કંપ ભાવને પામે છે, ત્યારે સર્વ કર્મનો ક્ષય કરીને કર્મ-રૂપી રજથી વિમુક્ત દશા નિરજ દશા સિદ્ધ ગતિને પામે છે. ૨૪

**જયા કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં ગચ્છઇ નીરઓ ।**
**તથા લોગમત્થયત્થો, સિદ્ધો ભવઇ સાસઓ ॥૨૫॥**

જ્યારે જીવાત્મા સર્વ કર્મ ખપાવીને નિરજ સિદ્ધ ગતિને પામે છે ત્યારે તે સહજ લોકાગ્રે જઇ શાશ્વત સિદ્ધ થાય છે. ૨૫

**સુહ સાયગસ્સ સમણસ્સ,**
**સાયાઉલગસ્સ નિગામસાઇસ્સ ।**
**ઉચ્છોલણા પહોઅસ્સ,**
**દુલહા સોગ્ગઇ તારિસગસ્સ ॥૨૬॥**

જે સુખનો જ અને કેવળ બાહ્ય શરીરના સુખનો રસીઓ હોય, સાતાની જ ચિંતાવાળો હોય, ઘણું સુવાની ટેવવાળો હોય, જે શરીરની વિભૂષા કરવામાં મશગુલ હોય એવા શ્રમણોને સુગતિ દુર્લભ છે. ૨૬

**તવો ગુણ પહાણસ્સ,**
**ઉજ્જુમઇ ખન્તિ સંજમ રયસ્સ ।**
**પરીસહે જિણન્તસ્સ સુલહા,**
**સોગ્ગઇ તારિસગસ્સ ॥ ૨૭ ॥**

જે શ્રમણને વિષે બાહ્યાભ્યંતર તપ ગુણ વિશેષ કરીને છે, જેની બુદ્ધિ સરળ છે, જે ક્ષમા તથા સત્તર પ્રકારના સંયમમાં રક્ત છે, જે બાવીસ પરીસહોને જીતનાર છે એવા શ્રમણને સુગતિ સુલભ સહજ છે. ૨૭

**પચ્છા વિ તે પયાયા ખિપ્પં,**
**ગચ્છન્તિ અમર ભવણાઇં ।**
**જેસિં પીઓ તવો સંજમો,**
**અ ખન્તી અ બમ્ભચેરં ચ ॥ ૨૮ ॥**

જેમને તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય પ્રિય છે તેઓ શિઘ્ર દેવલોકમાં જાય છે, તેમની ઉચ્ચ ગતિ થાય છે. ૨૮

**ઇચ્ચેયં છજ્જીવણિઅં,**
**સમ્મદ્દિટ્ઠી સયા જએ ।**
**દુલહં લહિત્તુ સામણ્ણં,**
**કમ્મુણા ન વિરાહિજ્જાસિ ।। ૨૯ ।।**
**।। ત્તિ બેમિ ।।**

આમ આ છ જીવનિકા નામના અધ્યયનને સમ્યકદષ્ટિ સાધુઓ હંમેશાં પ્રયત્ન કરીને, દુર્લભ એવું શ્રમણપણું પાળે, પરંતુ શ્રમણપણાને અસત્ કર્મદ્વારા–પ્રમાદદ્વારા વિરાધના ન કરે. ૨૯

**। ઇતિ છજ્જીવણિયા અજ્ઝયણં ।**

卐

# ।। પિણ્ડૈષણા ભિક્ષા સામાચારી ।।

(પાંચમું અધ્યયન)

**સમ્પત્તે ભિક્ખ કાલમ્મિ, અસમ્ભન્તો અમુચ્છિઓ ।**
**ઇમેણ કમ જોગેણ, ભત્ત પાણં ગવેસએ ।। ૧ ।।**

ભિક્ષાનો સમય પાકે ત્યારે શ્રમણ અવ્યગ્રપણે તેમજ મુર્છા ત્યાગીને આ નીચે પ્રમાણે ક્રમયોગથી પ્રાસુક ભાત–પાણીને માટે જાય. ૧

**સે ગામે વા નગરે વા, ગોયરગ્ગ ગઓ મુણી ।**
**ચરે મન્દમણુવ્વિગ્ગો, અવ્વક્ખિત્તેણ ચેયસા ।। ૨ ।।**

મુનિ ગામમાં કે નગરમાં ગોચરી જાય ત્યારે તે ધીમે ધીમે ઉદ્વેગ રહિત–અવિક્ષિપ્ત–સ્થિર ચિત્તે ચાલે. ૨

**પુરઓ જુગ માયાએ, પેહમાણો મહિં ચરે ।**
**વજ્જન્તો બીય હરિયાઈં, પાણે ય દગ મટ્ટિયં ।।૩।।**

આગળ સાડા ત્રણ હાથ સુધીની દૃષ્ટિ લંબાવીને માર્ગના બીજ, વનસ્પતિ, પ્રાણીઓ, સચેત પાણી–માટીથી બચીને બરાબર જોયા પછી જ ઉપયોગપૂર્વક જમીન પર ચાલે. ૩

**ઓવાયં વિસમં ખાણું, વિજ્જલં પરિવજ્જએ ।**
**સંકમેણ ન ગચ્છેજ્જા, વિજ્જમાણે પરક્કમે ।।૪।।**

ઉપર કહેલા ગુણ સંપન્ન સાધુ, ખાડ કે ઉંચી નીચી વિષમ જગ્યા અને વૃક્ષના ઠુંઠાં કે કાદવવાળી જગ્યાને છોડે તેમજ બીજો સારો માર્ગ હોય તો ખાડાને ઓળંગવા લાકડાં, પત્થર વગેરે ગોઠવ્યાં હોય તો તે ઉપર ચાલે નહિ. ૪

**પવડન્તે વ સે તત્થ, પક્ખલન્તે વ સંજએ ।**
**હિંસેજ્જ પાણ ભૂયાઈ, તસે અદુવ થાવરે ॥૫॥**

સંયતિ મુનિ વિષમ માર્ગે જાય અને કદાચ લપસી પડે કે ખાડામાં પડે તો ત્રસ જીવોની હિંસા થાય. ૫

**તમ્હા તેણ ન ગચ્છેજ્જા, સંજએ સુ સમાહિએ ।**
**સઇ અણ્ણેણ મગ્ગેણ, જયમેવ પરક્કમે ॥૬॥**

તે માટે સંયમી અને સુસમાધિયુક્ત સાધુ વિષય માર્ગે ન જાય અને જો સારો માર્ગ ન જ હોય તો વિપમ માર્ગે યત્નાથી જાય. ૬

**ઈંગાલં છારિયં રાસિં, તુસ રાસિં ચ ગોમયં ।**
**સસંરક્ખેહિં પાએહિં, સંજઓ તં નઇક્કમે ॥૭॥**

મુનિના માર્ગમાં અંગારનો ઢગલો હોય, સળગતી રાખ હોય, ડાંગરના ફોતરાંનો ઢગ હોય કે છાણ હોય તો ત્યાં સચિત્ત રજથી ખરડાએલા પગે સંયમી પુરુપ ગમન ન કરે કે ઓળંગે નહિ ૭

**નચરેજ્જ વાસે વાસન્તે, મહિયાએ વ પડન્તિએ ।**
**મહાવાએ વ વાયન્તે, તિરિચ્છ સમ્પાઇમેસુ વા ॥૮॥**

મુનિ ભિક્ષાર્થે વરસાદ વરસતો હોય ત્યારે ન જાય, તેમજ જમીન ઉપર ધુમસ પડતી હોય ત્યારે ન જાય, અતિ પવન ફૂંકાતો હોય ત્યારે ન જાય, તેમજ સંપાતિમ જીવો, મચ્છર, માખી, પતંગીઆ ભિક્ષાના માર્ગમાં ઉડી રહ્યા હોય ત્યારે ન જાય. ૮

**ન ચરેજ્જ વેસ સામન્તે, બમ્ભચેર વસાણુએ ।**
**બમ્ભયારિસ્સ દન્તસ્સ, હોજ્જા તત્થ વિસોત્તિયા ॥૯॥**

બ્રહ્મચારી દાંત-સંયમી જ્યાં વેશ્યા રહેતી હોય તેવા પ્રદેશમાં ન જાય, કારણ કે ત્યાં જવાથી ચિત્તમાં અસમાધિ-વ્યગ્રતા જાગે. ૯

**અણાયણે ચરન્તસ્સ, સંસગ્ગીએ અભિક્ખણં ।**
**હોજ્જ વયાણં પીલા, સામણ્ણમ્મિ ય સંસઓ ॥૧૦॥**

સંયમી આવા કુસ્થાન સ્થળે જાય તો ત્યાંના વાતાવરણનો સંસર્ગ થાય અને પરિચયથી વ્રતોમા પીડા ઉત્પન્ન થાય અને સાધુતામાં શંકા જન્મે. ૧૦

**તમ્હા એયં વિયાણિત્તા, દોસં દુગ્ગઈ વડ્ઢણં ।**
**વજ્જએ વેસ સામન્તં, મુણી એગન્તમસ્સિએ ॥૧૧॥**

તે માટે એ પ્રમાણે જાણીને સર્વાંગ મુક્તિના ઇચ્છુક મુનિ દુર્ગતિવર્ધક અને દોષોનું નિવાસ સ્થાન એવા વેશ્યા નિવાસ સ્થાન આગળથી જવું-આવવું વર્જે. ૧૧

**સાણં સૂઇઅં ગાવિં, દિત્તં ગોણં હયં ગયં ।**
**સંડિબ્ભં કલહં જુદ્ધં, દૂરઓ પરિવજ્જએ ॥૧૨॥**

સંયતિ મુનિએ જ્યાં કુતરા તથા પ્રસુત ગાય, મદોન્મત ગોધ, ઘોડો કે હાથી તથા બાળકોનું રમત સ્થાન કે ઝઘડા કે યુદ્ધનું સ્થાન હોય ત્યાં અથવા તેવા સ્થાનને છેટેથી ત્યાગવું. ૧૨

**અણુન્નએ નાવણએ, અપ્પહિટ્ઠે અણાઉલે ।**
**ઈંદ્રિયાઈં જહા ભાગં, દમઇત્તા મુણી ચરે ॥૧૩॥**

મુનિ રસ્તે ચાલે ત્યારે ન અતિ ઉંચે મુખે કે ન અતિ નીચે મુખે ચાલે, ભિક્ષાએ જાય ત્યારે બહુ હર્ષમાં કે બહુ ખેદમાં આવે નહિ, પરંતુ મન તથા ઇંદ્રિયોને સમતુલ રાખીને તેનું દમન કરે ને વિચરે. ૧૩

**દવદવસ્સ ન ગચ્છેજ્જા, ભાસમાણો ય ગોયરે ।**
**હસન્તો નાભિગચ્છેજ્જા, કુલં ઉચ્ચાવયં સયા ॥૧૪॥**

સંયમી મુનિ ઉંચ કે નીચ કુટુમ્બમાં અભેદ ભાવે ગોચરી કરે, ઉતાવળું ન ચાલે તેમજ ચાલતાં ચાલતાં ન હસે કે ન બોલે. ૧૪

**આલોયં થિગ્ગલં દારં, સન્ધિં દગ ભવણાણિ ય ।**
**ચરન્તો ન વિણિજ્ઝાએ, સંકટ્ઠાણં વિવજ્જએ ॥૧૫॥**

ભિક્ષાએ ગએલ સંયમી સાધુ ગૃહસ્થોના ઘરની બારી કે ડોકાબારી-ગવાક્ષ સામે દિવાલોના સાંધાના વિભાગ સામે, બારણા સામે, એ ઘરની સંધિના વિભાગ સામે કે પાણી રાખવાના પાણીઆરા સામે વગેરે શંકા સ્થાનને દૂરથી ત્યજે. ચાલતી વખતે તેવા સ્થળો પર ધ્યાન આપે નહિ. ૧૫

**રન્નો ગિહવઈણં ચ, રહસ્સારક્ખિયાણ ય ।**
**સંકિલેસ કરં ઠાણં, દૂરઓ પરિવજ્જએ ॥૧૬॥**

સંયમી ભિક્ષુ રાજાઓ, ગૃહસ્થો કે કોટવાળ સાથે રહસ્ય કે એકાંતવાતનાં કે જે કલેશકર સ્થાનો છે તેને દૂરથીજ છોડી દે. ૧૬

**પડિકુટ્ઠં કુલં ન પવિસે, મામગં પરિવજ્જએ ।**
**અચિયત્તં કુલં ન પવિસે, ચિયત્તં પવિસે કુલં ॥૧૭॥**

સંયતિ સાધુ ભિક્ષાએ જાય ત્યારે લોક નિષિદ્ધ કુળમાં ન જાય, વળી જે ભિક્ષા આપવા વિરોધી હોય, જેને ભિક્ષા આપવી ન ગમતી હોય, તેના ઘેર ભિક્ષા માટે ન જાય અને જે કુળમાં જવાથી પ્રેમ ભક્તિ વધે ત્યાં જવું. ૧૭

**સાણી પાવાર પિહિઅં, અપ્પણા નાવપંગુરે ।**
**કવાડં નો પણોલેજ્જા, ઉગ્ગહંસિ અજાઇયા ॥૧૮॥**

સંયતિ મુનિ ભિક્ષાર્થે જાય ત્યારે ગૃહસ્થીના ઘરનું બારણું બંધ હોય ત્યારે ઘરધણીની રજા વિના બારણું ઉઘાડે કે પડદો ઉંચકે કે ઠેલે નહિ ૧૮

**ગોયરગ્ગ પવિટ્ઠો અ, વચ્ચમુત્તં ન ધારએ ।**
**ઓગાસં ફાસુયં નચ્ચા, અણુન્નવિય વોસિરે ॥૧૯॥**

સંયતિ મુનિ ભિક્ષાએ જાય ત્યારે વડી તથા લઘુ શંકા ટાળીને જ જાય. અકસ્માત રસ્તામાં શંકા થાય તો મળ-મૂત્ર વિસર્જન માટે યોગ્ય નિર્જીવ જગ્યા જોઇ તે જગ્યાના માલિકની રજા લઈ શંકા નિવારે પરંતુ મળ-મૂત્રની શંકાને રોકે નહિ. ૧૯

**નીયં દુવારં તમસં, કુટ્ઠગં પરિવજ્જએ ।**
**અચક્ખુ વિસઓ જત્થ, પાણા દુપ્પડિલેહગા ॥૨૦॥**

સંયતિ ભિક્ષુ ભિક્ષાએ જાય ત્યારે નીચા બારણાવાળા ઘેર, અંધકારયુકત ઘરમાં, ઊંડું ભોંયરાં હોય ત્યાં ન જાય, તેમજ જ્યાં અંધારૂં હોય અને આંખથી કંઇ દેખી શકાય તેમ ન હોય તેમજ જ્યાં ઇર્યાસમિતિ સાચવવી દુષ્કર હોય ત્યાં પણ ન જાય. ૨૦

**જત્થ પુપ્ફાઇં બીયાઇં, વિપ્પઇન્નાઇં કોટ્ઠએ ।**
**અહુણોવલિત્તં ઉલ્લં, દટ્ઠૂણં પરિવજ્જએ ॥૨૧॥**

સંયમી સાધુ જે જગ્યાએ ફુલો તથા બીજો વેરાએલાં હોય અથવા જ્યાં તાજું લિંપાએલું હોય અને તે લીલું હોય તો તે સ્થળે જવાનું મુનિ છોડી દે. ૨૧

**એલગં દારગં સાણં, વચ્છગં વાવિ કોટ્ઠએ ।**
**ઉલ્લંઘિયા ન પવિસે, વિઊહિત્તાણ વ સંજએ ॥૨૨॥**

સંયતિ ભિક્ષુ ભિક્ષા જતી વખતે ઘર આગળના બકરા, બાળક, કુતરો કે વાછરડાને ઓળંગીને કે તેમને વેગળા દૂર કરીને ભિક્ષા માટે પ્રવેશ ન કરે ૨૨

**અસંસત્તં પલોઇજ્જા, નાઇદૂરાવલોયએ ।**
**ઉપ્ફુલ્લં ન વિનિજ્ઝાએ, નિયટ્ટિજ્જ અયમ્પિરો ॥૨૩॥**

સંયમી ભિક્ષુ ગૃહસ્થને ઘેર ભિક્ષાએ જાય ત્યારે અનાસક્ત થઇને બધું જોઇને લે, આસક્તિપૂર્વક કંઇપણ ન જુએ, આમતેમ દૂર દૂર ન જુએ તેમજ દૃષ્ટિને વિકાસીને ન જુએ અને ભિક્ષા ન મળે તો એ બોલ્યા વિના મૌન પાછો ફરે. ૨૩

**અઇભૂમિં ન ગચ્છેજ્જા, ગોયરગ્ગ ગઓ મુણી ।**
**કુલસ્સ ભૂમિં જાણિત્તા, મિયં ભૂમિં પરક્કમે ॥૨૪॥**

સંયમી મુનિ ગોચરી માટે જાય ત્યારે જે કુળનો જેવો આચાર હોય તે મર્યાદામાં જ વર્તે, તે ગૃહસ્થની બાંધેલી મર્યાદાને ઓળંગે નહિ. ૨૪

**તત્થેવ પડિલેહિજ્જા, ભૂમિ ભાગં વિયક્ખણો ।**
**સિણાણસ્સ ય વચ્ચસ્સ, સંલોગં પરિવજ્જએ ॥૨૫॥**

સંયમી વિચિક્ષણ ભિક્ષુ જે જગ્યાએ ઉભા રહેવાથી નહાવાની જગ્યા કે મળ વિસર્જન જગ્યા દેખાતી હોય તો તે ભાગને છોડી બીજી જગ્યાએ જઇ શુદ્ધ સ્થાન જોઇ ત્યાં ભિક્ષાર્થે જાય. ૨૫

**દગ મટ્ટિઅ આયાણે, બીયાણિ હરિયાણિ ય ।**
**પરિવજ્જન્તો ચિટ્ઠિજ્જા, સવ્વિન્દિય સમાહિએ ॥૨૬॥**

સર્વેન્દ્રિય સમાધિયુક્ત ભિક્ષુ પાણી, માટી, બીજવાળો માર્ગ કે લીલોતરી સ્થાનને તજીને નિર્દોષ જગ્યાએ ભિક્ષા માટે ઉભો રહે.૨૬

**તત્થ સે ચિટ્ઠમાણસ્સ, આહરે પાણ ભોયણં ।**
**અકપ્પિયં ન ઇચ્છિજ્જા, પડિગાહિજ્જ કપ્પિયં ॥૨૭॥**

આવી મર્યાદામાં રહેલો ભિક્ષુ આહાર-પાણી જે લે તે કલ્પિત લે, પરંતુ અકલ્પિત લે નહિ એટલું જ નહિ, પરંતુ તેને ઇચ્છે પણ નહિ ૨૭

**આહરન્તી સિયા તત્થ, પડિસાડિજ્જ ભોયણં ।**
**દિન્તિયં પડિયાઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૨૮॥**

આહાર આપનાર બાઈ ભિક્ષા આપતી વખતે વેરતી-વેરતી ભિક્ષા લાવે તો મુનિ ભિક્ષુ કહે કે આવી રીતની ભિક્ષા મને કલ્પે નહિ. ૨૮

**સમ્મદ્દમાણી પાણાણિ, બીયાણિ હરિયાણિ ય ।**
**અસંજમ કરિં નચ્ચા, તારિસિં પરિવજ્જએ ॥૨૯॥**

ભિક્ષા આપનાર બ્હેન કે ભાઇ પાણી, બીજ કે લીલોતરીને કચરીને ભિક્ષા આપવા આવે તો તે સાધુના માટે અસંયમ છે એવું જાણી એવી ભિક્ષાને છોડી દે. ૨૯

**સાહટ્ટુ નિક્ખિવિત્તાણં, સચ્ચિત્તં ઘટ્ટિયાણિ ય ।**
**તહેવ સમણટ્ઠાએ, ઉદગં સમ્પણુલ્લિયા ॥૩૦॥**
**ઓગાહઇત્તા ચલઇત્તા, આહારે પાણ ભોયણં ।**
**દિંતિઅં પડિયાઇકખે, ન મે કપ્પઇ તારિસં ॥૩૧॥**

સંયતિ ભિક્ષુ ભિક્ષા લેતી વખતે જુવે કે ભિક્ષા આપનાર ભિક્ષા આપતી વખતે ભિક્ષા સચિત્તમાં અચિત્ત વસ્તુ ભેળવીને કે સચિત્ત વસ્તુ ઉપર અચિત વસ્તુ મૂકીને, કે સચિત્ત અચિત્તનો ખ્યાલ રાખ્યા વિના, તેમજ સચિત્ત પાણીને હલાવીને તેમજ ઘરમાં વર્ષાદિનું પાણી પડ્યું હોય તો તે ઉપર ચાલીને અથવા સજીવ વસ્તુને બાજુએ રાખીને લાવે તો મુનિ કહે કે આવું ખાનપાન મને કલ્પે નહિ. ૩૦-૩૧

**પુરેકમ્મેણ હત્થેણ, દવ્વીએ ભાયણેણ વા ।**
**દિંતિઅં પડિયાઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૩૨॥**

સંયમી ભિક્ષુ ભિક્ષા આપનાર પોતે ભિક્ષા આપતા પહેલા સચિત્ત જલથી હાથ, કડછી વગેરે ધોઇને ભિક્ષા આપે તો ભિક્ષુ કહે કે તે મને કલ્પે નહિ. ૩૨

**એવં ઉદઉલ્લે સસિણિદ્ધે, સસરક્ખે મટ્ટિયા ઓસે ।**
**હરિયાલે હિંગુલએ, મણોસિલા અંજણે લોણે ॥૩૩॥**
**ગેરુઅ વન્નિઅ સેઢિઅ, સોરટ્ઠિ અપિટ્ઠ કુક્કુસ કએ ય ।**
**ઉક્કિટ્ઠમ સંસટ્ઠે સંસટ્ઠે, ચેવ બોદ્ધવ્વે ॥૩૪॥**

**અસંસટ્ઠેણ હત્થેણ, દવ્વીએ ભાયણેણ વા ।**
**દિજ્જમાણં ન ઇચ્છિજ્જા, પચ્છાકમ્મં જહિં ભવે ॥૩૫॥**

સંયમી મુનિ ભિક્ષાએ જાય ત્યારે ભિક્ષા આપનાર જો હાથ, વાસણ કે કડછી પાણીથી ભિંજાએલ હોય અગર વધુ ભિંજાએલ હોય સચિત્ત રજ, સચિત માટી કે ખારો તેમજ હરતાલ, હિંગળોક, મનઃશિલા, અંજન, મીઠું, ગેરુ, પીળી માટી, સફેદ માટી [ખડી], અનાજનું ભૂસું, તાજો પીસેલ લોટ, મોટા તરબુચ, કાલિંગડાં, નારસ તથા તેવા સજીવ વનસ્પતિથી ખરડાયેલ હોય તો તે હાથ દ્વારા અથવા નહિ ખરડાયેલ કડછી વડે અપાતો આહાર લે નહિ, ઇચ્છે નહિ એમ કરવાથી પશ્ચાત્ કર્મ દોષ લાગે છે. ૩૩-૩૪-૩૫

**સંસટ્ઠેણય હત્થેણં, દવ્વીએ ભાયણેણ વા ।**
**દિજ્જમાણં પડિચ્છિજ્જા, જં તત્થે સણિયં ભવે ॥૩૬॥**

સંયમી ભિક્ષુ લેવા યોગ્ય અન્ન પાણી હોય અને અનાજથી ખરડાયેલ હાથ, વાસણ કે કડછીથી આન્ન-પાણી આપે તો તે ભાત પાણી લઈ શકાય. ૩૬

**દુણ્હંતુ ભુંજમાણાણં, એગો તત્થ નિમંતએ ।**
**દિજ્જમાણં ન ઇચ્છિજ્જા, છંદં સે પડિલેહએ ॥૩૭॥**

સંયતિ મુનિ ભિક્ષાર્થે જાય ત્યારે જો બે જણ ભેગા જમવા બેઠા હોય તેમાં બે જણમાં એક જણ ભિક્ષા માટે નિમંત્રણ આપે,

તો મુનિ એવી ભિક્ષા—લેવા યોગ્ય એષણીય હોય છતાં તે ભિક્ષા મુનિ ન લે. ૩૭

**દુણ્હં તુ ભુંજમાણાણં, દો વિ તત્થ નિમંતએ ।**
**દિજ્જમાણં પડિચ્છિજ્જા, જં તત્થે સણિયં ભવે ॥૩૮॥**

ભિક્ષાર્થી સંયતિ મુનિ ભિક્ષાર્થે જાય તે વખતે બન્ને જણા ભેગા જમતા હોય અને બન્ને જણા સાથે નિમંત્રણ આપે તો એષણીય-પ્રાસુક નિર્દોષ ભિક્ષા મુનિ લે. ૩૮

**ગુવ્વિણીએ ઉવણ્ણત્થં, વિવિહં પાણ ભોઅણં ।**
**ભુંજમાણં વિ વજ્જેજ્જા, ભુત્ત સેસં પડિચ્છએ ॥૩૯॥**

ભિક્ષાર્થી મુનિ ગર્ભિણી સ્ત્રી માટે બનાવેલું ભત્ત પાણી જમવામાં લે નહિ, પરંતુ તે ભિક્ષા એષણીય હોય તો તે સ્ત્રીના જમ્યા પછી ગ્રહણ કરે. ૩૯

**સિઆ ય સમણટ્ઠાએ, ગુવ્વિણી કાલમાસિણી ।**
**ઉટ્ઠિઆ વા નિસીઇજ્જા, નિસન્ના વા પુણુટ્ઠએ ॥૪૦॥**

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણં અકપ્પિયં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૪૧॥**

ભિક્ષાર્થી સંયતિ ભિક્ષાર્થે જાય તે વખતે કદાચ પુરા માસવાળી ગર્ભિણી ઉભી હોય અને બેસે કે બેઠી હોય અને ઉભી થાય તો તેના હાથનું એષણીય ભોજન અકલ્પિત છે; માટે તે ગર્ભિણી બાઇને ભિક્ષુ મુનિ કહે કે ભિક્ષા મારે વર્જ્ય છે [કારણ કે પોતાના નિમિત્તે ગર્ભને દુઃખ થાય તે મુનિને ન કલ્પે.] ૪૦–૪૧

**થણગં પિજ્જમાણી, દારગં વા કુમારિઅં ।**
**તં નિક્ખિવિત્તુ રોઅંત, આહારે પાણ ભોયણં ॥૪૨॥**

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૪૩॥**

ભિક્ષાર્થી ભિક્ષુ ભિક્ષા લેવા જાય ત્યારે ભિક્ષા આપનાર બ્હેન બાળક-બાળિકાને સ્તન પાન કરાવતી હોય ત્યારે બાળકને રોતું છોડીને ભાત પાણી વ્હોરાવે તો તે મુનિ માટે અકલ્પિત છે અને આવી ભિક્ષા અપાતી હોય તો મુનિ તે બાઇને કહે છે કે આવી ભિક્ષા મને કલ્પે નહિ. ૪૨-૪૩

**જં ભવેભન્તપાણં તુ, કપ્પાકપ્પંમ્મિ સંકિયં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૪૪॥**

વળી જો મુનિ ભિક્ષાર્થે જાય તે વખતે ભિક્ષા સદોષ છે કે, નિર્દોષ છે એવી મનમાં શંકા થાય તો મુનિ ભિક્ષા આપનારને કહે કે મને આવી ભિક્ષા ન કલ્પે ૪૪

**દગવારેણ પિહિઅં, નીસાએ પીઢીએણ વા ।**
**લોઢેણ વા વિલેવેણ, સિલેસેણ વા કેણઈ ॥૪૫॥**
**તં ચ ઉબ્ભિંદિઆ દિજ્જા, સમણટ્ઠાએ વ દાવએ ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૪૬॥**

મુનિ આહાર પાણી માટે જાય તે વખતે આહાર પાણી સચિત્ત પાણીથી ઢંકાએલ હોય, પત્થરની ખરલથી, બાજોઠથી, ઢેફાંથી કે માટીથી અથવા બીજા કોઇ લેપથી છાંદેલ હોય અથવા સીલ કર્યું હોય તેવું અન્ન પાણી શ્રમણ માટે આપવા સારુ લેવાય તો મુનિ કહે કે આવી ભિક્ષા મને ન કલ્પે. ૪૫-૪૬

**અસણં પાણગં વા વિ, ખાઈમં સાઈમં તહા ।**
**જંજાણિજ્જા સુણિજ્જા વા, દાણટ્ઠા પગડં ઈમં ॥૪૭॥**

**તં ભવે ભત્ત પાણં તુ, સંજયાણં અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૪૮॥**

ભિક્ષાર્થી મુનિ અન્ન, પાણી, મીઠાઇ કે મુખવાસરૂપ ચતુર્વિધ ભિક્ષા જાણે કે સાંભળે કે ભિક્ષા ભિક્ષાર્થે તૈયાર કરી છે તો તે ભિક્ષા મુનિ અકલ્પ્ય માને અને ભિક્ષા આપનારને ભિક્ષુ મુનિ કહે કે આવી ભિક્ષા મને કલ્પે નહિ. ૪૭–૪૮

**અસણં પાણગં વા વિ, ખાઇમં સાઇમં તહા ।**
**જં જાણિજ્જા સુણિજ્જા વા, પુણ્ણટ્ઠા પગડં ઇમં ॥૪૯॥**

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણં અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૫૦॥**

ભિક્ષાર્થી મુનિ ભિક્ષા માટે જાય ત્યારે ચતુર્વિધ ભિક્ષા બીજા ભિક્ષુ માટે તૈયાર થઈ હોય તેવું સાંભળે કે જાણે તો તેવી ભિક્ષા મુનિ માટે અકલ્પનીય છે તેમ જાણીને મુનિ ભિક્ષા આપનારને કહે આવી ભિક્ષા મને કલ્પે નહિ. ૪૯–૫૦

**અસણં પાણગં વા વિ, ખાઇમં સાઇમં તહા ।**
**જં જાણિજ્જા સુણિજ્જા વા, વણિમટ્ઠા પગડં ઇમં ॥૫૧॥**

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિયં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઈ તારિસં ॥૫૨॥**

વળી ભિક્ષાર્થી મુનિ ગૃહસ્થો માટે બનાવેલ ચતુર્વિધ ભાત પાણી કે ભિક્ષા યાચકો માટે બનાવેલ છે, એવું જાણે કે સાંભળે તો ભિક્ષુ મુનિ તે ભિક્ષાને અકલ્પનિય સમજે અને ભિક્ષા આપનારને તે કહે કે મને આ ભિક્ષા ઉચિત નથી. ૫૧–૫૨

**અસણં પાણગં વા વિ, ખાઇમં સાઇમં તહા ।**
**જં જાણિજ્જા સુણિજ્જા વા, સમણટ્ઠા પગડં ઇમં ॥૫૩॥**

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે. ન મે કપ્પઇ તારિસં ॥૫૪॥**

ભિક્ષાર્થી મુનિ ભિક્ષાર્થે જાય ત્યારે અન્ન, પાણી, મેવા-મિઠાઇ મુખવાસરૂપ ચતુર્વિધ ભિક્ષા સાધુ માટે તૈયાર કરી છે, એમ જાણે અથવા સાંભળે તો તેવી ભિક્ષા મુનિ લે નહિ અને ભિક્ષા આપનારને મુનિ કહે કે આવી ભિક્ષા મને કલ્પતી નથી. ૫૩-૫૪

**ઉદ્દેસિયં કીયગડં પૂઇકમ્મં ચ આહડં ।**
**અજ્ઝોઅર પામિચ્ચં, મીસજાયં ચ વજ્જએ ॥૫૫॥**

સંયમી ભિક્ષુ ભિક્ષાનો દોષ ઉદ્દેસિય સાધુને ઉદ્દેશીને બનાવેલી કીયગડં-સાધુ માટે ખરીદેલી ભિક્ષા, પૂઇકમ્મં-સાધુ માટે અને પોતાને માટે જુદું કરેલ ભાતપાણી ભેળસેળ કરે કે સાધુ માટે ઉમેરીને કરે કે સાધુ માટે ઉછીનું લાવે તો તેવી ભિક્ષા મુનિને ન કલ્પે. ૫૫

**ઉગ્ગમં સે અ પુચ્છેજ્જા, કસ્સટ્ઠા કેણ વા કડં ? ।**
**સોચ્ચા નિસ્સંકિયં, સુદ્ધં પડિગાહિજ્જ સંજએ ॥૫૬॥**

સંયમી ભિક્ષુ ભિક્ષા લેતી વખતે તેની ઉત્પત્તિ કેમ થઇ તે પુછીને જાણે, કોના માટે બનાવ્યું છે, કોણે બનાવ્યું છે, વગેરે પૂછીને નિશંક થઇને શુદ્ધ ભાતપાણી ગ્રહણ કરે. ૫૬

**અસણં પાણગં વા વિ, ખાઇમં સાઇમં તહા ।**
**પુપ્ફેસુ હુજ્જ ઉમ્મીસં, બીએસુ હરિએસુ વા ॥૫૭॥**
**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિયં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૫૮॥**

સંયમી ભિક્ષુ ભિક્ષાર્થે જાય ત્યારે આહાર, પાણી, મેવો અને મુખવાસરૂપ ચતુર્વિધ ભિક્ષા લેતી વખતે જુવે કે ભિક્ષા સચિત્ત પુષ્પ

કે બીજ કે લીલોતરી ઉપર મૂકેલી નથી ને ? જો તે સચિત્ત વસ્તુ ઉપર મુકેલી હોય તો એ ભાત પાણી અકલ્પિત છે અને મુનિ કહે કે આવા આહારપાણી મને કલ્પતા નથી ૫૭-૫૮

**અસણં પાણગં વા વિ, ખાઇમં સાઇમં તહા ।**
**ઉદગમ્મિ હુજ્જ નિક્ખિત્તં, ઉત્તિંગં પણગેસુવા ॥૫૯॥**

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૬૦॥**

અન્ન, પાણી, ખાદિમ કે સ્વાદિમરૂપ ચતુર્વિધ ભિક્ષામાંનું કોઇ પણ સચિત્ત જળ ઉપર મૂકેલું હોય, કે કીડીના દળ કે લીલ કે ફુગ ઉપર હોય તો તે ભક્તપાન સંયમીને અકલ્પિત છે. મુનિ આવી ભિક્ષા આપનારને કહે કે મને આવી ભિક્ષા કલ્પતી નથી. ૫૯-૬૦

**અસણં પાણગં વા વિ, ખાઇમં સાઈમં તહા ।**
**તેઉમ્મિ હુજ્જ નિક્ખિત્તં તં ચ સંઘટ્ટિઆદએ ॥૬૧॥**

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિયાઈક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૬૨॥**

સંયતિ મુનિ ભિક્ષાર્થે જાય ત્યારે ભિક્ષા લેતી વખતે અન્ન, પાણી, મિઠાઇ કે મુખવાસરૂપ ચાર જાતની ભિક્ષા અગ્નિ ઉપર પડી હોય અથવા અગ્નિનો સ્પર્શ કરીને અપાય તો તે ભિક્ષા અકલ્પિત છે અને મુનિ આવી ભિક્ષા આપનારને કહે કે મને આવી ભિક્ષા કલ્પતી નથી. ૬૧-૬૨

**એવં ઉસ્સક્કિયા ઓસક્કિયા,**
**ઉજ્જાલિયા પજ્જાલિયા નિવ્વાવિયા ।**
**ઉસ્સિંચિયા નિસ્સિંચિયા,**
**ઉવવત્તિયા ઓવારિયા દએ ॥ ૬૩ ॥**

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણં અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥ ૬૪ ॥**

ભિક્ષા આપનાર મુનિને વહોરાવતાં મોડું થઈ જશે તો અગ્નિ બુઝાઇ જશે એ હેતુથી ચુલામાં બળતણ આઘું ધકેલીને કે કાઢી નાખીને, અગ્નિને વધુ સતેજ કરીને, અથવા અગ્નિને બુઝવીને, પકાવતાં અન્નનો ઉભરો આવતો જાણીને તેમાંથી ઓછું વધતું કરીને હલાવીને કે અગ્નિ ઉપરથી નીચે ઉતારીને આપે તો તે ભાતપાણી સંયમી સાધુને અકલ્પિત છે ભિક્ષુ ભિક્ષા આપનારને કહે કે આવી ભિક્ષા મને કલ્પતી નથી. ૬૩-૬૪

**હુજ્જ કટ્ઠં સિલં વા વિ, ઇટ્ટાલં વા વિ એગયા ।**
**ઠવિયં સંકમટ્ઠાએ, તં ચ હુજ્જ ચલાચલં ॥ ૬૫ ॥**

**ન તેણ ભિક્ખૂ ગચ્છિજ્જા, દિટ્ઠો તત્થ અસંજમો ।**
**ગંભીરં ઝુસિરં ચેવ, સવ્વિન્દિઅ સમાહિએ ॥ ૬૬ ॥**

સંયમી ભિક્ષુ ભિક્ષાર્થે ગયો હોય ત્યાં વર્ષાઋતુમાં કાદવથી બચવા માટે રસ્તામાં લાકડું. પત્થર, ઈંટ કે જે કોઇ સાધન ઓળંગવા સારુ રાખેલાં હોય તે ડગમગતા હોય તો સર્વેન્દ્રિય સમાધિવંત સાધુ તે ઉપરથી ન જાય કારણ કે તેની નીચે કેટલું પોલું કે નક્કર છે તેની ખબર ન પડવાથી તેમાં સંયમનો ભય છે અને જ્ઞાનીઓએ તેમાં સંયમની વિરાધના જોઈ છે. ૬૫—૬૬

**નિસ્સેણિં ફલગં પીઢં, ઉસ્સવિ-તાણમારુહે ।**
**મંચં કીલં ચ પાસાયં, સમણટ્ઠાએ વ દાવએ ॥૬૭॥**

**દુરુહમાણી પવડિજ્જા, હત્થં પાયં વ લૂસએ ।**
**પુઢવી જીવે વિ હિંસેજ્જા, જે અ તંનિસ્સિયા જગે ૬૮**

વળી સંયતિ ભિક્ષુ માટે કોઇ માણસ ભિક્ષા નિસરણી ચઢી

ઉતરીને કે પાટિયું, બાજોઠ, ખાટલો અને ખીલા વગેરે ઉંચા માંડીને સાધુને આપે તો તેવી ભિક્ષા સાધુને ન કલ્પે; કારણ માળ ઉપર ચઢતાં કદાચ દાતાર પડી જાય તો હાથ પગ ભાંગે તો પૃથ્વીકાયની તથા ત્યાં રહેલ બીજા જીવોની હિંસા થાય. ૬૭—૬૮

**એઆરિસે મહાદોસે, જાણિઊણ મહેસિણો ।**
**તમ્હા માલોહડં ભિક્ખં, ન પડિગિણ્હંતિ સંજયા ।૬૯।**

તે માટે સંયમી ભિક્ષુ મહર્ષિએ આવી જાતના દોષોને જાણીને મેડા ઉપરથી ઉતારેલ ભિક્ષાને લેવી નહિ. ૬૯

**કંદં મૂલં પલમ્બં વા, આમં છિન્નં ચ સન્નિરં ।**
**તુમ્બાગં સિંગવેરં ચ, આમગં પરિવજ્જએ ॥૭૦॥**

સુરણ વગેરે કંદ, પિંડાળુ વિદારિકાના મૂળ, તાડ વગેર ફલ, પાંદડાંનું શાક, તુંબડું અને આદુ વગેરે વસ્તુઓ કાચી હોય કે છેદેલી હોય તેને ભિક્ષુ લે નહિ. ૭૦

**તહેવ સત્તુ ચુન્નાઈં, કોલ ચુન્નાઈં આવણે ।**
**સક્કુલિં ફાણિયં પૂયં, અન્નં વા વિ તહાવિહં ॥૭૧॥**

**વિક્કાયમાણં પસઢં, રએણ પરિફાસિઅં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૭૨॥**

જવનો સથવો, બોરનો ભૂકો, તલ સાંકળી, નરમ ગોળ, પુલ્લા કે એવી બીજી વસ્તુ કે જે દુકાનમાં વેચાતી હોય કે લાંબા સમયની પડી રહી હોય, કે સજીવ રજથી સ્પર્શિત હોય તો મુનિ ભિક્ષુ ભિક્ષા આપનારને કહે કે આવી ભિક્ષા મને કલ્પતી નથી. ૭૧–૭૨

**બહુ અટ્ઠિઅં પુગ્ગલં, અણિમિસં વા બહુ કંટયં ।**
**અત્થિયં તિંદુયં બિલ્લં, ઉચ્છુખંડં વ સિંબલિં ॥૭૩॥**

**અપ્પેસિઆ ભોઅણ જાએ, બહુ ઉજ્ઝિય ધમ્મિએ ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૭૪॥**

જેમાં ઠળિયા વિશેષ હોય એવાં સીતાફળ વગેરે ફળ અનિમિષ નામના વૃક્ષનું ફળ, બહુ કાંટાવાળું ફળ જેમ કે અગથિયા, ટિંબરૂ ફળ, બીલી શેરડીના કકડા, શાલ્મલી વૃક્ષનું ફળ વગેરે ફળ અચેત–પ્રાસુક હોય તો પણ તેમાં ખાવાનું થોડું ને નાંખી દેવાનું વિશેષ છે તેવા ફળો મુનિ દાતાર પાસેથી ન લે અને કહે કે આવી વસ્તુ મને કલ્પતી નથી. ૭૩—૭૪

**તહેવુચ્ચાવયં પાણં, અદુવા વાર ધોઅણં ।**
**સંસેઇમં ચાઉલોદગં, અહુણા ધોઅં વિવજ્જએ ॥૭૫॥**

ઉંચી જાતનું દ્રાક્ષાદિનું પાણી અથવા કાંજીનું પાણી, તેમજ ધોવણનું પાણી, ગોળનું વાસણ ધોયા પછીનું પાણી, લોટનું પાણી, ચોખાનું તાજું ધોએલ પાણી હોય તો તેને ભિક્ષુ લે નહિ ૭૫

**જં જાણેજ્જ ચિરા ધોઅં, મઇએ દંસણેણ વા ।**
**પડિપુચ્છિઊણ સુચ્ચા, વા જં ચ નિસ્સંકિયં ભવે ।૭૬।**

પરંતુ ઉપર કહેલા પાણીને લાંબો સમય થયો હોય, એમ ભિક્ષુને બુદ્ધિ અને શ્રદ્ધાથી લાગે તો ગૃહસ્થને પૂછીને અને વિચારીને નિસંકિત થઇને તે પાણીની ભિક્ષા સ્વીકારે. ૭૬

**અજીવં પડિણયં નચ્ચા, પડિગાહિજ્જ સંજએ ।**
**અહ સંકિયં ભવિજ્જા, આસાઇત્તાણ રોઅઇ ॥૭૭॥**

તેમજ ભિક્ષા માટેનું પાણી અજીવ અચિત્ત થયું છે એમ જાણીને સંયમી તેને લઈ શકે, પરંતુ તે પાણી અચિત્ત હોય છતાં મનમાં શંકા થાય કે તે પથ્ય છે કે નહિ? તો તે પાણીનો આસ્વાદ કરી ખાત્રી કરીને લે. ૭૭

**થોવમાસાયણટ્ઠાએ, હત્થગમ્મિ દલાહિમે ।**
**મા મે અચ્ચંબિલં પુઅં, નાલં તિણ્હં વિણિત્તએ ૭૮**
**તં ચ અચ્ચંબિલં પૂઇં, નાણં તિણ્હં વિણિત્તએ ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૭૯॥**

આ વખતે ભિક્ષુ સાધુ ભિક્ષા આપનારને જણાવે કે, મને થોડું જળ ચાખવા માટે મારા હાથમાં આપો. પાણી લીધા પછી પાણી અતિ ખાટું, કે સ્વાદ ફેર, કે તૃષા શાંત કરવા પુરતું નથી, તો તે દાતારને કહે કે આ મને કલ્પે નહિ. ૭૮—૭૯

**તં ચ હુજ્જા અકામેણ, વિમણેણ પડિચ્છિઅં ।**
**તં અપ્પણા ન પિબે, નો વિ અન્નસ્સ દાવએ ॥૮૦॥**

કદાચ અનિચ્છાએ કે અજાણતાં આવું પાણી આવી જાય તો ભિક્ષુ તેનો ઉપયોગ કરે નહિ તેમજ બીજાને આપે નહિ ૮૦

**એગંતમવક્કમિત્તા, અચિત્તં પડિલેહિયા ।**
**જયં પડિટ્ઠવિજ્જા, પરિટ્ઠપ્પ પડિક્કમે ॥ ૮૧ ॥**

પરંતુ ભિક્ષુ આવા જળને એકાંતમાં લઇ જઇને અચિત્ત જગ્યા જોઇને તે જળને યત્નાપૂર્વક પરઠવે અને તે પરઠવ્યા પછી સાધુ ઉપાશ્રયમાં આવી ઇર્યાવહી કરે. ૮૧

**સિયા ય ગોયરગ્ગ ગઓ, ઇચ્છિજ્જા પરિભુ-તુઅં ।**
**કુટ્ઠગં ભિત્તિમૂલં વા, પડિલેહિત્તાણ ફાસુઅં ॥ ૮૨ ॥**
**અણુન્નવિ-તુ મેહાવી, પડિચ્છિન્નમ્મિ સંવુડે ।**
**હત્થગં સંપમજ્જિત્તા, તત્થ ભુંજિજ્જ જએ ॥ ૮૩ ॥**

ભિક્ષાએ ગયેલ મેધાવી ભિક્ષુ તપસ્યા કે રોગ વગેરેના કારણે પોતાની જગ્યાએ ગયા પહેલા ક્ષુધા તરસથી વ્યગ્ર બનતો હોય તો અને ભોજનની ઇચ્છા થાય તો શૂન્ય ઘર કે ભીંતના ઓઠે નિર્જિવ

જગ્યા તપાસીને ઉપર છત્રવાળી જગ્યા નીચે માલીકની આજ્ઞા મેળવીને પોતાના હાથને સારી રીતે સાફ કરીને ત્યાં ઇરિયાવહી કરીને ભિક્ષા લે. ૮૨—૮૩

**તત્થ સે ભુંજમાણસ્સ, અટ્ઠિઅં કંટઓ સિઆ ।**
**તણકટ્ઠસક્કરં વા વિ, અન્નં વા વિ તહાવિહં ॥ ૮૪ ॥**

**તં ઉક્ખિવિત્તુ ન નિક્ખિવે, આસએણ ન છડ્ડએ ।**
**હત્થેણ તં ગહેઊણં, એગંતમવક્કમે ॥ ૮૫ ॥**

**એગન્તમવક્કમિત્તા, અચિત્તં પડિલેહિઆ ।**
**જયં પરિટ્ઠવિજ્જા, પરિટ્ઠપ્પ પડિક્કમે ॥ ૮૬ ॥**

ઉપર પ્રમાણે વિધિથી ભોજન કરતા મુનિને ગોટલી, કાંટો કે ઘાસ કે લાકડાનો કકડો નીકળે તો તેને બેઠા બેઠા જ હાથથી ફેંકી ન દે, પરંતુ હાથથી લઇને એકાંતમાં જઇને અચેત જગ્યામાં યત્નાથી તે ચીજ મૂકે અને ત્યાં પરિઠવીને ઇરિયાવહિનો પાઠ ભણે.૮૪-૮૫-૮૬

**સિયા અ ભિક્ખુ ઇચ્છિજ્જા, સિજ્જમાગમ્મ ભુત્તુઅં ।**
**સ પિંડ પાયમાગમ્મ, ઉંડુઅં પડિલેહિઆ ॥ ૮૭ ॥**

અને ઇરિયાવહી પડિક્કમીને ભિક્ષુને ખાવાની ઇચ્છા હોય તો તે ભોજન કરવાની જગ્યાને પડિલેહણ કરે અને પછી રજોહરણથી તેને સ્વચ્છ કરે. ૮૭

**વિણએણ પવિસિત્તા, સગાસે ગુરુણો મુણી ।**
**ઇરિયાવહિયમાયાય, આગઓ અ પડિક્કમે ॥ ૮૮ ॥**

આ ભિક્ષુ ગુરુની પાસે સવિનય આવીને ઇરિયાવહી ક્રિયા પડિક્કમે એટલે કાઉસગ્ગ કરે. ૮૮

**આભોઇત્તાણં નીસેસં, અઇઆરં ચ જહક્કમં ।**
**ગમણાગમણે ચેવ, ભત્ત પાણે વ સંજએ ॥ ૮૯ ॥**

પછી તે ભિક્ષુ મુનિ આહારપાણી લેવા જતાં કે ત્યાંથી પાછા ફરતાં જે કંઈ અતિચાર કર્યાં હોય તે બધા ક્રમ પ્રમાણે યાદ કરે.૮૯

**ઉજ્જુપ્પન્નો અણુવ્વિગો, અવક્ખિત્તેણ ચેયસા ।**
**આલોએ ગુરુસગાસે, જં જહા ગહિયં ભવે ॥ ૯૦ ॥**

આમ કાઉસ્સગ કર્યા પછી સરલ બુદ્ધિ અને અનુદ્વેગી મુનિ પોતાના ગુરુ પાસે આહાર પાણી કેવી રીતે લાવ્યો તે બધું અવ્યગ્ર ચિત્તે કહે. ૯૦

**ન સમ્મમાલોઇઅં હુજ્જા, પુવ્વિં પચ્છા વ જં કડં ।**
**પુણો પડિક્કમે તસ્સ, વોસિટ્ઠો ચિન્તએ ઇમં ॥ ૯૧ ॥**

સંયમી ભિક્ષુ મુનિ પહેલાં કે પછી થયેલા દોષોની કદાચિત તે વખતે બરાબર આલોચના ન થઇ હોય તો ફરીથી તેનું પ્રતિક્રમણ કરે અને તે વખતે કાઉસ્સગ્ગ કરી વિચારે કે— ૯૧

**અહો ! જિણેહિ અસાવજ્જા, વિત્તી સાહૂણ દેસિયા ।**
**મુક્ખ સાહૂણ હેઉસ્સ, સાહુ દેહસ્સ ધારણા ॥ ૯૨ ॥**

અહા ! જિનેશ્વર ભગવાને મોક્ષના સાધનરૂપ સાધુ પુરુષના દેહને ટકાવી રાખવા માટે કેવી નિર્દોષ ભિક્ષાની વિધિ બતાવી છે.૯૨

**નમુક્કારેણ પારિત્તા, કરેત્તા જિણ સંથવં ।**
**સજ્ઝાયં પટ્ઠવેત્તાણં, વીસમેજ્જ ખણં મુણી ॥ ૯૩ ॥**

કાઉસ્સગ પછી નમસ્કાર બોલી કાઉસ્સગ્ગ પાળી પછી જિન સ્તુતિ લોગસ્સનો પાઠ બોલી થોડો સ્વાધ્યાય કરી ભિક્ષુ મુનિ ક્ષણ વાર આરામ લે. ૯૩

**વીસમન્તો ઇમં ચિન્તે, હિયમટ્ઠં લાભમટ્ઠિયો ।**
**જઇ મે અણુગ્ગહં કુજ્જા, સાહુ હુજ્જામિ તારિઓ ॥૯૪॥**

અને ક્ષણ વાર આરામ લીધા પછી સંયમી મુનિ પોતાન આત્માના હિતના અર્થે નીચે પ્રમાણે વિચારે કે આ નિર્દોષ આહા લેવા વડે બીજા મુનિઓ મારા ઉપર કૃપા કરે તો હું સંસાર સમુ તરી જાઉં ? ૯૪

**સાહવો તો ચિઅ-તેણં, નિમંતિજ્જ જહક્કમં ।**
**જઇ તત્થ કેઇ ઇચ્છિજ્જા, તેહિં સદ્ધિં તુ ભુંજએ ॥૯૫॥**

આમ વિચારી ગુરુ આજ્ઞા લઇને સૌથી પ્રથમ દીક્ષા વડેરાને પછી તેનાથી નાના મુનિને એમ ક્રમશઃ બધા સાધુને આમંત્રણ આપે. આમ આમંત્રણ આપતાં જો કોઈ સાધુ સાથે આહારની ઇચ્છા રાખે તો તેની સાથે ભિક્ષા કરે. ૯૫

**અહ કોઇ ન ઇચ્છિજ્જા, તઓ ભુંજિજ્જ એક્કઓ ।**
**આલોએ ભાયણે સાહૂ, જયં અપરિસાડિઅં ॥ ૯૬ ॥**

જો કોઈ સાધુ આહાર કરવા ન ઇચ્છે તો સંયમી મુનિ પોતે એકલો જ રાગ દ્વેષ વિરક્ત થઇને પહોળા મુખવાળા પ્રકાશિત ભાજનમાં યત્નાપૂર્વક નીચે ન વેરાય તેમ આહાર કરે. ૯૬

**તિત્તગં ચ કડુઅં ચ કસાયં,**
**અંબિલં ચ મહુરં લવણં વા ।**
**એય લદ્ધમન્નત્થ પઉત્તં,**
**મહુઘયં વ ભુંજિજ્જ સંજએ ॥ ૯૭ ॥**

સંયમી ભિક્ષુએ ભિક્ષામાં આવેલું અન્ન તીખું, કડવું, કસાયેલું ખાટું, મીઠું, ખારૂં, ગમે તેવું હોય તો પણ તે અન્નને, મધ ને ઘી માની [ખેદ પામ્યા વિના] આરોગવું ૯૭.

**અરસં વિરસં વા વિ, સૂઇઅં વા અસૂઇઅં ।**
**ઉલ્લં વા જઇ વા સુક્કં, મન્થુકુમ્માસ ભોઅણં ॥૯૮॥**

**ઉપ્પણ્ણં નાઐહીલિજ્જા, અપ્પં વા બહુ ફાસુઅં ।**
**મુહા લદ્ધં મુહાજીવી, ભુંજિજ્જા દોસવજ્જિઅં ॥૯૯॥**

મુનિને ભિક્ષામાં આહાર રસ વિનાનો લુખ્ખો મળે કે જુના ધાન્યનો હો કે ઉત્તમ પ્રકારની શાક સામગ્રી સહિત હોય કે શાક વિનાનો હોય, સ્નિગ્ધ હોય કે અલ્પ હોય, બોર કુંટ હોય કે અડદના બાકળાનું ભોજન હોય, અલ્પ હોય કે વિશેષ હોય, પરંતુ તે ભોજન આપનારની વાત ન કરે, કારણ કે મુનિ ભિક્ષુને શરીર કેવળ સંયમ યાત્રા જ છે. તેને તેના જીવનની કિંમત જ નથી, તો ભિક્ષામાં રસ-નિરસ ભાવ કયાંથી હોય ? એટલે તે ભિક્ષા નિસ્વાર્થભાવે શાંતિપૂર્વક આરોગે. ૯૮-૯૯

**દુલ્લહા ઉ મુહાદાઇ, મુહાજીવી વિ દુલ્લહા ।**
**મુહાદાઈ મુહાજીવો, દો વિ ગચ્છન્તિ સોગ્ગઈં ॥ ૧૦૦ ॥**

**॥ ત્તિ બેમિ ॥**

ભિક્ષા આપનાર દાતા અને સંયમ નિભાવ માટે નિઃસ્વાર્થ ભાવે ભિક્ષા લેનાર ભિક્ષુ એ બન્ને દુર્લભ છે. જે દાતાર અને ભિક્ષુ નિઃસ્વાર્થી છે તેઓ બન્ને સદ્‌ગતિને પામે છે. ૧૦૦

**। ઇતિ પિણ્ડૈષણા ભિક્ષા સામાચારી ।**

# પહેલો ઉદ્દેશ

**પડિગ્ગહં સંલિહિત્તાણં, લેવમાયાઇ સંજએ ।**
**દુગન્ધં વા સુગન્ધં વા, સવ્વં ભુંજે ન છડ્ડએ ॥ ૧ ॥**

સંયમી સાધુ ભિક્ષામાં આવેલ આહાર, તે ભલે સુગંધયુક્ત હોય કે દુર્ગંધયુક્ત હોય તો તે બધું પાત્રને છેલ્લો લેપ લાગેલ હોય તે બધું આંગળીથી સાફ કરીને જમે, પરંતુ તેને છાંડે નહિ. ૧

**સેજ્જા નિસીહિયાએ, સમાવન્નો ય ગોયરે ।**
**અયાવયટ્ઠા ભુચ્ચાણં, જઈ તેણં ન સંથરે ॥ ૨ ॥**

સાધુ ભિક્ષુ ઉપાશ્રયમાં કે સ્વાધ્યાય કરવાના સ્થાનમાં ગોચરીમાં આવેલ આહાર ઓછો પડે અને વધુની જરૂર પડે તો— ૨

**તઓ કારણસમુપ્પન્ને, ભત્તપાણં ગવેસએ ।**
**વિહિણા પુવ્વઉ-તેણ, ઇમેણં ઉત્તરેણ ય ॥ ૩ ॥**

અથવા બીજા કોઈ કારણથી ભાતપાણી લેવાની જરૂર જણાય તો વિધિપૂર્વક પહેલાં કહ્યું તેમ, તેમજ હવે પછી કહીએ તેમ આહાર પાણીની ગવેષણા કરે. ૩

કાલયતના કહે છે:—

**કાલેણ નિક્ખમે ભિક્ખૂ, કાલેણ ય પડિક્કમે ।**
**અકાલં ચ વિવજ્જિત્તા, કાલે કાલં સમાયરે ॥ ૪ ॥**

ભિક્ષુ મુનિ યુક્ત સમયે ભિક્ષા માટે નીકળે, તેમજ ભિક્ષાનો સમય પુરો થતાં પાછો ફરે. અકાલને છોડીને સમય પ્રમાણે બધું કામ કરે. ૪

**અકાલે ચરસિ ભિક્ખૂ, કાલં ન પડિલેહસિ ।**
**અપ્પાણં ચ કિલામેસિ, સન્નિવેસં ચ ગરિહસિ ॥ ૫ ॥**

હે ભિક્ષુ ! તું કવખતે ભિક્ષા માટે જાય અને સમયને ઓળખે નહિ તો અસુરો જવાથી તારા આત્માને ખેદ થાય છે અને ખોરાક ન મળવાથી તું સન્નિવેશ–પાડાની અવહેલના કરે છે. ૫

**સઈ કાલે ચરે ભિક્ખૂ, કુજ્જા પુરિસકારિઅં ।**
**અલાભો ત્તિ ન સોઈજ્જા, તવો ત્તિ અહિયાસએ ॥૬॥**

માટે ભિક્ષાના સમયે જ ભિક્ષુએ ભિક્ષાનો પુરુપાર્થ કરવો જોઇએ અને ભિક્ષા માટે જાય અને ભિક્ષા ન મળે તો શોચ ખેદ ન કરે. સહજ તપસ્યા થઈ એમ વિચાર કરે અને ભૂખ—તરસને સમભાવે વેદે. ૬

હવે ક્ષેત્ર યાતના કહે છે:—

**તહેવુચ્ચાવયા પાણા, ભત્તટ્ઠાએ સમાગયા ।**
**તં ઉજ્જુઅં ન ગચ્છિજ્જા, જયમેવ પરક્કમે ॥ ૬ ॥**

સાધુ ભિક્ષુ નાનાં–મોટાં પશુ-પક્ષીઓ ચણ માટે ભેગાં થયાં હોય તેની પાસે ન જાય, પરંતુ બીજો માર્ગ ન હોય તો પાછો ફરે. ૭

**ગોઅરગ્ગ પવિટ્ઠો અ, ન નિસીઇજ્જ કત્થઈ ।**
**કહં ચ ન પબન્ધિજ્જા, ચિટ્ઠિત્તાણ વ સંજએ ॥ ૮ ॥**

ગૃહસ્થને ઘેર ગોચરી માટે ગએલ સાધુ કોઇ જગ્યાએ બેસે નહિં તેમજ કોઇ જગ્યાએ ઉભો રહી વાતો ન કરે. ૮

**અગ્ગલં ફલિહં દારં, કવાડં વા વ સંજએ ।**
**અવલંબિઆ ન ચિટ્ઠિજ્જા, ગોયરગ્ગઓ મુણી ॥ ૧૦ ॥**

ગોચરીને માટે ગએલ મુનિ ગૃહસ્થના ઘરના બારણાની અર્ગલા ભોગળ, કમાડનું પાટિયું કે બારણાને ટેકો દઇને ઉભો રહે નહિ. ૯

**સમણં માહણં વા વિ, કિવિણં વા વણીમગં ।**
**ઉવસંકમંતં ભત્તટ્ઠા, પાણટ્ઠાએ વ સંજએ ॥ ૧૦ ॥**

**તમઇક્કમિ-ત્તુ ન પવિસે, ન ચિટ્ઠે ચક્ખુગોઅરે ।**
**એગન્તમવક્કમિત્તા, તત્થ ચિટ્ઠિજ્જ સંજએ ॥ ૧૧ ॥**

ગોચરીએ ગયેલો સંયતિ સાક્યાદિક મતના સાધુ બ્રાહ્મણ કૃપણ કે ભિખારી જો ગૃહસ્થનાં બારણે ભાત-પાણી માટે ઉભા હોય તો તેને ઓળંગીને ગૃહમાં પ્રવેશ ન કરે તેમજ તેની નજર પડે તેવા સ્થાને ઉભો ન રહે તેમજ એકાંતમાં જઇને ઉભો રહે. ૧૦—૧૧

**વણીમગસ્સ વા તસ્સ, દાયગસ્સુભયસ્સ વા ।**
**અપ્પત્તિઅં સિયા હુજ્જા, લહુત્તં પવયણસ્સ વા ॥૧૨॥**

કારણ કે તેમ કરવાથી તે ભિખારી અથવા દાતા નાખુશ થાય અથવા બન્ને નાખુશ થાય તેમજ પોતાના ધર્મની પણ હલકાઇ થાય.૧૨

**પડિસેહિએ વ દિન્ને વા, તઓ તમ્મિ નિયત્તિએ ।**
**ઉવસંકમિજ્જ ભત્તટ્ઠા, પાણટ્ઠાએ વ સંજએ ॥ ૧૩ ॥**

સંયમી ભિક્ષુ ગૃહસ્થી ભિક્ષુને ત્યાં ત્યારેજ જાય જ્યારે ગૃહસ્થી બીજા ભિક્ષુને ભિક્ષા આપે કે ભિક્ષા આપવાની ના પાડે અને જ્યારે તે બીજો ભિક્ષુ પાછો ફરે. ૧૩

**ઉપ્પલં પઉમં વા વિ, કુમુઅં વા મગદન્તિઅં ।**
**અન્નં વા પુપ્ફસચિત્તં તં ચ સંલુંચિઆ દએ ॥ ૧૪ ॥**

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥ ૧૫ ॥**

નીલ કમલ, લાલ કમલ ( પદ્મ ) અથવા શ્વેત કમલ અથવા મોગરાનું કે તેવું ફુલ ચૂંટીને કોઇ ભિક્ષા આપે તો તે ભોજન-પાણી સંયમી સાધુને અકલ્પ્ય છે માટે સાધુ ભિક્ષા આપનારને કહે કે આવી ભિક્ષા મને કલ્પતી નથી. ૧૪-૧૫

**ઉપ્પલં પઉમં વા વિ, કુમુઅં વા મગદંતિઅં ।**
**અન્નં વા પુપ્ફ સચ્ચિત્તં, તં ચ સમ્મદ્દિઆ દએ ॥૧૬॥**

**તં ભવે ભત્તપાણં તુ, સંજમાણ અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥ ૧૭ ॥**

તેમજ સંયમી ભિક્ષુ માટે નીલ કમલ કે પદ્મ કમલ કે શ્વેત કમલ કે મોગરાનું કે તેવું બીજું કોઇ ફુલ કચરીને કોઇ ગૃહસ્થ વ્હોરાવે તો તે ભિક્ષા તેને અગ્રાહ્ય છે. સંયમી મુનિ ભિક્ષા આપનારને કહે કે આવી ભિક્ષા મને ન કલ્પે. ૧૬-૧૭

**સાલુઅં વા વિરાલિયં, કુમુયં ઉપ્પલનાલિયં ।**
**મુણાલિઅં સાસવનાલિઅં, ઉચ્છુખંડં અનિવ્વુડં ॥૧૮॥**

**તરુણગં વા પવાલં, રુક્ખસ્સ તણગસ્સ વા ।**
**અન્નસ્સ વા વિ હરિઅસ્સ, આમગં પરિવજ્જએ ॥૧૯॥**

કમળની કંદ, ખાખરાનો કંદ, કમલનો સાંઠો, લીલા કમળનો સાંઠો, કમળના તંતુ, સરસવની ડાંડલી, શેરડીના કટકા આ સર્વ સચેત તથા નવા કુપળ, વૃક્ષની, તૃણની તથા એવી બીજી કોઇ વનસ્પતિની કાચી કુંપળો સંયમી સાધુ ન ગ્રહણ કરે. ૧૮-૧૯

**તરુણિઅં વા છિવાડિં, આમિઅં ભજ્જિઅં સયં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥ ૨૦ ॥**

વળી કુણી ચોળી કે મગની શીંગ, એક વાર શેકેલી હોય અથવા કાચી હોય કે મિશ્ર હોય તો સાધુ કહે કે આવી ભિક્ષા મને ન કલ્પે.૨૦

**તહા કોલમણુસ્સિન્નં, વેલુઅં કાસવનાલિઅં ।**
**તિલપપ્પડગં નીમં, આમગં પરિવજ્જએ ॥ ૨૧ ॥**

અગ્નિ વગેરેથી અપક્વ બોર કૂટ, વાડાના :કારેલાં, નાળિયેર, તલપાપડી તથા લીંબોળી સાધુ વર્જે (તે ન કલ્પે) ૨૧

**તહેવ ચાઉલં પિટ્ઠં, વિઅડં વા તત્તનિવ્વુડં ।**
**તિલપિટ્ઠ પૂઇપિન્નાગં, આમગં પરિવજ્જએ ॥ ૨૨ ॥**

તેમ તાજો ચોખાનો લોટ, તેમ કાચું પાણી, બરાબર ઉનું થયું નથી એવું મિશ્ર પાણી, તલનો ખોળ, સરસવનો ખોળ તે સર્વે સાધુ વર્જે. ૨૨

**કવિટ્ઠં માઉલિંગં ચ, મૂલગં મૂલગત્તિઅં ।**
**આમં અસત્થ પરિણયં, મણસા વિ ન પત્થએ ॥૨૩॥**

તેમજ મુનિ કોઠું, બિજોરી, મૂળો કે મૂળાનું થડ, સમાર્યા વિનાનું કાચું મનથી પણ ન ઇચ્છે. ૨૩

**તહેવ ફલમન્થૂણિ, બીઅ મંથૂણિ જાણિઆ ।**
**વિહેલગં પિયાલં ચ, આમગં પરિવજ્જએ ॥ ૨૪ ॥**

તેમજ ફળોનું ચુરણ તેમજ બીજોનું ચુરણ તેમજ બહેડાં તેમજ રાયણના ફળ વગેરે કાચાં જાણી જોઇને ન લે ૨૪

**સમુઆણં ચરે ભિક્ખુ, કુલમુચ્ચાવયં સયા ।**
**નીયં કુલમઇક્કમ્મ, ઓસઢં નાભિધારએ ॥ ૨૫ ॥**

ભિક્ષુ હંમેશાં સામુદાયિક ધનવાન અને ગરીબ બન્ને સ્થળે જાય તેમજ નિર્ધન કુળનું ઘર જાણી તેને ઓળંગીને પૈસાદારના ઘેર ન જાય. ૨૫

**અદીણો વિત્તિમેસિજ્જા, ન વિસીએજ્જ પંડિએ ।**
**અમુચ્છિઓ ભોઅણમ્મિ, માયણ્ણે એસણારએ ॥૨૬॥**

પંડિત મુનિ ભિક્ષા લેતી વખતે દીનપણાને તેમજ મુર્છા ભાવને ન પામે પરન્તુ નિર્દોષ અને સમાપ ભિક્ષા લે અને તેને ભિક્ષા ન મળે તો ખેદને ન પામે. ૨૬

**બહું પરઘરે અસ્થિ, વિવિહં ખાઇમં-સાઇમં ।**
**ન તત્થ પંડિઓ કુપ્પે, ઇચ્છા દિજ્જ પરો ન વા ।૨૭।**

ભિક્ષા આપનારના ઘેર અનેક જાતના મેવા અને મુખવાસ હોય છતાં તેને ભિક્ષામાં કંઈ મળે કે ન મળે તો તે કોપાયમાન થાય નહિ. ૨૭

**સયણાસણ વત્થં વા, ભત્તપાણં ચ સંજએ ।**
**અદિંતસ્સ ન કુપ્પિજ્જા, પચ્ચક્ખે વિ અ દિસઓ ।૨૮।**

ગૃહસ્થના ઘેર ભિક્ષુ સુવાનું આસન, પહેરવાનું વસ્ત્ર, ભાત-પાણી લેવા ગયો હોય અને તે પ્રત્યક્ષ દેખાય છતાં તેને ન મળે તો ભિક્ષુ કોપે નહિ. ૨૮

**ઇત્થિઅં પુરિસં વા વિ, ડહરં વા મહલ્લગં ।**
**વન્દમાણં ન જાએજ્જા, નો અ ણં ફરુસં વએ ।।૨૯।।**

સ્ત્રી, પુરૂષ, બાળક કે વૃદ્ધ જે વખતે વંદન કરે તે વખતે તેમની પાસે ભિક્ષા યાચે નહિ અને ભિક્ષા યાચતાં છતાં ન મળે તો કઠોર વચન ન બોલે ૨૯

**જે ન વન્દે ન સે કુપ્પે, વન્દિઓ ન સમુક્કસે ।**
**એવમન્નેસમાણસ્સ, સામણ્ણમણુ ચિટ્ઠઈ ।। ૩૦ ।।**

ભિક્ષુને કોઈ વંદે તો ઉત્કર્ષ ન કરે, ન વંદે કોપે નહિ આમ ભગવાનની આજ્ઞા પાળનાર સાધુથી શ્રમણપણું સચવાય છે, ૩૦

**સિઆ એગઇઓ લધ્ધું, લોભેણ વિણિગૂહઇ ।**
**મામેયં દાઇયં સંતં, દટ્ઠૂણં સયમાયએ ।। ૩૧ ।।**

**અત્તટ્ઠા ગુરુઓ લુદ્ધો, બહું પાવં પકુવ્વઇ ।**
**દુત્તો સઓ અ સે હોઈ, નિવ્વાણં ચ ન ગચ્છઇ ॥૩૨॥**

કદાચ કોઇ સાધુ પોતે સારી ભિક્ષા મેળવીને હું પોતે જ તેનો ભોગ કરૂં, જો હું બીજાને બતાવું તો બીજા મુનિ કિંવા આચાર્ય તે સ્વયં ગ્રહણ કરશે, એમ માનીને લોભથી છુપાવે છે તે લાલચુ અને પેટ ભરો સાધુ ઘણું પાપ કરે છે, અસંતુષ્ટ બને છે અને નિર્વાણને પામતો નથી. ૩૧-૩૨

**સિઆ એગઇઓ લદ્ધું, વિવિહં પાણ ભોઅણં ।**
**ભદ્દગં ભદ્દગં ભુચ્ચા, વિવન્નં વિરસમાહરે ॥ ૩૩ ॥**
**જાણંતુ તા ઇમે સમણા, આયયટ્ઠી અયં મુણી ।**
**સંતુટ્ઠો સેવએ પંતં, લૂહવિત્તી સુતોસઓ ॥ ૩૪ ॥**

વળી કોઈ સાધુ જુદી જુદી જાતનું અન્નપાણ મેળવે અને સારૂં સારૂં રસ્તામાં ખાઇ જાય અને બાકીનો ઠંડો અને નીરસ આહાર ઉપાશ્રયમાં લાવે, કારણ કે તેમ કરવાથી બીજા શ્રમણો એમ જાણે કે આ મુનિ ખુબ આત્માર્થી અને સંતોષી ભિક્ષુ છે અને લુખો સૂકો આહાર કરે છે. ૩૩—૩૪

**પૂયણટ્ઠા જસો કામી, માણ સમ્માણ કામએ ।**
**બહું પસવઇ પાવં, માયા સલ્લં ચ કુવ્વઈ ॥ ૩૫ ॥**

જે સાધુ પૂજાવાનો અર્થી છે, યશનો કામી છે અને માન-સન્માન ઇચ્છેછે, તે માયા સલ્ય કરવાથી ઘણું પાપકર્મ ઉપાર્જે છે.૩૫

**સુરં વા મેરગં વા વિ, અન્નં વા મજ્જગં રસં ।**
**સસક્ખં ન પીવે ભિક્ખુ, જસંસારક્ખમપ્પણો ॥ ૩૬ ॥**

આત્માના યશનું સંરક્ષણ કરતો ભિક્ષુ દારુ, કંઇ દ્રાક્ષનો કે મહુડાનો દારુ કે બીજા કોઇપણ માદક રસને ન સેવે. ૩૬

**પિયએ એગઓ તેણો, ન મે કોઈ વિઆણઈ ।**
**તસ્સ પસ્સહ દોસાઈં, નિયડિં ચ સુણેહ મે ॥ ૩૭ ॥**

જે ભિક્ષુ સાધુ એકાંતમાં સુરાપાન કરે અને મનમાં માને કે, મને કોઈ જાણતું નથી, તેના દોષોને જુઓ અને માયાને પણ જુઓ જેને હું વર્ણવું છું તે સાંભળોઃ— ૩૭

**વડ્ઢઇ સુંડિઆ તસ્સ, માયા મોસં ચ ભિક્ખુણો ।**
**અયસો અ અનિવ્વાણં, સયયં ચ અસાહુઆ ॥૩૮॥**

આવા ભિક્ષુની આસક્તિ અને માયા અને જૂઠ, પ્રપંચ વધે છે, તેનો અપયશ થાય છે. તે શાંતિ રૂપ મોક્ષને પામતો નથી, તે હંમેશાં અસાધુતામાં ડુબતો જાય છે. ૩૮

**નિચ્ચુવ્વિગ્ગો જહા તેણો, અત્તકમ્મેહિં દુમ્મઈ ।**
**તારિસો મરણંતે વિ, ન આરાહેઇ સંવરં ॥ ૩૯ ॥**

આવો દુર્મતિ ભિક્ષુ હંમેશાં પોતાના કર્મોથી ઉદ્વિગ્ન રહે છે, અને તે મૃત્યુની ઘડી સુધી સંવરને આરાધતો નથી. ૩૯

**આયરિએ નારાહેઇ, સમણે આવિ તારિસો ।**
**ગિહત્થા વિણં ગરિહંતિ, જેણ જાણંતિ તારિસં ॥૪૦॥**

જે ગૃહસ્થો આવા ભિક્ષુને જાણે છે તેને તેઓ ધિક્કારે છે તેમજ આવો દુર્મતિ ભિક્ષુ આચાર્યોને કે શ્રમણોને આરાધી શકતો નથી. ૪૦

**એવં તુ અગુણપ્પેહી, ગુણાણં ચ વિવજ્જએ ।**
**તારિસો મરણં તે વિ, ણ આરાહેઇ સંવરં ॥ ૪૧ ॥**

આમ દુર્મતિ સાધુ અવગુણને જોનાર છે અને ગુણોને છોડનાર છે તે મરણ વખતે સંવરને આરાધી શકતો નથી. ૪૧

**તવં કુવ્વઇ મેહાવી, પણીઅં વજ્જએ રસં ।**
**મજ્જપ્પમાય વિરઓ, તવસ્સીઅઇઉક્કસો ॥ ૪૨ ॥**

જે મેધાવી જ્ઞાન સંપન્ન સાધુ છે તે સ્નિગ્ધ અને રસદ આહાર છોડે છે તે મદ અને પ્રમાદથી વિરક્ત છે અને તે તપસ્વી થઇ ઉત્કર્ષ વિકાશ માર્ગને સેવે છે. ૪૨

**તસ્સ પસ્સહ કલ્લાણં, અણેગ સાહુપૂઇયં ।**
**વિઉલં અત્થ સંજુત્તં, કિત્તઇસ્સં સુણેહ મે ॥ ૪૩ ॥**

તે ભિક્ષુના કલ્યાણ રૂપ સંયમ તરફ જુઓ. તે ભિક્ષુને અનેક સાધુ પૂજે છે તથા તે સાધુને મોક્ષરૂપી વિપુલ અર્થ પ્રાપ્ત થાય છે. તેની કીર્તિ હું કહું છું, તે મારી પાસેથી સાંભળો. ૪૩

**એવં તુ ગુણપ્પેહી, અગુણાણં ચ વિવજ્જએ ।**
**તારિસો મરણંતે વિ, આરાહેઇ સંવરં ॥ ૪૪ ॥**

આમ તે ગુણ જોનાર સાધુ અવગુણોને છોડી દે છે. તે મરણની ઘડી સુધી સંવરને સેવે છે. ૪૪

**આયરિએ આરાહેઇ, સમણે આવિ તારિસો ।**
**ગિહત્થા વિ ણં પૂયન્તિ, જેણ જાણન્તિ તારિસં ॥ ૪૫ ॥**

આવા સાધુઓ, આચાર્યો અને શ્રમણોની ઉપાસના કરે છે. ગૃહસ્થોને તેવા ઉતમ સાધુની જાણ થાય છે અને તેને પૂજે છે, ૪૫

**તવ તેણે, વય તેણે, રૂવ તેણે અ જે નરે ।**
**આયાર ભાવ તેણે અ, કુવ્વઇ દેવ કિબ્વિસં ॥ ૪૬ ॥**

જે ભિક્ષુ તપ, વચન, રૂપ આચાર અને ભાવનો ચોર છે તે સાધુ કાળ કરી દેવતા માંહી કિલ્વિષી દેવ થાય છે. ૪૬

**લધ્ધૂણ વિ દેવત્તં, ઉવવન્નો દેવ કિબ્વિસે ।**
**તત્થાવિ સે નયાણાઇ, કિં મે કિચ્ચા ઇમં ફલં ॥ ૪૭ ॥**

તે સાધુ કિલ્વિષી જાતિનો દેવ થઇને જાણતો નથી કે હું કિલ્વિષી દેવ શાથી થયો ? ૪૭

**તત્તો વિ સે ચઇત્તાણં, લબ્ભઇ એલમૂઅગં ।**
**નરગં તિરિક્ખ જોણિંવા, બોહી જત્થ સુદુલ્લહા ॥૪૮॥**

આ કિલ્વિષી દેવ ત્યાંથી મરીને મુંગાપણું તથા બકરાની દશાને પામે છે અથવા તે નરક તથા તિર્યંચ યોનિમાં જાય છે. જ્યાં બોધિ સમકિત રત્ન અતિ દુર્લભ છે. ૪૮

**એઅં ચ દોસં દટ્ઠૂણં, નાયપુ-તેણ ભાસિઅં ।**
**અણુમાયંપિ મેહાવી, માયા મોસં વિવજ્જએ ॥૪૯॥**

આવા દોષને જોઇને જ જ્ઞાતપુત્ર મહાવીરે કહ્યું છે કે જરા પણ મેધાવી ડાહ્યા માણસે માયા કે અસત્ય સેવવું નહિ. ૪૯

**સિક્ખિઊણ ભિક્ખેસણ સોહિં, સંજયાણ બુદ્ધાણ સગાસે ।**
**તત્થ ભિક્ખૂ સુપ્પણિહિંઇંદિએ, તિવ્વલજ્જગુણવં**
**વિહરિજ્જાસિ ॥ ૫૦ ॥ ત્તિ બેમિ ॥**

આમ સંયતિ બુદ્ધ પાસેથી એષણિક ભિક્ષાચારી શીખીને ઇંદ્રિયોને સમાધિમાં રાખીને તીવ્ર સંયમી અને ગુણવાન ભિક્ષુ સંયમમાં વિચરે. ૫૦   એમ હું કહું છું.

卐

# મહાચાર કથા

(છઠું અધ્યયન)

**નાણ દંસણ સંપન્નં, સંજમે અ તવે રયં ।**
**ગણિમાગમ સંપન્નં, ઉજ્જાણમ્મિ સમોસઢં ॥ ૧ ॥**

સમ્યક્‌જ્ઞાન સમ્યક્‌ દર્શનથી વિભૂષિત સંયમ અને તપમાં રક્ત આગમ સૂત્રોના જાણ ગણિ આચાર્યવર ઉદ્યાનમાં પધાર્યા. ૧

**રાયાણો રાયમચ્ચા ય, માહણા અદુવ ખત્તિયા ।**
**પુચ્છન્તિ નિહુઅપ્પાણો, કહં ભે આયાર ગોયરો ॥૨॥**

રાજાઓ, રાજાના પ્રધાનો. બ્રાહ્મણો, ક્ષત્રિઓ, અને વૈશ્યો આચાર્ય પ્રવરને આચાર અને ગોચરીના પ્રશ્નો પૂછે છે. આચાર એટલે પાંચ મૂળવ્રતરૂપી નિયમો ગોચર એટલે સંયમના નિયમો. ૨

**તેસિં સો નિહુઓ દન્તો, સવ્વ ભૂયસુહાવહો ।**
**સિક્ખાએ સુસમાઉત્તો, આયક્ખઇ વિઅક્ખણો ॥ ૩ ॥**

તે પર્ષદાને નિશ્ચલ મનવાળા દાન્ત અને સર્વ પ્રાણી માત્રનું સુખ ઇચ્છનાર વિચક્ષણ સારી શિખામણ કહે છે. ૩

**હન્દિ ધમ્મત્થ કામાણં, નિગ્ગન્થાણં સુણેહ મે ।**
**આયાર ગોયરં ભીમં, સયલં દુરહિટ્ઠિઅં ॥ ૪ ॥**

હે પર્ષદા ! ધર્મ એજ જેનો અર્થ અને કામ છે એવા નિર્ગ્રંથોને અતિકઠિન (ભીમ) આચાર અને ગોચર જે સામાન્ય જનોથી દુષ્કર છે તે હું કહું છું તે સાંભળ. ૪

**નન્નત્થ એરિસં વુત્તં, જં લોએ પરમ દુચ્ચરં ।**
**વિઉલટ્ઠાણ ભાઇસ્સ, ન ભૂઅં ન ભવિસ્સઇ ॥ ૫ ॥**

આ લોકમાં જેનુ પાલન વિશેષ દુષ્કર છે. તેવું દુષ્કર વ્રત એક વીતરાગના એકાંત મોક્ષના ભાજનરૂપ ગણાતા માર્ગ વિના બીજે કયાંય ભૂત કે ભવિષ્યમાં નથી. ૫

**સખુડ્ડગવિઅત્તાણં, વાહિઆણં ચ જે ગુણા ।**
**અક્ખંડફુડિઆ કાયવ્વા, તં સુણેહ જહા તહા ॥૬॥**

ઉમ્મરમાં બાલ એટલે શારીરિક અને માનસિક શકિતમાં અપકવ, અને ઉંમરમાં પરિપકવ એટલે શરીર અને મનની શકિતમાં પકવ અને રોગિષ્ટને જે નિયમો અખંડપણે તેમજ સ્પષ્ટપણે જેમ છે તેમ પાળવાના છે, તે સાંભળો ૬

**દસ અટ્ઠ ય ઠાણાઈં, જાઈં બાલોઽવરજ્ઝઇ ।**
**તત્થ અન્નયરે ઠાણે, નિગ્ગંથત્તાઓ ભસ્સઈ ॥ ૭ ॥**

આ સંયમવિધિના અઢાર સ્થાન કોઇ જો બાલ-અજ્ઞાની સાધક આમાંના એક પણ સ્થાનની વિરાધના કરે તો તે નિગ્રંથપણામાંથી ભ્રષ્ટ થાય છે. ૭

**વય છક્કં કાય છક્કં, અકપ્પો ગિહિભાયણં ।**
**પલિયંક નિસિજ્જાય, સિણાણં સોહવજ્જણં ॥ ૮ ॥**

અઢાર સ્થાન નીચે પ્રમાણે છે ૧થી ૬ છ વ્રત અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને રાત્રિ ભોજન ત્યાગ, ૭થી ૧૨ પૃથ્વી, અપ, તેઉ, વાયુ, વનસ્પતિ અને ત્રસજીવની દયા, ૧૩ અકલ્પ દૂષિત ભાતપાણી ન લેવાં, ૧૪ ગૃહસ્થના પાત્રમાં જમવું, ૧૫ પલિયંક-તેમના ખાટલા પર બેસવું કે સૂવું, ૧૬ તેમની બેઠક ઉપર બેસવું ૧૭ સ્નાન ન કરવું, ૧૮ શોભાનો ત્યાગ કરવો. ૮

**તત્થિમં પઢમં ઠાણં, મહાવીરેણ દેસિઅં ।**
**અહિંસા નિઉણા દિટ્ઠા, સવ્વભૂએસુ સંજમો ॥ ૯ ॥**

આ અઢાર પાપક્રિયા સ્થાનકમાં પહેલું સ્થાનક ભગવાન મહાવીરે બતાવેલું છે તે અનુત્તર અહિંસા એટલે સર્વ પ્રાણીમાત્ર સાથે સંયમી જીવન. ૯

**જાવન્તિ લોહ પાણા, તસા અદુવ થાવરા ।**
**તે જાણમજાણં વા, ન હણે ણો વિઘાયએ ॥ ૧૦ ॥**

સંયમી સાધક આ લોકમાં જે ત્રસ અને સ્થાવર જીવો છે તેને જાણતાં કે અજાણતાં હણે નહિ, હણાવે નહિ કે હણનારને અનુમોદે નહિ. ૧૦

**સવ્વેજીવા વિ ઇચ્છન્તિ, જીવિઓ ન મરિજ્જિઉ ।**
**તમ્હા પાણિવહં ઘોરં, નિગ્ગન્થા વજ્જયન્તિ ણં ॥૧૧॥**

બધા જીવો જીવવાનું ઇચ્છે છે. કોઇ પ્રાણી મરવાનું ઇચ્છતું નથી. તેથી ભયંકર પ્રાણી વધને નિગ્રંથો વર્જે છે. ૧૧

**અપ્પણટ્ઠા પરટ્ઠા વા, કોહા વા જઈ વા ભયા ।**
**હિંસગં ન મુસં બૂયા, નો વિ અન્નં વયાવએ ॥૧૨॥**

સંયમી સાધુ સ્વઅર્થે કે પર–બીજાને અર્થે ક્રોધથી, કે ભયથી હિંસક અસત્ય બોલે નહિ, બીજાની પાસે બોલાવે નહિ અને અન્ય કોઇ બોલતો હોય તેને રૂડું પણ જાણે નહિ. ૧૨

**મુસાવાઓ ય લોગમ્મિ, સવ્વ સાહૂહ ગરહિઓ ।**
**અવિસ્સાસો ય ભૂયાણં, તમ્હા મોસં વિવજ્જએ ॥૧૩॥**

મૃષાવાદ અસત્યને લોકમાં સર્વ સત્પુરૂષોએ ધિક્કાર્યો છે મૃષાવાદથી જીવ સર્વપ્રાણી માત્રનો અવિશ્વાસપાત્ર થાય છે, માટે મૃષાવાદને સર્વથા ત્યાગવો જોઇએ. ૧૩

**ચિત્તમન્તમચિત્તં વા, અપ્પં વા જઇ વા બહું ।**
**દન્ત સોહણ મિત્તં પિ, ઉગ્ગહંસિ અજાઇયા ॥૧૪॥**

**તં અપ્પણા ન ગિણ્હતિ, નો વિ ગિણ્હાવએ પરં ।**
**અન્નં વા ગિણ્હમાણં પિ, નાણુજાણન્તિ સંજયા ૧૫**

સચિત્ત કે અચિત્ત વસ્તુ થોડી હોય કે વિશેષ હોય તો પણ તે દાંત ખોતરવાની સળી જેટલી પણ માલીકની રજા વિના સંયમી પોતે ગ્રહણ કરતા નથી, તેમજ બીજા પાસે ગ્રહણ કરાવતા નથી તેમજ જે ગ્રહણ કરે તેને અનુમોદન આપતા. નથી. ૧૪-૧૫

**અબમ્ભચરિયં ઘોરં, પમાયં દુરહિટ્ઠિઅં ।**
**નાયરન્તિ મુણી લોએ, ભેયાયયણ વજ્જિણો ॥૧૬ ॥**

સંયત્તિ મુનિ આ લોકમાં સંયમનો ભંગ કરે એવા સ્થાનકોને છાંડે છે, તે ઉપરાંત મહાભયંકર એવું અબ્રહ્મચર્ય જે પ્રમાદનું સ્થાન છે તેને કદિ સેવતા નથી. ૧૬

**મૂલમેયમહમ્મસ્સ, મહાદોસસમુસ્સયં ।**
**તમ્હા મેહુણ સંસગ્ગં, નિગ્ગન્થા વજ્જયન્તિ ણં ૧૭**

કારણ કે અબ્રહ્મચર્ય-મૈથુનનો સંસર્ગ અધર્મનું મૂળ છે અને મહાદોષનું ભાજન છે, તેટલા માટે નિગ્રંથ મહાત્માઓએ તેને છોડ્યું છે. ૧૭

**વિડમુબ્ભેઇમં લોણં, તેલ્લં સપ્પિં ચ ફાણિઅં ।**
**ન તે સન્નિહિમિચ્છન્તિ, નાયપુત્તવઓરયા ॥ ૧૮ ॥**

જે જ્ઞાત પુત્રના વચનમાં રક્ત છે તે બલવણ-પાકું મીઠું, અથાણા વગેરે માટેનું સામાન્ય મીઠું, તેલ, ઘી, ગોળ વગેરે કોઇ વસ્તુ રાત્રી માટે સંગ્રહ કરે નહિ, તેમજ તેની સંગ્રહની ઇચ્છા કરે નહિ. ૧૮

**લોહસ્સેસાણુફાસે, મન્ને અન્નયરામવિ ।**
**જે સિયા સન્નિહી કામે, ગિહી પવ્વઇએ ન સે ॥૧૯॥**

નિગ્રંથ મુનિ કંઈપણ વસ્તુ રાત્રી માટે સંગ્રહે તે લોભનીજ એક યા બીજા પ્રકારે મનોવૃત્તિ છે. માટે જે સંગ્રહ કરવાની કામના સેવે છે. તે પરિવ્રાજક નિગ્રંથ નથી પણ ગૃહસ્થીજ છે. ૧૯

**જં પિ વત્થં ચ પાયં વા, કમ્બલં પાયપુંછણં ।**
**તં પિ સંજમ લજ્જટ્ઠા, ધારેન્તિ પરિહરન્તિ અ ॥૨૦॥**

જે કંઈ વસ્ત્ર, પાત્ર, કામળી, કે પાદલુંછણ રજોહરણ વગેરે સાધનો નિગ્રંથ મુનિ સ્વીકારે તે સંયમના નિર્વાહ માટે ધારણ કરે કે પહેરે છે. ૨૦

**ન સો પરિગ્ગહો વુત્તો, નાયપુત્તેણ તાઇણા ।**
**મુચ્છા પરિગ્ગહો વુત્તો, ઇઈ વુત્તં મહેસિણા ॥ ૨૧ ॥**

સ્વપરના ત્રાતા જ્ઞાતપુત્ર ભગવાન વીરે સંયમના સાધનરૂપ પરિગ્રહને પરિગ્રહ કહ્યો નથી. પરંતુ સંયમના સાધનની મુર્છાને પરિગ્રહ કહ્યો છે. આવું મહર્ષિઓ જ્ઞાનીઓએ પણ કહ્યું છે. ૨૧

**સવ્વત્થુવહિણા બુદ્ધા, સંરક્ખણ પરિગ્ગહે ।**
**અવિ અપ્પણો વિ દેહમ્મિ, નાયરન્તિ મમાઇઅં ।૨૨।**

બુદ્ધ-જ્ઞાની પુરૂષો સંયમના સાધનરૂપ સર્વવસ્તુ અને ઉપકરણમાં તેને સાચવવામાં મમત્વ આચરતા નથી. જ્ઞાની પુરૂષોને પોતાના દેહમાં પણ મમત્વ નથી. ૨૨

**અહો નિચ્ચં તવો કમ્મં, સવ્વ બુદ્ધેહિ વન્નિઅં ।**
**જા ય લજ્જાસમા વિત્તી, એગભત્તં ચ ભોયણં ॥૨૩॥**

સર્વ બુદ્ધો વર્ણવે છે કે અહો ! સત્ પુરૂષો માટે કેવું નિત્ય તપ છે ! કે તેમને આજીવન સંયમરક્ષા માટે ભિક્ષાવૃત્તિ પર નિભવાનું છે, અને એક ભકત ભોજન કરવાનું છે ૨૩

**સન્તિમે સુહુમા પાણા, તસા અદુવ થાવરા ।**
**જાઈં રાઓ અપાસન્તો, કહમેસણિઅં ચરે ? ॥૨૪॥**

જે સૂક્ષ્મપ્રાણીઓ ત્રસ અને સ્થાવરરૂપે હોય છે, તેઓ રાત્રે દેખી શકાતા નથી, તેથી આહાર વિશુદ્ધિ શી રીતે થાય. ૨૪

**ઉદઉલ્લં બીઅસંસત્તં, પાણા નિવડિયા મહિં ।**
**દિઆ તાઇં વિવજ્જિજ્જા, રાઓ તત્થ કહં ચરે ? ।૨૫।**

વળી પૃથ્વી ઉપર પાણી ઢોળાયું હોય, તેમજ જમીન ઉપર બી પડયાં હોય તથા બીજાં ઘણાં પ્રાણીઓ માર્ગમાં હોય છે. તેને દિવસે દેખી શકાય તેથી તેમની હિંસા ન થાય, પરંતુ રાત્રે તે સૂક્ષ્મજંતુ ન દેખાય તેથી રાત્રે કેમ ચલાય? કારણ કે રાત્રે ચાલે તો હિંસાનો સંભવ છે. ૨૫

**એઅં ચ દોસં દટ્ઠૂણં, નાયપુત્તેણ ભાસિયં ।**
**સવ્વાહારં ન ભુંજંતિ, નિગ્ગંથા રાઇભોઅણં ॥૨૬॥**

આમ અનેક દોષો જોઇને જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે કહ્યું છે કે નિગ્રંથો રાત્રી વખતે સર્વપ્રકારના આહાર ન ભોગવે. ૨૬

**પુઢવિકાયં ન હિંસંતિ, મણસા વયસા કાયસા ।**
**તિવિહેણ કરણ જોએણ, સંજયા સુસમાહિઆ ॥૨૭॥**

સમ્યક સમાધિવાળા સંયમી સાધુ મન વચન અને કાયાથી પૃથ્વીકાયના જીવોને હણતા હણાવતા કે હણનારને અનુમોદન આપતા નથી. ૨૭

**પુઢવિકાયં વિહિંસંતો, હિંસઈ ઉ તયસ્સિએ ।**
**તસે અ વિવિહે પાણે, ચક્ખુસે ય અચક્ખુસે ॥ ૨૮ ॥**

પૃથ્વીકાયની હિંસા કરતાં પૃથ્વીકાયના આશ્રયે રહેલા ચક્ષુ-

ગમ્ય કે અચક્ષુગમ્ય તેમજ જુદી જુદી જાતના અનેક ત્રસ અને સ્થાવર જીવોની હિંસા થાય છે. ૨૮

**તમ્હા એઅં વિઆણિત્તા, દોસં દુગ્ગઇ વડ્ઢણં ।**
**પુઢવિકાય સમારંભં, જાવજ્જીવાએ વજ્જએ ॥૨૯॥**

તે માટે પૃથ્વી કાયનો સમારંભ સદોષ તેમજ દુર્ગતિ વર્ધક જાણીને સંયમી-સાધુ યાવજ્જીવન ત્યાગે. ૨૯

**આઉકાયં ન હિંસંતિ, મણસા વાયસા કાયસા ।**
**તિવિહેણં કરણજોએણ, સંજયા સુસમાહિઆ ॥૩૦॥**
**આઉકાયં વિહિંસંતો, હિંસઈ ઉ તયસ્સિએ ।**
**તસે અ વિવિહે પાણે, ચક્ખુસે ય અચક્ખુસે ॥૩૧॥**

સુસમાહિત સંયમી પુરૂષ અપકાયના ત્રસ અને સ્થાવર જીવોને મન વચન અને કાયાથી હણે નહિ, હણાવે નહિ અને હણતાને અનુમોદતો નથી જળની હિંસા કરતાં જળના આશ્રયે રહેલા ચક્ષુગમ્ય કે અચક્ષુગમ્ય જીવો ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરી નાખે છે ૩૧

**તમ્હા એઅં વિઆણિત્તા, દોસં દુગ્ગઈ વડ્ઢણં ।**
**આઉકાયં સમારંભં, જાવજ્જીવાએ વજ્જએ ॥૩૨॥**

તે માટે સુસમાધિવંત સાધુ પાણીની અંદર રહેલ દોષને જાણીને તે પાપ તથા દુર્ગતિને વધારનાર છે એમ જાણીને આ જીવન જળકાયનો સમારંભ તજી દેવો. ૩૨

**નોંધ**-સમારંભ હિંસક ક્રિયા અને હિંસા કરવાના સાધનો

**જાયતેઅં ન ઇચ્છંતિ, પાવગં જલ ઇત્તએ ।**
**તિક્ખમન્નયરં સત્થં, સવ્વઓ વિ દુરાસયં ॥૩૩॥**

સુસમાધિવંત સાધુ અગ્નિને પ્રજ્વલિત કરવા ઇચ્છે નહિ કારણ કે અગ્નિ પાપકારી અને લોખંડના શસ્ત્રો કરતાં અદ્વિતીય

તેમજ તીક્ષ્ણ શસ્ત્ર છે અને તેને સહન કરવું એ સર્વથા દુષ્કર છે. ૩૩

**પાઇણં પડિણં વા વિ, ઉડ્ઢં અણુદિસામવિ ।**
**અહે દાહિણઓ વા વિ, દહે ઉત્તરઓ વિઅ ॥૩૪॥**

અગ્નિ પૂર્વ પશ્ચિમ ઉત્તર અને દક્ષિણ એમ ચાર દિશાઓ અને ચાર વિદિશાઓ અને ઉપર અને નીચે એમ દશે દિશામાં દરેક વસ્તુને બાળીને ભસ્મ કરે છે. ૩૪

**ભૂઆણમેસમાઘાઓ, હુવ્વવાહો ન સંસઓ ।**
**તં પઇવપયાવટ્ઠા, સંજયા કિંચિ નારભે ॥ ૩૫ ॥**

હવ્યવાહ-અગ્નિ પ્રાણીમાત્રનો નાશ કરનાર છે એમાં સંશય નથી માટે સંયતિઓએ પ્રદીપ-પ્રકાશ અથવા તાપ લેવા માટે અગ્નિ કાયનો આરંભ ન કરવો. ૩૫

**તમ્હા એયં વિયાણિત્તા, દોસં દુગ્ગઇ વડ્ઢણં ।**
**તેઉકાય સમારંભં, જાવજ્જીવાએ વજ્જએ ॥ ૩૬ ॥**

માટે તે પાપ દુર્ગતિને વધારનારૂં છે એમ જાણીને તેઉ-કાયનો સમારંભ સાધુપુરૂષ યાવજ્જીવ છોડે. ૩૬

**અણિલસ્સ સમારંભં, બુદ્ધા મન્નંતિ તારિસં ।**
**સાવજ્જ બહુલં ચેઅં, ને અં તાઇહિં સેવિઅં ૩૭**

બુદ્ધપુરૂષો અનિલ—વાયુકાયનો સમારંભ હિંસાને અગ્નિ કાયના આરંભ જેવો જ હિંસક માને છે. માટે છકાયના રક્ષક સાધુઓએ વાયુકાયનું સેવન કરવું નહિ. ૩૭

**તાલિઅંટેણ પ-તેણ, સાહાવિહુઅણેણ વા ।**
**ન તે વીઇઉમિચ્છન્તિ, વીઆવેઊણ વા પરં ॥૩૮॥**

સંયમી સાધુ તાડપત્રના પંખાથી, કે ઝાડની શાખા હલાવીને પોતે પવન નાખે તેમ બીજા પાસે પવન નંખાવે નહિ અને અનેરો વાયુ નાંખતો હોય તો ભલું પણ ન જાણે. ૩૮

**જં પિ વત્થં ચ પાયં વા, કંબલં પાયપુંચ્છણં ।**
**ન તે વાયમુઈરંતિ, જયં પરિહરંતિ અ ॥ ૩૯ ॥**

સંયમી પુરૂષો પોતાની પાસેના વસ્ત્ર, પાત્ર, કામળ, રજોહરણ વગેરે સંયમના સાધનો દ્વારા, વાપરે પરંતુ તેનો ઉપયોગ વાયુની ઉદીરણા માટે ન કરે, પરંતુ તેનો ઉપયોગ સંયમની રક્ષા માટે કરે. ૩૯

**તમ્હા એયં વિયાણિત્તા, દોસં દુગ્ગઇ વડ્ઢણં ।**
**વાઉકાય સમારંભં, જાવજ્જીવાએ વજ્જએ ॥ ૪૦ ॥**

તે માટે સંયમી સાધુ વાયુકાયનો આરંભ દોષ અને દુર્ગતિ વધારનાર જાણીને, વાયુકાયનો સમારંભ આજીવન ત્યાગે. ૪૦

**વણસ્સઈં ન હિંસંતિ, મણસા વયસા કાયસા ।**
**તિવિહેણ કરણજોએણ, સંજયા સુસમાહિઆ ॥ ૪૧ ॥**

સુસમાધિયુકત સયમી સાધુ ત્રિકરણ ત્રિયોગે મન, વચન અને કાયાએ વનસ્પતિની હિંસા ન કરે ૪૧

**વણસ્સઈં વિહિંસંતો, હિંસઇ ઉ તયસ્સિએ ।**
**તસે ય વિવિહે પાણે, ચક્ખુસે ય અચક્ખુસે ॥૪૨॥**

જીવ વનસ્પતિની હિંસા કરતો થકો વનસ્પતિને આશ્રયે રહેલ ચક્ષુગમ્ય અને અચક્ષુગમ્ય અનેક જાતનાં પ્રાણીઓની હિંસા કરે છે. ૪૨

**તમ્હા એયં વિયાણિત્તા, દોસં દુગ્ગઇ વડ્ઢણં ।**
**વણસ્સઇ સમારંભં, જાવજ્જીવાએ વજ્જએ ॥ ૪૩ ॥**

તે માટે સંયમી સાધુ વનસ્પતિનો સમારંભ-હિંસા દુર્ગતિ અને દોષ વધારનારૂં જાણીને આજીવન છોડે. ૪૩

**તસકાયં ન હિંસંતિ, મણસા વયસા કાયસા ।**
**તિવિહેણ કરણજોએણ, સંજયા સુસમાહિયા ।। ૪૪ ।।**

સુસમાધિ યુકત સંયમી સાધુ ત્રસ-હાલતા ચાલતા જીવોને ત્રિવિધિ ત્રિયોગે મનથી. વચનથી કે કાયાથી હિંસા કરતા કરાવતા કે અનુમોદતા નથી. ૪૪

**તસકાયં વિહિંસંતો, હિંસઇ ઉ તયસ્સિએ ।**
**તસે ય વિવિહે પાણે, ચક્ખુસે ય અચક્ખુસે ।।૪૫।।**

સાધુ ત્રસ કાયની હિંસા કરે, તો ત્રસકાય આશ્રિત ચક્ષુગમ્ય કે અચક્ષુગમ્ય વિવિધ જાતના પ્રાણીઓની હિંસા કરે છે ૪૫

**તમ્હા એયં વિયાણિત્તા, દોસં દુગ્ગઇ વડ્ઢણં ।**
**તસકાય સમારંભં, જાવજ્જીવાએ વજ્જએ ।। ૪૬ ।।**

આ માટે ત્રસકાયનો સમારંભ-હિંસા પાપ અને દુર્ગતિને વધારનારૂં છે એમ જાણીને તેને યાવજ્જીવ છોડે. ૪૬

**જાઈં ચત્તારિ ભુજ્જાઈં, ઇસિણાહારમાઇણિ ।**
**તાઈં તુ વિવજ્જંતો, સંજમં અણુપાલએ ।। ૪૭ ।।**

જે ચાર ભોગવવાના આહાર, શય્યા, વસ્ત્ર અને પાત્ર છે તે ચારમાં અકલ્પને સંયમનો અનુપાલક વર્જે અને સંયમનું પાલન કરે. ૪૭

**પિંડં સિજ્જં ચ વત્થં ચ, ચઉત્થં પાયમેવ ય ।**
**અકપ્પિઅં ન ઇચ્છિજ્જા, પડિગાહિજ્જ કપ્પિઅં ૪૮**

સંયમી સાધુ આહાર, શય્યા, વસ્ત્ર અને પાત્ર અકલ્પને ન ઇચ્છે અને કલ્પનીય ગ્રહણ કરવા યોગ્યને ગ્રાહણ કરે. ૪૮

**જે નિયાગં સમાયન્તિ, કીયમુદ્દેસિઆહડં ।**
**વહં તે સમણુજાણન્તિ. ઇઈ વુત્તં મહેસિણા ॥ ૪૯ ॥**

મહર્ષિ ભગવાન મહાવીરે કહ્યું છે કે આહાર–નિત્યક એટલે એકનાજ ઘેરથી રોજ રોજ લેવો અથવા સાધુ ઉપર મમતા રાખીને અપાએલો આહાર લેવો તેમજ સાધુ માટે ખરીદીને આપેલો, તેમજ સાધુને માટે રાંધીને દીયે તેમજ સાધુ માટે દૂર દૂરથી લાવેલ આહાર આપે તે આહાર સંદોષ છે, અને તે હિંસાનેજ પોષક છે. ૪૯

**તમ્હા અસણપાણાઈ, કીયમુદ્દેસિઆહડં ।**
**વજ્જયંતિ ઠિઅપ્પાણો, નિગ્ગંથા ધમ્મજીવિણો ॥૫૦॥**

તે માટે ધર્મ એજ જીવન છે જેમનું એવા નિગ્રંથ ધર્મ જીવોઓ તેમજ સ્થિત પ્રજ્ઞ આત્માઓ અન્ન પાન વગેરે ખરીદાયેલ સાધુ માટે બનાવેલ અને દુરથી આણેલ ન લે. ૫૦

**કંસેસુ કંસપાએસુ, કુંડમોએસુ વા પુણો ।**
**ભુંજંતો અસણપાણાઈ, આયારા પરિભસ્સઇ ॥ ૫૧ ॥**

ગૃહસ્થનાં કાંસુ વગેરે ધાતુના વાસણો તેમજ બીજાં વાસણો [ થાળી–વાટકી વગેરે ] પ્રતિલેખન ન થાય તેવા તથા માટીના ઊંડા લોટા કે કુંડા વગેરેમાં આહાર પાણી કરનાર સાધુ, સાધુના આચારથી પડે છે. ૫૧

**સીઓદગસમારંભે, ભત્તધોઅણછડ્ડણે ।**
**જાઈં છંનંતિ ભૂઆઈં, દિટ્ઠો તત્થ અસંજમો ॥ ૫૨ ॥**

ગૃહસ્થના વાસણોનાં આહાર પાણી લેવાથી. તેનાં પાત્રો ઠંડાં સચિત્ત જળથી ધોવા પડે તો સજીવની હિંસા થાય, અને તે પાણીને ફેંકવાથી બીજા જીવોની હિંસા થાય, માટે ભગવાને તેમાં અસંયમ જોયો છે. ૫૨

**પચ્છાકમ્મં પુરેકમ્મં, સિયા તત્થ ન કપ્પઇ ।**
**એઅમટ્ઠં ન ભુંજંતિ, નિગ્ગંથા ગિહિભાયણે ॥૫૩॥**

નિગ્રંથ સાધુઓ ગૃહસ્થના પાત્રમાં ન જમે તેનું કારણ એ છે કે ગૃહસ્થના પાત્રમાં જમવાથી પશ્ચાત કર્મદોષ અને પુરા કર્મ દોષનો સંભવ છે એમ જાણી ગૃહસ્થના પાત્રમાં જમતાં નથી. ૫૩

**આસંદી પલિઅંકેસુ, મંચમાસાલએસુ વા ।**
**અણાયરિઅમજ્જાણં, આસઇત્તુ સઇ-તુ વા ॥ ૫૪ ॥**

શણનો ખાટલો કે પાટીનો પાટલો, માચી, કે ખુરશી વગેરે ઉપર બેસવું કે સુવું આર્યસાધુઓ માટે અયોગ્ય છે. ૫૪

**નાસંદી પલિયંકેસુ, ન નિસિજ્જા ન પીઢએ ।**
**નિગ્ગંથા પડિલેહાએ, બુદ્ધવુત્તામહિટ્ઠગા ॥ ૫૫ ॥**

બુદ્ધ-જ્ઞાની પુરૂષની આજ્ઞા પાલક નિગ્રંથ સાધુઓ શણના ખાટલા, કે પાટીના પાટલા, માંચી કે જોતરની ખુરશીનો ઉપયોગ ન કરે કારણ કે તેઓનું પડિલેહણ દુષ્કર છે. તેથી જીવ-હિંસા થવાનો સંભવ છે. ૫૫

**ગંભીરવિજયા એએ, પાણા દુપ્પડિલેહગા ।**
**આસંદી પલિઅકો ય, એયમટ્ઠં વિવજ્જિજયા ॥ ૫૬ ॥**

ઉકત ચાર પ્રકારના ખાટલા કે આસનોના ખુણામાં નીચે કે આજુબાજુ અંધારૂં હોય છે, તેથી અપ્રકાશમાં પ્રતિલેખન દુર્લભ છે. માટે આવાપ્રકારના પાયા કે પાટલા વર્જવાનું જ્ઞાનીઓએ કહ્યું છે. ૫૬

**ગોઅરગ્ગપવિટ્ઠસ્સ, નિસિજ્જા જસ્સ કપ્પઇ ।**
**ઇમેરિસમણાયારં, આવજ્જઇ અબોહિયં ॥ ૫૭ ॥**

ગોચરી માટે ગૃહસ્થના ઘેર બેસવું યોગ્ય નથી. કારણ કે તેમ

કરવાથી નીચે પ્રમાણે અનાચર થાય છે, અને મિથ્યાત્વ–અજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ૫૭

**વિવત્તી બંભચેરસ્સ, પાણાણં ચ વહે વહો ।**
**વણીમગપડિગ્ઘાઓ, પડિકોહો અગારિણં ॥ ૫૮ ॥**

ગૃહસ્થના ઘેર બેસવાથી બ્રહ્મચર્ય પાળવામાં વિપત્તિ જન્મે છે. પ્રાણીઓનો વધ થવાથી સંયમ હણાય છે, બીજો ભિક્ષુ માંગવા આવ્યો હોય તો તે દુભાય છે, તથા ગૃહસ્થોના ક્રોધનું નિમિત્ત બને છે. ૫૮

**અગુત્તી બંભચેરસ્સ, ઇત્થીઓ વા વિ સંકણં ।**
**કુસીલ વડ્ઢણં ઠાણં, દૂરઓ પરિવજ્જએ ॥ ૫૯ ॥**

ગૃહસ્થના ઘેર બેસવાથી, બ્રહ્મચર્ય યથાર્થ સચવાતું નથી અને ગૃહસ્થસ્ત્રી સાથેના પરિચયથી અન્યને શંકાનું કારણ થાય છે. માટે કુશીલ વધારનાર સ્થાનને મુનિ દુરથી જ છોડે ગૃહસ્થોના ઘેર બેસે નહિ. ૫૯

**તિણ્હમન્નયરાગસ્સ, નિસિજ્જા જસ્સ કપ્પઈ ।**
**જરાએ અભિભુઅસ્સ, વાહિઅસ્સ તવસ્સિણો ॥ ૬૦ ॥**

પરંતુ સાધુ નીચેના ત્રણ કારણે ગૃહસ્થને ત્યાં બેસે તો તેને કલ્પનીય છે. જરાવસ્થાથી પીડિત, રોગથી ઘેરાઇ ગયેલ અથવા તપસ્યા અંગે ગૃહસ્થના ઘેર બેસે તો બાધ નથી. ૬૦

**વાહિઓ વા અરોગી વા, સિણાણં જો ઉ પત્થએ ।**
**વુક્કન્તો હોઈ આયારો, જઢો હવઇ સંજમો ॥ ૬૧ ॥**

ગમે તે સાધુ રોગી હોય કે અરોગી, જો તે સ્નાન કરવાની ઇચ્છા કરે તો તે સંયમનો આચાર ઓળંગે છે અને તેથી સંયમને પણ હાનિ પહોંચે છે. ૬૧

**સંતિ મે સુહુમા પાણા, ઘસાસુ ભિલગાસુ અ ।**
**જે અ ભિકખુ સિણાયંતો, વિઅડેણુપ્પિલાવએ ॥૬૨॥**

કારણ કે ક્ષાર જમીન અથવા બીજી કોઈપણ એવી જમીન ઉપર ઘણા સૂક્ષ્મ જીવો છે, તેથી ભૂમિ ઉપર સ્નાન કરવાથી તે જીવોને ઈજા પહોંચે છે. ૬૨

**તમ્હા તે ન સિણાયંતિ, સીએણ ઉસિણેણ વા ।**
**જાવજ્જીવ વયં ઘોરં, અસિણાણમહિટ્ઠગા ॥ ૬૩ ॥**

તે માટે ઠંડા કે ગરમ પાણીથી અસ્નાન નામનું ઘોરવ્રત સંયમી પુરુષો જીવન પર્યંત આચરે છે. એટલે ન્હાતા નથી. ૬૩

**સિણાણં અદુવા કક્કં, લુદ્ધં પઉમગાણિ અ ।**
**ગાયસ્સુવ્વટ્ટણટ્ઠાએ, નાયરંતિ કયાઇ વિ ॥ ૬૪ ॥**

સંયમી સાધુ સ્નાન, સુગંધી ચંદન, કંકુ, કેસર વગેરે દ્રવ્યોથી કોઇપણ શરીર ઉપર વિલેપન કે મર્દન કરે નહિ. ૬૪

**નગિણસ્સ વાવિ મુંડસ્સ, દીહરોમનહંસિણો ।**
**મેહુણાઓ ઉવસંતસ્સ, કિં વિભૂસાએ કારિઅં ॥ ૬૫ ॥**

સપ્રમાણ વસ્ત્રવુકલ સ્થવિર કલ્પી અથવા નગ્ન એવા જિનકલ્પી, દ્રવ્યથી વાળ લુંચન કરનાર, લાંબા વાળ તથા નખવાળા, અને મૈથુન વૃત્તિ ઉપશાંત સંયમીને વિભૂષાનું શું કારણ ? ૬૫

**વિભૂસાવત્તિઅં ભિક્ખૂ, કમ્મં બન્ધઇ ચિક્કણં ।**
**સંસારસાયરે ઘોરે, જેણ પડઈ દુરુત્તરે ॥ ૬૬ ॥**

જે ભિક્ષુ શરીરની વિભૂષાની વૃત્તિ સેવે છે, તે ચીકણા કર્મથી બંધાય છે અને દૂસ્તર ઘોર સંસાર સાગરમાં પડે છે. ૬૬

**વિભૂસાવત્તિઅં ચેઅં, બુદ્ધા મન્નંતિ તારિસં ।**
**સાવજ્જં બહુલં ચેઅં, નેયં તાઇહિં સેવિઅં ॥ ૬૭ ॥**

બુદ્ધ—જ્ઞાની પુરૂષો વિભૂષા વૃત્તિવાળા મનને બહુલં-ઘેરા કર્મ-બંધનો હેતુ માને છે. માટે સુક્ષ્મ જીવોના રક્ષક સાધુઓ તેને મનથી પણ સેવત્તા નથી. ૬૭

**ખવંતિ અપ્પાણમમોહદંસિણો,**
**તવે રયા સંજમ અજ્જવે ગુણે ।**
**ધુણંતિ પાવાઈં પુરેકડાઈં,**
**નવાઈં પાવાઇં ન તે કરંતિ ॥ ૬૮ ॥**

અમોહદર્શી આત્માઓ, તપમાં, સંયમમાં, આર્જવતાં વગેરે ગુણોમાં રક્ત આત્માઓ પૂર્વકૃત પાપોને ખપાવે છે. અને નવાં પાપોને કરતા નથી. ૬૮

**સઓવસંતા અમમા અકિંચણા,**
**સવિજ્જવિજ્જાણુગયા જસંસિણો ।**
**ઉઉપ્પસન્ને વિમલે વ ચંદિમા,**
**સિદ્ધિં વિમાણાઇં ઉવેંતિ તાઇણો ॥ ૬૯ ॥**
**॥ ત્તિ બેમિ ॥**

સદા ઉપશાંત, મમતા વિનાના અકિંચન પરલોકોપકારિણી વિદ્યાને વરેલા, યશસ્વી, શરદઋતુના નિર્મલ ચંદ્ર જેવા કર્મમળથી વિશુદ્ધ સિદ્ધિગતિને પામે છે, અથવા ઉચ્ચ કોટિના વિમાનોમાં ગતિ કરે છે. (એમ હું કહું છું) ૬૯

**। ઇતિ મહાચાર કથા અજ્ઝયણં ।**

卐

# સુવાકય શુદ્ધાખ્ય અજઝયણં

[સાતમું અધ્યયન]

**ચઉણ્હં ખલુ ભાસાણં, પરિસંખાય પન્નવં ।**
**દુણ્હં તુ વિણયં સિક્ખે, દો ન ભાસિજ્જ સવ્વસો ॥૧॥**

પ્રજ્ઞાવાન સાધુ ચાર જાતની ભાષાને યથાર્થ જાણીને બે જાતની ભાષા વિનયને શીખે, અને બાકીની બે જાતની ભાષાને સર્વથા ન બોલે. ૧

**જા ય સચ્ચા અવત્તવ્વા, સચ્ચા મોસા ય જા મુસા ।**
**જા અ બુદ્ધેહિં નાઇન્ના, ન તં ભાસિજ્જ પન્નવં ॥૨॥**

બુદ્ધિમાન સાધુ જે સત્ય હોય પણ અવકતવ્ય હોય તો તે ન બોલે તેમજ મિશ્ર ભાષા પણ ન બોલે અને અસત્ય પણ ન બોલે આમ આ ત્રણ ભાષાઓને જ્ઞાનીઓએ વર્જ્ય ગણી છે. માટે તેમ ન બોલે ૨

**અસચ્ચ મોસં સચ્ચં ચ, અણવજ્જમકક્સં ।**
**સમુપ્પેહમસંદિગ્દ્ધં, ગિરંભાસિજ્જ પન્નવં ॥ ૩ ॥**

બુદ્ધિમાન સાધુ અસત્ય-મૃષા એવી વ્યવહાર ભાષા તથા સત્ય ભાષા પણ પાપ વિનાની, અકર્કશ, મૃદુ અને તે પણ વિચારીને સંદેહ રહિત વાણી પ્રજ્ઞાવાન બોલે. ૩

**એયં ચ અટ્ઠમન્નં વા, જં તુ નામેઈ સાસયં ।**
**સભાસં સચ્ચ મોસં ચ, તં પિ ધીરો વિવજ્જએ ॥૪॥**

મિશ્રભાષાનો દોષ બતાવે છે. પ્રજ્ઞાવાન સાધુ હિંસક અને પીડાકારી એવી સત્ય ભાષા ન બોલે એટલું જ નહિ, પરંતુ મિશ્ર ભાષા પણ કે જે સાશ્વત અર્થ અથવા મોક્ષમાર્ગમાં બાધક ભાષાને પણ છોડી દે ૪

**વિતહં પિ તહામોત્તિં, જં ગિરં ભાસએ નરો ।**
**તમ્હા સો પુટ્ઠો પાવેણં, કિં પુણ જો મુસં વએ ॥૫॥**

અજાણતાં અસત્ય પરંતુ સાચી લાગે તેવી ભાષા જે સાધક બોલે છે તે પાપ કર્મથી બંધાય છે તો જે અજ્ઞાન-જાણી જોઇને અસત્ય બોલે તેના પાપની તો વાત જ શી ? ૫

**તમ્હા ગચ્છામો વક્ખામો, અમુગં વાણે ભવિસ્સઈ ।**
**અહં વા ણં કરિસ્સામિ, એસો વા ણં કરિસ્સઇ ॥૬॥**
**એવમાઇ ઉ જા ભાસા, એસ કાલમ્મિ સંકિઆ ।**
**સંપયાઇયમટ્ઠે વા, તં પિ ધીરો વિવજ્જએ ॥ ૭ ॥**

તે માટે નિશ્ચયાત્મક ભાષા અંગે કહે છે કે અમે અવશ્ય જઇએ છીએ. અથવા જઇશું અથવા કહીશું જ અથવા અમે કહીશું તેમ થશે જ, અમુકજ થવાનું છે હું જ તે કરીશ અથવા આ માણસ જ તે કરશે, વગેરે પ્રકારની ભાષા જેના વર્તમાન કે ભાવિમાં શંકા છે તેવી ભાષાઓને ધીર પુરૂષ છોડી દે ન બોલે. ૬-૭

**અઇઅમ્મિ ય કાલમ્મિ, પચ્ચુપ્પણ્ણ મણાગએ ।**
**જમટ્ઠં તુ ન જાણિજ્જા, એવમેઅં તુ નોવએ ॥૮॥**

સંયમી સાધુ અતિત. વર્તમાન કે અનાગત કાળ વિષે જે વસ્તુને ન જાણે તે વિષે તે આમજ છે એમ ન બોલે. ૮

**અઈઅમ્મિ ય કાલમ્મિ, પચ્ચુપ્પણ્ણ મણાગએ ।**
**જત્થ સંકા ભવે તં તુ, એવમેઅં તુ નોવએ ॥ ૯ ॥**

સંયમી સાધુ ભુત વર્તમાન કે ભવિષ્ય કાળને વિષે જેમાં શકિત હોય તેમાં આમજ છે એવું ચોક્કસ ન બોલે. ૯

**અઈઅમ્મિ ય કાલમ્મિ, પચ્ચુપ્પણ્ણ મણાગએ ।**
**નિસ્સંકિયં ભવે જં તુ, એવમેઅં તુ નિદ્દિસે ॥ ૧૦ ॥**

સંયમી સાધુ ભૂત વર્તમાન અને ભવિષ્ય કાળને વિષે જેમાં નિઃશંક હોય એમાં આમ જ છે એમ પોતાની બોલવાની મર્યાદા સાચવીને કહે. ૧૦

**તહેવ ફરુસા ભાસા, ગુરૂ ભૂઓ વઘાઇણી ।**
**સચ્ચા વિ સા ન વત્તવ્વા, જઓ પાવસ્સ આગમો ૧૧**

તેમજ કઠોર ભાષા કે જે મોટા અને પ્રાણીની લાગણી દુભાય તેવી છે તો તે સત્ય હોય છતાં બોલવા યોગ્ય નથી. કારણુ કે તેથી પાપનું કારણુ છે. ૧૧

**તહેવ કાણું કાણે ત્તિ, પંડગં પંડગે ત્તિ વા ।**
**વાહિઅં વા વિ રોગિ ત્તિ, તેણં ચોરે ત્તિ નો વએ ૧૨**

તેટલા માટે કાણાને કાણો એમ, નપુંષકને નપુંષક એમ. રોગ-ગ્રસ્તને રોગી ને ચોર ને ચોર છું એમ કહે નહિ ૧૨

**એએણન્નેણ અટ્ઠેણં પરો જેણુવહમ્મઈ ।**
**આયાર ભાવ દોસન્નૂ, ન તં ભાસિજ્જ પણ્ણવં ॥૧૩॥**

પ્રજ્ઞાવાન સાધુ જે આચાર અને ભાવના ગુણુ દોષને જાણે છે તે આ પ્રકારે કે બીજા કોઇ પ્રકારે સાચો માણસ દુભાય એવું બોલે નહિં. ૧૩

**તહેવ હોલે ગોલિ ત્તિ, સાણે વા વસુલે ત્તિ અ ।**
**દમએ દુહએ વા વિ, ને તં ભાસિજ્જ પણ્ણવં ॥૧૪॥**

તેમજ પ્રજ્ઞાવાન સાધુ કોઇને મૂર્ખ, લંપટ, કુતરો, દુરાચારી, કંગાલ, દુર્ભાગી એવું કહે નહિ. ૧૪

**અજ્જિએ પજ્જિએ વા વિ, અમ્મો માઉસ્સિઅ ત્તિ અ**
**પિઉસ્સિએ ભાયણિજ્જ ત્તિ, ધુએ ણત્તુણિ અત્તિઅ ૧૫**

વળી સાધુ કોઈ સ્ત્રીને દાદી, બડી-દાદી, માતા, માસી, ફઈ, ભાણેજી, બેટી કે બેટાની બેટી એમ તથા કોઇ સ્ત્રીને— ૧૫

**હલે હલેત્તિ અન્નેત્તિ, ભટ્ટે સામિણિ ગોમિણિ ।**
**હોલે ગોલે વસુલેત્તિ, ઇત્થિઅં ને વ માલવે ।। ૧૬ ।।**

ફલાણી, સખી, છોકરી, ચાકરડી, શેઠાણી, ગાયની ધણિયાણી, મૂર્ખ, લંપટ અને દુરાચારી એવાં ઉપાલંભથી ન બોલાવે. ૧૬

**નામધિજ્જેણ ણં બૂયા, ઈત્થીગુત્તેણ વા પુણો ।**
**જહારિહમભિગિજ્ઝ, આલવિજ્જ લવિજ્જ વા ।। ૧૭ ।।**

કોઇ સ્ત્રીની સાથે બોલવું હોય તો તેને મિષ્ટ ભાષામાં બોલાવવી અથવા તેનું નામ ન આવડતું હોય તો તેના ગોત્રરૂપે સંબોધીને જરૂર પુરતું તેની સાથે એક વાર કે વધારે વાર બોલે. ૧૭

**અજ્જએ પજ્જએ વા વિ, બપ્પો ચુલ્લપિઉ ત્તિ અ ।**
**માઉલો ભાઇણિજ્જ ત્તિ, પુત્તેન-તુણિઅ ત્તિ અ ।।૧૮।।**
**હે હો ! હલિત્તિ અન્નિત્તિ, ભટ્ટા સામિઅ ગોમિઅ ।**
**હોલ ગોલ વસુલિત્તિ, પુરિસં ને વ માલવે ।। ૧૯ ।।**

તેમજ પ્રજ્ઞાવાન સાધુ કોઇ પુરૂષને બોલાવવો હોય તો હે બાપા, દાદા, કાકા, મામા, ભાણેજ, પુત્ર, પૌત્ર એ પ્રમાણે મોહ ઉત્પન્ન કરે તેવા સંબોધન શબ્દો કે અરે! ફલાણા સ્વામી, ગામી, મૂર્ખ, લંપટ, દુરાચારી આવાં તોછડાં વચનથી ન બોલાવે. ૧૮–૧૯

**નામ ધિજ્જેણ ણં બૂયા, પુરિસગોત્તેણ વા પુણો ।**
**જહારિહમભિગિજ્જ, આલવિજ્જ લવિજ્જ વા ।।૨૦।।**

પરંતુ સાધુને કોઈ પુરૂપને બોલાવવો હોય તો નામ લઇને બોલાવે અથવા પુરુપના ગોત્ર પ્રમાણે જરૂર જેટલું બોલાવે. ૨૦

**પંચિંદિઆણ પાણાણં, એસ ઇત્થી અયં પુમં ।**
**જાવ ણં ન વિજાણિજ્જા, તાવ જા ઇત્તિ આલવે ॥૨૧॥**

તેમજ મનુષ્ય સિવાય બીજા પંચેન્દ્રિય પ્રાણીઓમાં જ્યાં સુધી આ નર છે કે માદા છે તેવો નિશ્ચય ન થાય ત્યાં સુધી તે અમુક જાતિનાં છે તેવું જ કહે પણ આ નર છે કે માદા છે તેવું કશું ચોક્કસ ન કહે. ૨૧

**તહેવ મણુસં પસું. પક્ખિં વા વિ સરીસિવં ।**
**થુલે પમેઇલે વજ્ઝે, પાઇમિત્તિ યનોવએ ॥ ૨૨ ॥**

**પરિવુઢ્ઢે ત્તિણં, બૂયા ઉવચિએ ત્તિ અ ।**
**સંજાએ પીણિએ વા વિ, મહાકાય ત્તિ આલવે ॥૨૩॥**

તેજ પ્રમાણે મનુષ્ય, પશુ, પક્ષી કે સર્પને આ જાડો છે, માંસ-વાળો છે, વધ કરવા યોગ્ય છે કે પકાવવા યોગ્ય એમ ન બોલે; પરંતુ બોલવાનું પ્રયોજન થાય તો તેને વૃદ્ધ દેખી, બહુ વૃદ્ધ છે, સુંદર છે, પુષ્ટ છે, નીરોગી છે, પ્રૌઢ શરીરવાળો છે એમ નિર્દોષ ભાષા બોલે પરંતુ સદોષ ભાષા ન બોલે. ૨૨-૨૩

**તહેવ ગાઓ દુજ્ઝાઓ, દમ્મા ગો રહગત્તિ અ ।**
**વાહિમા રહજોગ્ગ ત્તિ, નેવં ભાસિજ્જ પણ્ણવં ॥૨૪॥**

તેમ પ્રજ્ઞાવાન સાધુ ગાયને જોઇને આ દોહવા યોગ્ય છે, અને ઘોડાને જોઇ આ રથમાં જોડવા યોગ્ય છે એમ સાવદ્ય ભાષા ન બોલે. ૨૪

**જુવં ગવિત્તિણં બૂયા, ધેણું રસદય ત્તિ અ ।**
**રહસ્સે મહલ્લએ વા વિ, વએ સંવહણિ ત્તિ અ ॥૨૫॥**

પરન્તુ ખાસ બોલવાનો પ્રસંગ પડે તો સાધુ તેને આ બળદ તરૂણ છે, આ ગાય દુઝણી છે અને આ બળદ નાનો અથવા મોટો

છે અને આ ઘોડો રથને યોગ્ય છે એમ કહે. ૨૫

**તહેવ ગંતુમુજ્જાણં, પવ્વયાણિ વણાણિ અ ।**
**રુક્ખા મહલ્લ પેહાએ, નેવં ભાસિજ્જ પણ્ણવં ॥૨૬॥**
**અલંપાસાય ખંભાણં, તોરણાણિ ગિહાણિ અ ।**
**ફલિહગ્ગલનાવાણં, અલં ઉદ્દગદોણિણં ॥ ૨૭ ॥**

તેમજ પ્રજ્ઞાવાન મુનિ ઉદ્યાન, પર્વત કે વનમાં જઇ ચઢે અને મોટા ઝાડોને જુવે તો એમ ન બોલે કે આ ઝાડના લાકડાં મહેલના થાંભલા. ઘરોનાં તોરણો, બાર સાખ, ભોગળ, વહાણો અથવા પાણીયારાં વગેર બનાવવા માટે લાયક છે. ૨૬–૨૭

**પીઢએ ચંગબેરે અ, નંગલે મઇયં સિઆ ।**
**જંતલટ્ઠી વ નાભી વા, ગંડિઆ વ અલં સિમા ॥૨૮॥**
**આસણં સયણં જાણં, હુજ્જા વા કિંચુવસ્સએ ।**
**ભૂઓ વઘાઇણિં ભાસં, નેવં ભાસિજ્જ પણ્ણવં ॥૨૯॥**

તેમજ વળી આ ઝાડ, બાજોઠ, કથરોટ. હળના દાંતા, અનાજના ઢગને ઢાંકવાનું ઢાંકણુ, ઘાણીનો લાટ, ગાડીના પૈડાની નાભી કે ચરખાનો લાટ અને સોનીની એરણ રાખવા યોગ્ય છે એમ ન બોલે. તે ઉપરાંત બેસવાના આસન માટે, સુવાના પલંગ માટે કે ઘરની નિસરણી યોગ્ય છે તેવી સાવદ્ય ભાષા પ્રજ્ઞાવાન મુનિ ન બોલે. ૨૯

**તહેવ ગંતુમુજ્જાણં, પવ્વયાણિ વણાણિ અ ।**
**રુક્ખા મહલ્લ પેહાએ, એવં ભાસિજ્જ પણ્ણવં ॥૩૦॥**
**જાઇમંતા ઇમે રુક્ખા, દીહવટ્ટા મહાલયા ।**
**પયાયસાલા વિડિમા, વએ દરિસણિ ત્તિ અ ॥૩૧॥**

તે પ્રમાણે ઉદ્યાન, પર્વતો કે વનોમાં બુદ્ધિમાન સાધુ જાય તો મોટા ઝાડ વગેરે જોઇને આવી ભાષા વાપરે "આ ઝાડો ઉત્તમ

કોટિના છે આ નાળિયેરનાં વૃક્ષો બહુ મોટાં છે, આ આમ્ર વૃક્ષો વર્તુલાકાર છે, વડ વૃક્ષો વિસ્તારવાળા છે તથા તે બધા શાખા, પ્રતિ શાખાઓથી ફેલાયેલા, રમણીય અને દર્શનીય છે" એવી નિર્દોષ ભાષા બોલે. ૩૦-૩૧

**તહા ફલાઇં પક્કાઈં, પાયખજ્જાઇ નો વએ ।**
**વેલોઈયાઇ ટાલાઈ, વેહિમાઇ ત્તિ નો વએ ॥ ૩૨ ॥**

**અસંથડા ઇમે અંબા, બહુ નિવ્વાડિમા ફલા ।**
**વઇજ્જ બહુ સંભૂઆ, ભૂઅરૂવ ત્તિ વા પુણો ॥ ૩૩ ॥**

તેમજ પ્રજ્ઞાવાન સાધુ એમ ન બોલે, આ ફળો પાકી ગયા છે અથવા પકાવીને ખાવા યોગ્ય છે કે ફળ ઉતારવાનો સમય પાકયો છે અને કોમલ છે. તેમ તેના બે ભાગ કરવા યોગ્ય છે એમ ન બોલે પરંતુ હેતુવશાત્ એમ બોલે કે આ આમ્ર વૃક્ષમાં બહુ ફળ છે, તેથી તે ભારયુક્ત થઇને નમ્યા છે. આ વખતે ગોટલીવાળાં ઘણાં ફળો આવ્યાં છે તથા તેના ફળો સુંદર અદ્ભુત છે એવું નિર્દોષ વચન બોલે. ૩૨-૩૩

**તહેવોસહીઓ પક્કાઓ, નીલિઆઓ છવીઇ અ ।**
**લાઇમા ભજ્જિમાઉત્તિ, પિહુખજ્જ ત્તિ નો વએ ॥૩૪॥**

વળી ડાંગર વગેરે વનસ્પતિઓ કે અનાજની ફળીઓ કે ચોળા-ફળીઓ પાકી છે તેની છાલ લીલી થઇ છે, એ પાપડી કુણી અને લણવા લાયક છે અથવા શેકવા યોગ્ય છે અથવા તેનો પોંખ પાડીને ખાવા યોગ્ય છે એવું પ્રજ્ઞાવાન સાધુ ન બોલે. ૩૪

**રૂઢા બહુસંભુઆ, થિરા ઓસઢા વિ અ ।**
**ગબ્ભિઆઓ પસૂઆઓ, સંસારાઉ ત્તિ આલવે ॥૩૫॥**

પરંતુ વનસ્પતિ ખુબ ઘીચોઘીચ થઇ છે, તેના અંકુરા ફુટી નીકળ્યા છે, તેને મોર, ટીશી વગેરે આવ્યાં છે, તેની મજબૂત છાલ

થઇ છે, કણો ગર્ભમાં છે અથવા બહાર આવ્યાં છે એવી નિર્દોષ વાણી વાપરે. ૩૫

**તહેવ સંખડિં નચ્ચા, કિચ્ચં કજ્જં ન્તિ નો વએ ।**
**તેણગં વા વિ વજ્ઝિ ન્તિ, સુતિત્થિ ત્તિ અ આવગા ।૩૬।**

વળી કોઇના ત્યાં જમણ થયું છે એવું જાણે તો સુંદર કર્યું છે એમ ન બોલે, વળી ચોરને જોઇને એમ ન કહે કે તે વધ કરવા યોગ્ય છે અથવા નદીનું પાણી જોઇને એમ ન કહે કે તે તરવા લાયક છે એવી સદોષ ભાષા પ્રજ્ઞાવાન સાધુ બોલે નહિ. ૩૬

**સંખડિં સંખડિં બૂયા, પણિઅટ્ઠ ન્તિ તેણગં ।**
**બહુસમાનિ તિત્થાણિ, આવગાણં વિઆગરે ॥૩૭॥**

પરંતુ જરુર પડે બોલવું હોય તો જમણને જમણ કહે, ચોરને ધન માટે ચોરી કરી હશે તેમજ નદીઓના કાંઠા સુંદર છે એવું પરિમિત વચન વાપરે. ૩૭

**તહા નઇઓ પુણ્ણાઓ, કાય ન્તિજ્જન્તિ નો વએ ।**
**નાવાહિં તારિમાઇ ન્તિ, પાણિપિજ્જ ન્તિ નો વએ ૩૮**

વળી પ્રજ્ઞાવાન સાધુ એમ ન બોલે કે આ જલ બંબાકાર નદીઓ શરીરથી તરવા લાયક છે અથવા નાવડાદ્વારા ઉતરવા લાયક છે, આનું પાણી પીવા યોગ્ય છે. ૩૮

**બહુ બાહડા અગાહા, બહુ સલિલુપ્પિલોદગા ।**
**બહુવિત્થડોદગા આવિ, એવં ભાસિજ્જ પણ્ણવં ૩૯**

પરંતુ પ્રજ્ઞાવાન મુનિને બોલવાનો પ્રસંગ પડે તો એમ બોલે કે આ નદીઓ અગાધ છે. જળના કલ્લોલથી નદી જળ ખૂબ ઉછળે છે, તથા નદીનું પાણી મોટા વિસ્તારમાં વહે છે. ૩૯

**તહેવ સાવજ્જં જોગં, પરસ્સટ્ઠા અ નિટ્ઠિઅં ।**
**કીરમાણં તિ વા નચ્ચા, સાવજ્જં ન લવે મુણી ॥૪૦॥**

તેમજ બીજા કોઇએ અન્યને માટે સાવદ્ય ક્રિયા કરી હોય કે કરવાની હોય તેને ઠીક કર્યું છે એવું સદોષ વચન ન બોલે. ૪૦

**સુકડિ ત્તિ સુપક્કિ ત્તિ, સુચ્છિન્ને સુહડે મડે ।**
**સુનિટ્ઠિએ સુલટ્ઠિ ત્તિ, સાવજ્જં વજ્જએ મુણી ॥૪૧॥**

તેમજ પાપકારી ક્રિયા સારી થઇ છે, આ રસોઇ સુપકવ થઇ છે, આ શાક સારી રીતે છેદ્યું છે, આનું ધન હરાયું તે ઠીક થયું, આ મરી ગયો તે સારું થયું, આ મકાન સુંદર બનાવ્યું છે, આ બેન પરણાવવા લાયક છે એવી સદોષ વાણી ન બોલે. ૪૧

**પયત્તપક્કિ ત્તિ વ પક્કમાલવે,**
**પયત્ત છિન્નત્તિ વ છિન્નમાલવે ।**
**પયત્ત લટ્ઠિ ત્તિ વ કમ્મહેઉઅં,**
**પહારગાઢિ ત્તિ વ ગાઢમાલવે ॥ ૪૨ ॥**

પરંતુ પ્રસંગવશાત્ બોલવું પડે તો બોલે કે આ રસોઇ પ્રયત્નપૂર્વક પકાવી છે, આ શાક યત્નાથી છેદાયું છે, સુંદર કન્યાને જોઇને બોલે કે આ બાઇનું સંભાળપૂર્વક પાલન થયું છે અને શ્રૃંગાર સંસાર વગેરે કર્મ બંધના હેતુ છે તેથી તે સાધ્વી થવા લાયક છે અને ઘાયલ થએલા વિષે કહે કે તે બહુ ઘાયલ થયો છે. ૪૨

**સવ્વુક્કસં પરગ્ઘં વા, અઉલં નત્થિ એરિસં ।**
**અવિક્કિઅમવત્તવ્વં, અચિઅત્તં ચેવ નો વએ ॥૪૩॥**

વળી સાધુ કોઇ વસ્તુને ન કહે કે તે સર્વોત્કૃષ્ટ છે, મહા મૂલ્યવાન છે, અનુપમ છે, વેચવા લાયક નથી, સ્વચ્છ નથી, અવર્ણનીય-અકથ્ય છે. ૪૩

**સવ્વમેઅં વઇસ્સામિ, સવ્વમેઅં તિ નો વએ ।**
**અણુવીઇ સવ્વં સવ્વત્થ, એવં ભાસિજ્જ પણ્ણવં ॥૪૪॥**

પ્રજ્ઞાવાન મુનિ જે કંઇ બોલે તે પ્રત્યેક સ્થળે વિચારીને બધું બોલે પરંતુ એમ ન કહે કે, હું આ તમારી બધી વાત એને કહી દઇશ અથવા આ મારી બધી વાત તેમને કહેશો. ૪૪

**સુક્કીઅં વા સુવિક્કીઅં, અકિજ્જં કિજ્જમેવ વા ।**
**ઇમં ગિણ્હ ઇમં મુંચ, પણિઅં નો વિઆગરે ॥૪૫॥**

મુનિ એમ ન બોલે કે આ ચીજ તમે ખરીદી છે તે ઠીક કર્યું, આ વસ્તુ તમે વેચી તે સારૂં કર્યું, આ માલ ખરીદવા લાયક છે, અથવા નથી. આ વસ્તુમાં લાભ છે માટે તેને લો, આ વસ્તુમાં લાભ નથી માટે વેચો, એવાં વેપારી વચનો મુનિ ન બોલે. ૪૫

**અપ્પગ્ઘે વા મહુગ્ઘે વા, કએ વા વિક્કએ વિ વા ।**
**પણિઅટ્ઠે સમુપ્પન્ને, અણવજ્જં વિઆગરે ॥ ૪૬ ॥**

તેમજ કોઇ અલ્પ કિંમતની તથા મોંઘી ખરીદેલી કે વેચેલી વસ્તુના સંબંધમાં પૂછે તો સંયમી મુનિ સદોષ ન બોલે. ૪૬

**તહેવા સંજયં ધીરો, આસ એહિ કરેહિવા ।**
**સયં ચિટ્ઠ વયાહિન્તિ, નેવં ભાસિજ્જ પણ્ણવં ॥ ૪૭ ॥**

તથા પ્રજ્ઞાવાન સંયત ધીર મુનિ એવું ન બોલે કે આવો, બેસો, આમ કરો, સૂવો, ઉભા રહો, બોલો. ૪૭

**બહવે ઇમે અસાહુ, લોએ વુચ્ચંતિ સાહુણો ।**
**ન લવે અસાહું સાહુન્તિ, સાહું સાહુન્તિ, આ લવે ૪૮**

આ લોકમાં ઘણા અસાધુઓને સાધુ કહે છે માટે પ્રજ્ઞાવાન મુનિ અસાધુને સાધુ છે એમ ન કહે, પરંતુ સાધુને સાધુ કહે. ૪૮

નોંધ—સાધુ એટલે ૨૭ ગુણ યુક્ત સાધુ અને અસાધુ એટલે શીલ-
વિહીન વેશધારી નામધારી સાધુ

**નાણદંસણ સંપન્નં, સંજમે ય તવે રયં ।**
**એવં ગુણસમાઉત્તં, સંજમં સાહુ માલવે ॥૪૯॥**

પરંતુ સાધુતાના ગુણ સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન યુક્ત સત્તર પ્રકારના સંયમ અને બાર પ્રકારના તપમાં ઉદ્યમવંત આવા ગુણો-યુક્ત સંયમીને સાધુ કહે કે માને. ૪૯

**દેવાણં મણુઆણં ચ, તિરિઆણં ચ વુગ્ગહે ।**
**અમુગાણં ચ જઓ હોઉ, મા વા હોઉન્તિ નો વએ ૫૦**

તેમ સંયમી મુનિ દેવ, મનુષ્ય અને જનાવરના વિગ્રહ-લડાઇમાં એમ ન બોલે કે ફલાણો જીતે કે ફલાણો ન જીતે. ૫૦

**વાઓ વુટ્ઠં ચ સીઉણ્હં, ખેમં ધાયં સિવં તિ વા ।**
**કયાણુહુજ્જ એઆણિ, મા વા હોઉ ન્તિ નો વએ ૫૧**

વાત, વૃષ્ટિ, શીત કે ગરમી, ઉપદ્રવનું શમન, સુકાળ તથા દૈવિક ઉપસર્ગની શાંતિ વગેરે કયારે થશે કે આમ થાઓ કે આમ ન થાઓ એવું સાધુ બોલે કે વર્તે નહિ ૫૧

**તહેવ મેહં વ નહં વ માણવં,**
**ન દેવ દેવન્તિ ગિરં વઇજ્જા ।**
**સમુચ્છિએ ઉન્નએ વા પઓએ,**
**વઇજ્જવા વુટ્ઠ વલાહય ન્તિ ॥ ૫૨ ॥**

તથા વાદળું આકાશ કે માનવને આ દેવ છે એવું મુનિ ન બોલે પરંતુ પ્રસંગવશાત્ બોલે તો બોલે કે આ મેઘ ચડેલ છે, ઉંચે ઘેરાઇ રહ્યો છે તથા જળથી ભરાયો છે. ૫૨

**અંતલિક્ખેત્તિ ણં બૂઆ, ગુજ્ઝાણુઅરિઅત્તિ અ ।**
**રિદ્ધિમંતં નરં દિસ્સ, રિદ્ધિમંતં તિ આલવે ॥૫૩॥**

મુનિ આકાશને અંતરિક્ષ છે એમ કહે અથવા દેવોને ગમનાગમનનો ગુપ્ત માર્ગ છે તેમ કહે તેમજ રિદ્ધિવાળા માણસને જોઇને કહે કે તે રિદ્ધિયુક્ત છે. ૫૩

**તહેવ સાવજ્જણુમોઅણી ગિરા,**
**ઓહારિણીજા ય પરોવઘાઇણી ।**
**સે કોહ લોહ ભય હાસ માણવો,**
**ન હાસમાણો વિ ગિરં વઇજ્જા ॥ ૫૪ ॥**

તેમજ મુનિ પાપને અનુમોદનકારી તથા કોઇને નીચે ઉતારી પાડે એવી, કોઇનો ઘાત કરે એવી, ક્રોધ, લોભ, ભય, હાસ્ય, કે મશ્કરીમાં ન બોલે. ૫૪

**સુવક્કસુદ્ધિ સમુપેહિઆ મુણી,**
**ગિરં ચ દુટ્ઠં પરિવજ્જએ સયા ।**
**મિઅં અદુટ્ઠં અણુવીઇ ભાસએ,**
**સયાણમજ્ઝે લહઇ પસંસણં ॥ ૫૫ ॥**

મુનિના વચનમાં પૂર્ણ વાકય શુદ્ધિ તેમજ વાકયની સુંદરતા જોઇને દુષ્ટ-પાપી વાણીને પૂરેપૂરૂં તજે માટે જે મુનિમિત, નિર્દોષ, સપ્રમાણ બોલે છે તે સંતોની અંદર પ્રશંસા પામે છે. ૫૫

**ભાસાઇ દોસે અગુણે અ જાણિઆ,**
**તીસે અ દુટ્ઠે પરિવજ્જએ સયા ।**
**છસુ સંજએ સામણિએ સયા જએ,**
**વઇજ્જ બુધ્ધે હિયમાણુલોમિઅં ॥ ૫૬ ॥**

માટે ભાષાના ગુણ-દોષ જાણીને તેમાં જે ખોટું છે તેનો સદાને માટે ત્યાગ કરીને છકાય જીવોમાં સંયમને સાચવનાર, સાધુ-પણામાં નિત્ય જાગૃત, જ્ઞાની પુરુષ હંમેશાં હિતકારી અને મધુરવાણી બોલે. ૫૬

**પરિક્ખભાસી સુસમાહિ ઈંદિએ,**
**ચઉક્કસાયાવગએ અણિસ્સિએ ।**
**સનિદ્ધુણે ધુત્તમલં પુરે કડં,**
**આરાહએ લોગમિણં તહા પરં ॥ ૫૭ ॥**
**॥ ત્તિ બેમિ ॥**

અને આમ સદોષ અને નિર્દોષ વાણીની પરીક્ષા કરીને, સર્વ ઈંદ્રિયોનો સંયમી સમાધિ યુક્ત, ચાર કષાય–ક્રોધ, માન, માયા અને લોભથી રહિત તથા તેવો અનસક્ત સાધુ પૂર્વે કરેલાં પાપ મળને ધોઇ નાંખે છે તથા આલોક અને પરલોકની આરાધના સાધ્ય કરી લે છે. ૫૭ એમ હું કહું છું.

**। ઇતિ સુવાકય શુદ્ધાખ્ય અજઝયણં ।**

卐

# ॥ આચાર પણિહિં અજ્ઝયણં ॥

[ આઠમું અધ્યયન ]

**આયાર પણિહિં લદ્ધું, જહા કાયવ્વ ભિક્ખુણા ।**
**તં ભે ઉદ્દારહરિસ્સામિ, આણુપુવ્વિં સુણેહ મે ॥ ૧ ॥**

સાધુના ઉચ્ચ આચારને પામીને. સાધુઓએ શું કરવું જોઇએ તે હું સક્રમ કહીશ તે તમો મને સાંભળો. ૧

**પુઢવિદગઅગણિમારુઅ, તણરુકખસ્સ બીયગા ।**
**તસા અ પાણ જીવ ત્તિ, ઇઇ વુત્તં મહેસિણા ॥ ૨ ॥**

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ. લીલું ઘાસ, વૃક્ષ તથા જે હાલતાં ચાલતાં પ્રાણીઓ છે તે બધા જીવો છે એમ મહર્ષિ સર્વજ્ઞ કહે છે.૨

**તેસિં અચ્છણજોએણ, નિચ્ચં હોઅવ્વયં સિઆ ।**
**મણસા કાયવક્કેણ, એવં હવઈ સંજએ ॥ ૩ ॥**

ઉક્ત જીવો પ્રતિ નિત્ય અહિંસક વૃત્તિથી રહેવું ઘટે. જે મન, વચન અને કાયાથી અહિંસક છે તે સાધક સાચો સંયમી બને છે.૩

**પુઢવિં ભિત્તિં સિલં લેલું, નેવ ભિંદે ન સંલિહે ।**
**તિવિહેણ કરણ જોએણ. સંજએ સુસમાહિએ ॥ ૪ ॥**

સંયમ અને સમાધિ સંપન્ન મુનિ પૃથ્વી, ભીંત, સચિત્ત શિલા કે પૃથ્વીનું ઢેફું પણ પોતે ભાગે નહિ કે ખોતરે નહિ, બીજા પાસે ભગાવે કે ખોતરાવે નહિ તેમજ કોઇ ખોતરતો કે ખોદતો હોય તો તેને અનુમોદન આપે નહિ. ૪

**સુદ્ધ પુઢવીં ન નિસીએ, સસરક્ખમ્મિ અ આસણે ।**
**પમજ્જિ-તુ નિસીઇજ્જા, જાઇત્તા જસ્સ ઉગ્ગહં ॥૫॥**

તેમજ મુનિ સજીવ પૃથ્વી ઉપર કે સજીવ ધૂળવાળા આસન ઉપર બેસે નહિ પણ જો આવશ્યકતા હોય તો જેની માલીકીની વસ્તુ હોય તેની અનુમતિ લઇ તેને પ્રમાર્જિને તેના ઉપર બેસે. ૫

**સીઓદગં ન સેવિજ્જા, સિલાવુટ્ઠં હિમાણિ અ ।**
**ઉસિણોદગં તત્ત ફાસુઅં, પડિગાહિજ્જ સંજએ ॥૬॥**

સંયમી મુનિ ઠંડું પાણી, કરાનું પાણી કે સચિત બરફનું પાણી ન વાપરે પરંતુ ગરમ પાણી તથા પ્રાસુક નિર્દોષ પાણીનો ઉપયોગ કરે. ૬

**ઉદઉલ્લં અપ્પણો કાયં, નેવ પુંછે ન સંલિહે ।**
**સમુપ્પેહે તહાભૂઅં, નો ણં સંઘટ્ટએ મુણી ॥ ૭ ॥**

સંયતિ મુનિનું શરીર કદાચ સચેત પાણીથી ભિંજાય તો તેને લુછે કે ઘસે નહિ તેમજ ભીના શરીરનો તે વખતે સ્પર્શ ન કરે. ૭

**ઈંગાલં અગણિં અચ્ચિં, અલાયં વા સજ્જોઇઅં ।**
**ન ઉંજિજ્જા ન ઘટ્ટિજ્જા, નો ણં નિવ્વાવએ મુણી ॥૮॥**

મુનિ બળતા અંગારા, અગ્નિ, અગ્નિના તણખા કે બળતા લાકડાને સળગાવે, હલાવે કે બુઝાવે નહિ. ૮

**તાલિઅંટેણ પત્તેણ, સાહાએ વિહુયણેણ વા ।**
**ન વીઇજ્જ અપ્પણો કાયં, બાહિરં વા વિ પુગ્ગલં ॥૯॥**

તેમજ મુનિ તાડપત્રના વિંજણાથી, પંખાથી, ઝાડની ડાળે કરીને અથવા બીજી કોઇ વસ્તુ હલાવીને આહારાદિ ચીજને ઠંડી બનાવવા પવન ન નાંખે. ૯

**તણરૂક્ખં ન છિંદિજ્જા, ફલં મૂલં ચ કસ્સઇ ।**
**આમગં વિવિહં બીઅં, મણસા વિ ન પત્થએ ॥૧૦॥**

તેમજ મુનિ તૃણ, વૃક્ષ, ફળ તેમજ વનસ્પતિનાં મૂળને ન છેદે તેમજ જુદી જુદી જાતની બીજી કાચી વનસ્પતિ ખાવાનો મનથી પણ વિચાર ન કરે. ૧૦

**ગહણેસુ ન ચિટ્ઠિજ્જા, બીએસુ હરિએસુ વા ।**
**ઉદ્દગમ્મિ તહા નિચ્ચં, ઉત્તિંગ પણગેસુ વા ॥ ૧૧ ॥**

મુનિ ઝાડની ઘન ઝાડીમાં ન ઉભો રહે તેમજ બીજ, લીલી વનસ્પતિ, પાણી તથા બિલાડીના ટોપ જેવી વનસ્પતિ તથા લીલફુલ ઉપર બેસે નહિ. ૧૧

**તસે પાણે ન હિંસિજ્જા, વા યાદુવ કમ્મુણા ।**
**ઉવરઓ સવ્વ ભૂએસુ, પાસેજ્જ વિવિહં જગં ॥ ૧૨ ॥**

સર્વ પ્રાણી માત્રની હિંસાથી ઉપરત થયેલા મુનિ મનસા, વાચા, કર્મણા કોઈ જીવની હિંસા ન કરે પરંતુ મુનિ સર્વ જીવની કર્મની વિચિત્રતા જોઈને સંયમમય વર્તન રાખે. ૧૨

**અટ્ઠ સુહુમાઇ પેહાએ, જાઈ જાણિ-તુ સંજએ ।**
**દયાહિહારી ભુએસુ, આસ ચિટ્ઠ સએહિ વા ॥૧૩॥**

પ્રાણી માત્ર વિષે દયા સેવનાર સંયતિ મુનિ આઠ જાતના સૂક્ષ્મ જીવોને વિવેક પૂર્વક સમજીને તથા જોઈને બેસે, ઉભો રહે કે સૂએ. ૧૩

**કયરાઈ અટ્ઠ સુહુમાઈ, જાઈ પુચ્છિજ્જ સંજએ ।**
**ઇમાઈ તાઈ મેહાવી, આઇક્ખિજ્જ વિઅકખણો ॥૧૪॥**

આ આઠ જાતના સૂક્ષ્મ જીવો કયા કયા છે? તે સંયતિ સાધુ પૂછે છે તેનો જવાબ વિચક્ષણ મેધાવી ગુરૂ આપે છે. ૧૪

**સિણેહં પુપ્ફસુહુમં ચ, પાણુત્તિંગં તહેવ ય ।**
**પણગં બીઅં હરિઅં ચ, અંડસુહુમં ચ અટ્ઠમં ૧૫**

ઓસ ધુંવરનું સૂક્ષ્મ પાણી, ઘણા બારિક સૂક્ષ્મ પુષ્પો, સૂક્ષ્મ પ્રાણી–કુંથુઆ, ઉત્તિંગ સૂક્ષ્મ-કીડીઓનાં દર, પનક સૂક્ષ્મ–લીલફુલ, બીજ સૂક્ષ્મ હરિત સૂક્ષ્મ લીલા અંકુરા અને અંડ સૂક્ષ્મ-કીડી, માખીનાં ઈંડા. ૧૫

**એવમેઆણિ જાણિ-તા, સવ્વભાવેણ સંજએ ।**
**અપ્પમ-તો જએ નિચ્ચં, સવ્વિંદિઅ સમાહિએ ॥૧૬॥**

આમ ઉક્ત આઠ જાતના સૂક્ષ્મ જીવોને જાણીને અપ્રમત સંયમી તે જીવો ન હણાય તે માટે સર્વ ભાવથી ઉપયોગમાં રહે અને વર્તે. ૧૬

**ધુવં ચ પડિલેહિજ્જા, જોગસા પાય કંબલં ।**
**સિજ્જમુચ્ચાર ભુમિં ચ, સંથારં અદુવાસણં ॥૧૭॥**

સંયમી સાધુ હંમેશાં ઉપયોગપૂર્વક પાત્ર, કંબલ, શય્યાસન, પેશાબ કરવાની જગ્યા, પથારી અથવા આસનનું પ્રતિલેખન કરે. ૧૭

**ઉચ્ચારં પાસવણં, ખેલં સિંઘાણજલ્લિઅં ।**
**ફાસુઅં પડિલેહિ-તા, પરિટ્ઠાવિજ્જ સંજએ ॥ ૧૮ ॥**

સંયતી સાધુ મળ, મૂત્ર, બળખો, નાક–કાનનો મેલ પણ નિર્જિવ જગ્યા જોઈને પરઠવે. ૧૮

**પવિસિ-તુ પરાગારં, પાણટ્ઠા ભોઅણસ્સ વા ।**
**જયં ચિટ્ઠે મિઅં ભાસે, ન ય રુવેસુ મણં કરે ॥૧૯॥**

ભોજન અને પાણી માટે ગૃહસ્થના ઘરમાં ગયેલ ભિક્ષુ યત્નાપૂર્વક ઉભો રહે. મિત વાણી બોલે અને બાહ્ય સૌન્દર્ય તરફ મનને પ્રેરે નહિ. ૧૯

**બહુ સુણેહિ કણ્ણેહિં, બહુ અચ્છીહિં પિચ્છઇ ।**
**ન ય દિટ્ઠં સુઅં સવ્વં, ભિક્ખુ અકખાઉમરિહઇ ।૨૦।**

ભિક્ષુ સાધુ ભિક્ષાર્થે જાય ત્યારે કાનેથી ઘણું સાંભળે, આંખોથી ઘણું જુવે, છતાં જે જોયું કે સાંભળ્યું છે તે બીજાને કહેવું ઉચિત નથી. ૨૦

**સુઅં વા જઇ વા દિટ્ઠં, ન લવિજ્જો વઘાઇઅં ।**
**ન ય કેણ ઉવાએણં, ગિહિજોગં સમાયરે ॥ ૨૧ ॥**

સાંભળેલું કે જોએલું બીજાને કહેવાથી અન્યની લાગણી દુભાય તેવું સાધુ કદિ બોલે નહિ તેમજ કોઈ પણ પ્રકારે ગૃહસ્થને છાજે અને સાધુને ન છાજે તેવો વ્યવહાર આચરે નહિ. ૨૧

**નિટ્ઠાણં રસનિજ્જૂઢં, ભદ્દગં પાવગં તિ વા ।**
**પુટ્ઠો વા વિ અપુટ્ઠો વા, લાભાલાભં ન નિદ્દિસે ॥૨૨॥**

કોઇના પૂછવાથી કે અણપૂછવાથી કયારેય પણ સાધુ ભિક્ષાના સંબંધે આ રસાળ છે કે રસહીન છે, આ ગામ સારૂં છે કે ખરાબ છે અથવા આ દાતાએ આપ્યું અને આણે ન આપ્યું વગેરે કંઇપણ ન બોલે. ૨૨

**ન ય ભોઅણમ્મિ ગિદ્ધો, ચરે ઉંછં અયંપિરો ।**
**અફાસુઅં ન ભુંજિજ્જા, કીઅમુદ્દેસિઆહડં ॥ ૨૩ ॥**

ભિક્ષુ જમવામાં ગૃદ્ધ ન બને, ગરીબ કે તવંગર. બન્નેને ઘેર સમભાવે ગોચરી જઇ દાતારના અવગુણો ન બોલતાં મૌનપણે જે કંઈ મળે તેમાં સંતોષ માને, પરંતુ પોતાના નિમિત્તે ખરીદેલી, કરેલી કે લેવાયેલી હોય તેવી તથા સચેત ભિક્ષા ન લે. ૨૩

**સન્નિહિં ચ ન કુવ્વિજ્જા, અણુમાયં પિ સંજએ ।**
**મુહાજીવી અસંબદ્ધે, હવિજ્જ જગનિસ્સિએ ॥૨૪॥**

સંયમી સાધુ રાત્રે અણુમાત્રનો પણ સંગ્રહ ન કરે અને સર્વ પ્રાણી માત્રનો રક્ષક સાધુ અનાસકત વૃત્તિએ સાધુ જીવન વહે. ૨૪

**લૂહવિ-ત્તી સુસંતુટ્ઠે, અપ્પિચ્છે સુહરે સિઆ ।**
**આસુર-ત્તં ન ગચ્છિજ્જા, સુચ્ચાણં જિણસાસણં ॥૨૫॥**

સંયમી સાધુ જિન વીતરાગ ધર્મને સાંભળીને લુખી વૃત્તિવાળો રસદ પદાર્થો ત્યાગવાવાળો, આત્મ સંતોષી અલ્પ ઇચ્છાવાળો, સુતૃપ્ત રહે અને અસુરપણી–આસુરી વૃત્તિ ક્રોધ, માન, માયા, લોભ ત્યાગે ૨૫

**કણ્ણ સુક્ખેહિં સદ્દેહિં, પેમં નાભિનિવેસએ ।**
**દારુણં કક્કસં ફાસં, કાએણ અહિઆસએ ॥ ૨૬ ॥**

કાનને સુખ ઉપજે એવા શબ્દો સાંભળીને તે તરફ રાગ-ભાવ ન દાખવે તેમજ ભયંકર કે કઠોર સ્પર્શ શરીરને થાય તો તે તરફ દ્વેષ ભાવ ન બતાવે પરંતુ બન્ને પ્રતિ સમભાવ રાખે. ૨૬

**ખુહં પિવાસં દુસિજ્જં, સીઉણ્હં અરઈ ભયં ।**
**અહિઆસે અવ્વહિઓ, દેહ દુક્ખં મહા ફલં ॥૨૭॥**

ભૂખ, તરસ, કઠણ પથારી, ટાઢ, ગરમી, અરતિ થાય તેવા પ્રસંગ, ભય ઉત્પન્ન થાય તેવા પ્રસંગે મુનિ મનમાં ખેદ લાવ્યા વિના પ્રસન્ન ચિત્તે સહન કરે અને દેહના દુઃખને તિતિક્ષા સમજી તેને મહા લાભનું કારણ માને. ૨૭

**અત્થંગયમ્મિ આઇચ્ચે, પુરત્થા અ અણુગ્ગએ ।**
**આહારમાઇઅં સવ્વં, મણસા વિ ન પત્થએ ॥૨૮॥**

સૂર્ય અસ્ત થયા પછી કે સૂર્ય ઉગ્યા પ્હેલાં મુનિ આહારાદિકને મનથી પણ ન ઇચ્છે. ૨૮

**અતિંતિણે અચવલે, અપ્પભાસી મિઆસણે ।**
**હવિજ્જ ઉઅરે દંતે, થોવં લદ્ધું ન ખિંસએ ॥૨૯॥**

સંયતિ મુનિ ગુસ્સાવાળું આવેશમાં ન બોલે, તે અચપલ,

શાંત, અલ્પભાષી, પરિમિત ભોજનવાળો, ઈંદ્રિયોને દમનાર, ભિક્ષામાં થોડું મળે તો પણ ખેદ ન પામનારો હોય. ૨૯

**ન બાહિરં પરિભવે, અત્તાણં વ સમુક્કસે ।**
**સુઅલાભે ન મજ્જિજ્જા, જચ્ચા તવસ્સિ બુદ્ધિએ ૩૦**

સુસાધુ બીજાઓનો તીરસ્કાર કરે નહિ તેમજ પોતાના આત્માને વિષે ગર્વ ન કરે. તેનામાં શ્રુત જ્ઞાન, તપ, બુદ્ધિ વિશેષ હોય તો તેનો ગર્વ કરે નહિ. ૩૦

**સે જાણમજાણં વા, કટ્ટુ આહમ્મિઅં પયં ।**
**સંવરે ખિપ્પમપ્પાણં, બીઅં તં ન સમાયરે ॥૩૧॥**

સુસાધુ જાણતાં કે અજાણતાં અધર્મ કરે તો તે જલ્દી-તુરતજ તેને ન છુપાવતાં પ્રાયશ્ચિત કરીને પોતાના આત્માને તેવા કર્મથી પાછો વાળે અને બીજું તેવું કંઈ ન કરે. ૩૧

**અણાયારં પરક્કમ્મ, નેવ ગૂહે ન નિણ્હવે ।**
**સૂઈ સયા વિયડભાવે, અસંસત્તે જિઈંદિયે ॥ ૩૨ ॥**

જિતેન્દ્રિય, મુનિ અનાસક્ત હોય છતાં તેમનાથી કદાચ અનાચાર સેવાઇ જાય તો તેને છુપાવે નહિં પરંતુ હિતકારી ગુરુ પાસે તેને પ્રકટ કરી તેનું પ્રાયશ્ચિત લે અને સદા નિષ્પાપી રહે. ૩૨

**અમોહં વયણં કુજ્જા, આયરિઅસ્સ મહપ્પણો ।**
**તં પરિગિજ્ઝ વાયાએ, કમ્મુણા ઉવવાયએ ॥ ૩૩ ॥**

તે ગુરુ મહારાજ આચાર્યનું વચન પ્રમાણ કરે અને તેને જીવનમાં ઉતારે. ૩૩

**અધુવં જીવિઅં નચ્ચા, સિદ્ધિમગ્ગં વિઆણિઆ ।**
**વિણિઅટ્ટિજ્જ ભોગેસુ, આઉં પરિમિઅમપ્પણો ॥૩૪॥**

સુસાધુ આત્માનું પરિમિત ટુંકું આયુષ્ય જાણીને આત્મ-સિદ્ધિનો માર્ગ એજ સાચો નિત્ય માર્ગ છે એવું સમજીને ભોગોથી પાછો હઠે. ૩૪

**બલં થામં ચ પેહાએ, સદ્ધામારુગ્ગમપ્પણો ।**
**ખિત્તં કાલં ચ વિન્નાય, તહપ્પાણં ચ નિજુંજએ ૩૫**

માટે સુસાધુએ પોતાનું મનોબળ. શારીરિક શક્તિ, આરોગ્ય, શ્રદ્ધા, ક્ષેત્ર અને કાળ જોઇ-જાણીને તથા પ્રકારે આત્માને ધર્મમાં યોજવો. ૩૫

**જરા જાવ ન પીડેઇ, વાહી જાવ ન વડ્ઢઈ ।**
**જાવિંદિઆ ન હાયંતિ, તાવ ધમ્મં સમાયરે ॥ ૩૬ ॥**

સુસાધુએ જ્યાં સુધી વૃદ્ધાવસ્થા પહોંચે નહિ અને પીડા ન આપે, જ્યાં સુધી વ્યાધિ શરીરને ઘેરે નહિ. જ્યાં સુધી ઈંદ્રિયોનું બળ ક્ષીણ ન થાય ત્યાં સુધી ધર્મને સમ્યક્ પ્રકારે સેવે. ૩૬

**કોહં માણં ચ માયં ચ, લોભં ચ પાવવડ્ઢણં ।**
**વમે ચત્તારિ દોસે ઉ, ઇચ્છંતો હિઅમપ્પણો ॥ ૩૭ ॥**

આત્માનું હિત ઇચ્છનારે, પાપ વધારનાર ક્રોધ, માન, માયા, અને લોભ રૂપ ચારે દોષોનો વમન કરે. ૩૭

**કોહો પીઈં પણાસેઇ, માણો વિણય નાસણો ।**
**માયા મિત્તાણિ નાસેઇ, લોભો સવ્વ વિણાસણો ॥૩૮॥**

ક્રોધ પ્રેમનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે માયા મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વનો નાશ કરે છે. ૩૮

**ઉવસમેણ હણે કોહં, માણં મદ્દવયા જિણે ।**
**માયમજ્જવ ભાવેણ, લોભં સંતોસઓ જિણે ॥૩૯॥**

ક્રોધને જીતવા ઉપશમ ક્ષમા શાંતિનો પ્રયોગ કરે. માનને જીતવા મૃદુતા ધારે, માયાને સરળતાથી અને લોભને સંતોષથી જીતે. ૩૯

**કોહો અ માણો અ અણિગ્ગહિઆ,**
**માયા અ લોભો અ પવડ્ઢમાણા ।**
**ચત્તારિ એએ કસિણા કસાયા,**
**સિંચંતિ મૂલાઈં પુણબ્ભવસ્સ ॥ ૪૦ ॥**

ક્રોધ અને માનનો નિગ્રહ ન થાય અને માયા અને લોભને વિશેષ વધારીએ તો આ ચાર અજ્ઞાનમય કાળા કષાયો પુનર્ભવના મૂળને સિંચે છે તેનાથી ભવકટિ થતી નથી. ૪૦

**રાયણિએસુ વિણયં પઉંજે,**
**ધુવસીલયં સયયં ન હાવઇજ્જા ।**
**કુમ્મુવ્વ અલ્લીણ પલીણગુત્તો,**
**પરક્કમિજ્જા તવ સંજમમ્મિ ॥ ૪૧ ॥**

સુસાધુ પોતાનાથી વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ તેમજ ચારિત્રવૃદ્ધ ગુરુજન પ્રતિ વિનય દેખાડે. પોતાના ઉચ્ચ ચારિત્રને સતત ઉપાસે–તેમાંથી ડગે નહિ. કાચબાની માફક ઈંદ્રિયોને ગોપવી અલોલુપ રહે અને તપ સંયમમાં પુરુષાર્થ ફેરવે-આગળ વધે. ૪૧

**નિદ્દં ચ ન બહુમન્નિજ્જા, સપ્પહાસં વિવજ્જએ ।**
**મિહો કહાહિં ન રમે, સજ્ઝાયમ્મિ રઓ સયા ॥૪૨॥**

સુસાધુ બહુ નિદ્રા ન સેવે, હાસ્ય કથાનો ત્યાગ કરે તેમજ નકામી કોઇની છાની વાતો ન કરે પરંતુ સ્વાધ્યાયમાં લીન રહે. ૪૨

**જોગં ચ સમણધમ્મમ્મિ, જુંજે અનલસો ધુવં ।**
**જુત્તો અ સમણધમ્મમ્મિ, અટ્ઠં લહઈ અણુત્તરં ॥૪૩॥**

ધ્રૂવ જાગૃત રહી, સર્વ પ્રકારે આળસને છોડીને મન, વચન, કાયાના યોગને દશ પ્રકારના શ્રમણ ધર્મમાં યોજે અને આમ શ્રમણ ધર્મમાં જોડાયેલ ત્રિયોગી સાધુ અનુત્તર મોક્ષાર્થને પામે છે. ૪૩

**ઇહ લોગ પારત્તહિઅં, જેણં ગચ્છઇ સુગ્ગઈં ।**
**બહુસ્સુઅં પજ્જુવાસિજ્જા, પુચ્છિજ્જત્થ વિણિચ્છિઅં ૪૪**

આ લોક તથા પરલોક બન્નેમાં હિત થાય અને જેનાથી સદ્ગતિ પ્રાપ્ત થાય તેવા બહુશ્રુત સુસાધકે ઉપાસના કરવી અને પોતાની શંકાનું સમાધાન કરી અર્થનો નિશ્ચય કરવો. ૪૪

**હત્થં પાયં ચ કાયં ચે, પણિહાય જિઈંદિએ ।**
**અલ્લીણગુત્તા નિસિએ, સગાસે ગુરુણો મુણી ॥ ૪૫ ॥**
**ન પક્ખઓ ન પુરઓ, વ કિચ્ચાણ પિટ્ઠઓ ।**
**ન ય ઉરુંસમાસિજ્જ, ચિટ્ઠિજ્જા ગુરુણંતિએ ॥૪૬॥**

મુનિ ગુરુની પાસે જિતેન્દ્રિય થઇને હાથ, પગ અને કાયને યથાવસ્થિત રાખીને ઇન્દ્રિયોને ગોપવીને ગુરુજનોની બહુ પાસે ન બેસે પરંતુ વિવેક વિનય રાખીને બેસે. ૪૫—૪૬

**અપુચ્છિઓ ન ભાસિજ્જા, ભાસમાણસ્સ અંતરા ।**
**પિટ્ઠિમંસં ન ખાઇજ્જા, માયામોસં વિવજ્જએ ॥૪૭॥**

સુસાધુ ગુરૂજનની પાસે પૂછ્યા વિના બોલે નહિ, ગુરૂજન બોલતા હોય તો વચમાં ન બોલે, પીઠનું માંસ ન ખાય, પાછળથી અવર્ણવાદ ન બોલે અને અસત્ય એવી માયા કપટને છોડી દે. ૪૭

**અપ્પત્તિઅં જેણ સિઆ, આસુ કુપ્પિજ્જ વા પરો ।**
**સવ્વસો તં ન ભાસિજ્જા, ભાસં અહિઅગામિણિં ૪૮**

વળી જે ભાષાથી બીજાને અપ્રતિત થાય તેમજ જે બોલવાથી

બીજાને જલદી ક્રોધ થાય તેમજ જે ભાષાથી કોઇનું અહિત થાય તેવી ભાષા મુનિ સર્વ પ્રકારે ન બોલે. ૪૮

**દિટ્ઠં મિઅં અસંદિદ્ધં, પડિપુન્નં વિઅં જિઅં ।**
**અયં પિરમણુવ્વિગ્ગં, ભાસં નિસિર અત્તવં ॥ ૪૯ ॥**

વળી સુસાધુ જે વસ્તુ જોઇ હોય તેને પરિમિત ભાષામાં અસંદિગ્ધ વાણીમાં પૂર્ણ, સ્પષ્ટ અને અનુભવયુક્ત વાણીમાં બોલે. આ વાણી પણ બીજાને ખેદ થાય તેવી તેમજ વાચાળ ન હોવી જોઇએ. ૪૯

**આયાર પન્નત્તિધરં, દિટ્ઠિવાયમહિજ્જગં ।**
**વાયવિક્ખલિઅં નચ્ચા, ન તં ઉવહસે મુણી ॥ ૫૦ ॥**

સુસાધુ ગુરૂ મહારાજ જે પ્રજ્ઞાવાન, મહાબુદ્ધિશાળી તેમજ દૃષ્ટિવાદ વગેરે શાસ્ત્રના જાણ હોય છતાં તેમની વાણીમાં સ્ખલના થાય તો મુનિ તેને હસે નહિ. ૫૦

**નકખત્તં સુમિણં જોગં, નિમિત્તં મંતભેસજં ।**
**ગિહિણો તં ન આઇકખે, ભૂઆહિ ગરણં પયં ॥૫૧॥**

મુનિ ગૃહસ્થને નક્ષત્ર વિદ્યા, સ્વપ્ન શાસ્ત્ર નિમિત્ત શાસ્ત્ર, મંત્ર વિદ્યા, ઔષધ વગેરે ગૃહસ્થને ન કહે કારણ કે તેનાથી જુદી જુદી જાતના અનર્થ થવાનો સંભવ છે. ૫૧

**અન્નટ્ઠં પગડં લયણં, ભઇજ્જ સયણાસણં ।**
**ઉચ્ચાર ભૂમિ સંપન્નં, ઇત્થી પસુવિવજ્જિઅં ॥ ૫૨ ॥**

વળી મુનિ એવા સ્થાને રહે કે જ્યાં સ્ત્રી–પશુ વગેરે રહેતા ન હોય તેમજ મુનિ ગૃહસ્થના માટે બનાવેલ આસન, શય્યા અને સ્થાનને ભોગવી શકે તેમજ મુનિ માટે ઉચ્ચારપાસવણ ભૂમિ સાનુકૂળ હોવી જોઇએ. ૫૨

**વિવિત્તા અ ભવે સિજ્જા, નારીણં ન લવે કહં ।**
**ગિહિસંથવં ન કુજ્જા, કુજ્જા સાહૂહિં સંથવં ॥ ૫૩ ॥**

વળી સંયતિ સાધુ એકલો હોય ત્યારે કોઈ સ્ત્રી સાથે વાત ન કરે તેમજ ગૃહસ્થીઓ સાથે પરિચય ન કરે પરન્તુ પરિચય કરે તો સાધુઓની જ સાથે કરે. ૫૩

**જહા કુક્કુડ પોઅસ્સ, નિચ્ચં કુલલઓ ભયં ।**
**એવં ખુ બંભયારિસ્સ, ઇત્થીવિગ્ગહઓ ભયં ॥ ૫૪ ॥**

જેમ કુકડાના બચ્ચાંને હમેશાં બિલાડીનો ભય હોય છે તેમ બ્રહ્મચારીને સ્ત્રીના શરીરથી ભય હોય છે. ૫૪

**ચિત્ત ભિતિં ન નિઝ્ઝાએ, નારિં વા સઅલંકિઅં ।**
**ભક્ખરં પિવ દટ્ઠુણં, દિટ્ઠિં પડિસમાહરે ॥ ૫૫ ॥**

દિવાલ ચિત્રોની સામે તાકીને જુવે નહિ તેમજ સુસજ્જ સ્ત્રીને પણ ન જુવે. કદાચ જોવા ઇચ્છા થાય તો સૂર્યની સામે નજર નાંખનારની માફક તુરત દૃષ્ટિ પાછી ખેંચી લે. ૫૫

**હત્થપાયપડિચ્છિન્નં, કન્નનાસવિગપ્પિઅં ।**
**અવિ વાસસયં નારિં, બંભયારી વિવજ્જએ ॥ ૫૬ ॥**

બ્રહ્મચારી મુનિ હાથ-પગ છેદાયેલી, નાક-કાન કપાયેલી સો વર્ષની સ્ત્રીનો પરિચય ત્યાગે. ૫૬

**વિભૂસા ઇત્થિ સંસગ્ગી, પણીઅં રસ ભોઅણં ।**
**નરસ્સત્તગ વેસિસ્સ, વિસંતાલઉડં જહા ॥ ૫૭ ॥**

આત્મગવેષી સાધુ વિભૂષાયુક્ત સ્ત્રીનો સંસર્ગ, રસદ ભોજન પીણાને તાલકુટ ઝેર સમજે. ૫૭

**અંગપચ્ચંગ સંઠાણં, ચારુલ્લ વિઅ પેહિઅં ।**
**ઇત્થીણં તં ન નિજ્ઝાએ, કામરાગ વિવડ્ઢણં ॥ ૫૮ ॥**

કામ-રાગને વધારનાર સ્ત્રીઓના અંગ, પ્રત્યંગ, સંસ્થાન, બાહ્ય આકાર, મીઠાં વેણ અને સૌમ્ય કટાક્ષોનું ચિંતન-વિચાર સરખો ન કરે. ૫૮

**વિસએસુ મણુણ્ણેસુ, પેમં નાભિનિવેસએ ।**
**અણિચ્ચં તેસિં વિન્નાય, પરિણામં પોગ્ગલાણય ॥૫૯॥**

સંયમી સાધુ પુદ્‌ગલ-વસ્તુ માત્રનો અનિત્ય સ્વભાવ જાણીને મનોજ્ઞ-મનગમતા વિષયોમાં પ્રેમ-આસક્તિ ન સેવે તેમજ અમનોજ્ઞમાં દ્વેષ ન સેવે. ૫૯

**પોગ્ગલાણ પરિણામં, તેસિં નચ્ચા જહા તહા ।**
**વિણીઅ તિણ્હે વિહરે, સીઇ ભૂએણ અપ્પણો ॥ ૬૦ ॥**

પુદ્‌ગલોનો સ્વભાવ યથાતથ્ય જાણીને સંયમી મુનિ તૃષ્ણાને નિયમમાં રાખીને આત્માને શીતલીભૂત રાખે. ૬૦

**જાઇ સદ્ધાઇ નિક્ખંતો, પરિયાયટ્ઠાણ મુત્તમં ।**
**તમેવ અણુપાલિજ્જા, ગુણે આયરિઅ સંમએ ॥ ૬૧ ॥**

સાધુ મુનિ મહાભિનિષ્ક્રમણ ગૃહત્યાગ વખતે જે શ્રદ્ધા-વૈરાગ્ય સેવ્યા હતા તેજ શ્રદ્ધા અને વૈરાગ્યથી ગુરુજનોએ દર્શાવેલ ઉત્તમ ગુણોમાં રહી સંયમ ધર્મનું પાલન કરે. ૬૧

**તવં ચિમં સંજમ જોગયં ચ,**
**સજ્ઝાય જોગં ચ સયા અહિટ્ઠએ ।**
**સૂરેવ સેણાઇ સમત્ત માઉહે,**
**અલમપ્પણો હોઇ અલં પરેહિં ॥ ૬૨ ॥**

સુસાધુ તપ યોગ, સંયમ યોગ અને સ્વાધ્યાય યોગમાં હંમેશાં સ્થિર રહે અને આવા તપ, સંયમ અને સ્વાધ્યાયથી સુસજ્જ મુનિ સ્વ પરનો ઉદ્ધાર કરવા સમર્થ બને છે. ૬૨

**સજ્ઝાય સુજ્ઝાણરયસ્સ તાઇણો,**
**અપાવ ભાવસ્સ તવે રયસ્સ ।**
**વિસુજ્ઝઈ જંસિ મલં પુરે કડં,**
**સમીરિઅં રુપ્પમલં વ જોઇણા ॥ ૬૩ ॥**

સ્વાધ્યાય તથા સુધ્યાન-ધર્મધ્યાન, શુક્લ ધ્યાનમાં રક્ત મુનિ, સ્વ-પર રક્ષક, પાપથી વિમુક્ત આત્માને પૂર્વ કર્મથી ધોઇ નાંખે છે. જેમ ચાંદીનો મેલ અગ્નિથી કપાઈ જાય છે તેમ. ૬૩

**સે તારિસે દુક્ખસહે જિઈંદિએ,**
**સુએણ જુ-તે અમમે અકિંચણે ।**
**વિરાયઇ કમ્મઘણમ્મિ અવગએ,**
**કસિણબ્ભ પુડાવગમે વ ચંદિમે ॥ ૬૪ ॥**

ઉપર કહેલાં દુઃખ સહન કરવાવાળા મુનિ જિતેન્દ્રિય, શ્રુતજ્ઞાનના ધારક, મમતા રહિત તેમજ નિસ્પૃહી કર્માવરણ દૂર કર્યા પછી આત્મ જ્યોતિથી, વાદળોના સમૂહથી અવ્યાપ્ત પૂર્ણ ચંદ્રની પેઠે પ્રકાશે છે અથવા નિઃકર્મ થઇ આત્મ સ્વરૂપમાં લીન બને છે. ૬૪

**। ઇતિ આયાર પણિહિં અજ્ઝયણં ।**

卐

# ॥ વિનય પ્રણિધિ અજઝયણં ॥

## ॥ પ્રથમ ઉદ્દેશ ॥

### [ નવમું અધ્યયન ]

થંભાવ કોહા વ મયપ્પમાયા,
ગુરુસ્સગાસે વિણયં ન સિક્ખે ।
સો ચેવ ઊ તસ્સ અભૂઇભાવો,
ફલં વ કીઅસ્સ વહાય હોઈ ॥ ૧ ॥

જે સાધુ અભિમાનથી, ક્રોધથી, છળ કપટથી કે પ્રમાદથી સદ્ગુરુ પાસેથી વિનયને શીખતો નથી, તે પોતાનો જ વિનાશ નોતરે છે અને તેનું ફળ વંધ્ય હોય છે. ૧

જે આવિ મંદિ ત્તિ ગુરું વિઇત્તા,
ડહરે ઇમે અપ્પસુએ ત્તિ નચ્ચા ।
હીલંતિ મિચ્છં પડિવજ્જમાણા,
કરંતિ આસાયણં તે ગુરૂણં ॥ ૨ ॥

જે શિષ્ય પોતાના ગુરુજનને મંદ, નાના અને અલ્પ શ્રુત જાણી તેમની હેલના કરે છે, તેમને કડવા વચન કહે છે, તેઓ ખરેખર ગુરુની આસાતના કરે છે. ૨

પગઇએ વિ ભવંતિ એગે ડહરા,
વિઅ જે સુઅબુદ્ધોવવેઆ ।
આયારમંતા ગુણસુટ્ઠિઅપ્પા,
જે હીલિઆ સિહિરિવભાસ કુજ્જા ॥૩॥

કેટલાક ગુરુજનો પ્રકૃતિથી મંદ હોય છે. જ્યારે કેટલાક નાના હોય છતાં અભ્યાસ અને બુદ્ધિમાં આગળ વધેલા હોય છે; પરંતુ તે બધા શ્રુત જ્ઞાનથી ભરપુર છે. આચાર ગુણોથી સુશોભિત છે,

આત્મામાં રક્ત છે, એવા ગુરુની જે હેલના કરે છે તે પોતાના ગુણોને અગ્નિશિખાની જેમ બાળી નાંખે છે. ૩

**જે આવિ નાગં ડહરં ત્તિ નચ્ચા,**
**આસાયએ સે અહિઆય હોઇ ।**
**એવાયરિયં પિ હુ હીલિયંતો,**
**નિઅચ્છ ઈ જાઇપરં ખુ મંદો ॥ ૪ ॥**

કોઈ મંદ બુદ્ધિ માણસ નાગને નાનો જાણીને તેને ચીડવે તો તેનું જ અહિત થાય છે તેમ ગુરુજનની હેલના કરવાથી તેનું ભવ ભ્રમણ ચાલુ રહે છે. ૪

**આસીવિસો વા વિ પરં સુરુટ્ઠો,**
**કિં જીવ નાસાઉ પરં નુ કુજ્જા ।**
**આયરિઅ પાયા પુણઅપ્પસન્ના,**
**અબોહિ આસાયણ નત્થિ મુકખો ॥૫॥**

પુરેપુરો કોપાયમાન આસી-વિષ સર્પ પ્રાણ નાશથી વધુ કરી શકતો નથી પરંતુ ગુરુદેવને અપ્રસન્ન રાખવાથી અબોધિ મેળવીને મુકિત માર્ગથી ભ્રષ્ટ થાય છે. ૫

**જો પાવગં જલિ અમ વક્કમિજ્જા,**
**આસીવિસં વા વિહુ કોવઇજ્જા ।**
**જો વાવિ સંખાયઇ જીવિઅટ્ઠી,**
**એસોવમાસાયણાયા ગુરૂણં ॥ ૬ ॥**

જે ગુરુજનની આશાતના કરીને આત્માની સાધના કરવા ઇચ્છે છે તે જેમ કોઇ જીવવાની ઇચ્છા સેવી અગ્નિમાં પ્રવેશે છે તેના જેવું છે અથવા દૃષ્ટિ વિષ સર્પને ક્રોધાયમાન કરી જીવવાની ઇચ્છા કર્યા જેવું છે અથવા વિષ ખાઈને જીવવા જેવું છે. ૭

સિઆ હુ સે પાવયનોડહિજ્જા,
આસીવિસો વા કુવિઓ ન ભક્ખે ।
સિઆ વીસં હાલહલં ન મારે,
ન આવી મુકખો ગુરૂ હીલણાએ ॥૭॥

કદાચિત અગ્નિમાં પ્રવેશે અને દાઝે નહિ, કદાચિત આસીવિષ સર્પ ચિડાય ને ડશે નહિ, કદાચિત હલાહલ વિષ મારે નહિ એ સંભવે પરંતુ ગુરુજનની અવગણના કરવાથી કદાપિ મોક્ષ નથી. ૭

જો પવ્વયં સિરસા ભિત્તુ મિચ્છે,
સુત્તંવસીહં પડિબોહઇજ્જા ।
જો વા દએ સત્તિઅગ્ગે પહારં,
એસોવમાસાયણયા ગુરૂણં ॥ ૮ ॥

ગુરુજનની આશાતના કરવી એ પર્વતને પોતાના માથાથી ભાંગવા જેવું છે. સૂતેલા સિંહને પાસે જઇ જગાડવા જેવું છે તેમજ ભાલાની અણીને પગની લાત મારવા જેવું છે. ૮

સિઆ હુ સીસેણ ગિરિં પિ ભિંદે,
સિઆ હુસીહો કુવિઓ ન ભક્ખે ।
સિઆ ન ભિંદિજ્જ વસત્તિ અગ્ગં,
ન આવિ મુકખો ગુરૂ હીલણાએ ॥ ૯ ॥

કદાચિત મસ્તકથી પર્વત ભેદાય, કદાચિત કોપાયેલ સિંહ ભક્ષે નહિ, કદાચિત પગની લાતથી ભાલો ભેદાય પરન્તુ ગુરુની અવગણના કરનારનો મોક્ષ થતો નથી. ૯

આયરિઅપાયા પુણ અપ્પસન્ના,
અબોહિ આસાયણ નત્થિ મુકખો ।

**તમ્હા અણાબાહ સુહાભિકંખી,**
**ગુરુપ્પસાયાભિમુહો રમિજ્જા ॥૧૦॥**

આચાર્ય દેવના ચારિત્રથી જે વિરૂદ્ધવર્તી ગુરુ દેવને અપ્રસન્ન રાખે છે, તે અબોધિ અજ્ઞાનને પામે છે, તેનો કદિ મોક્ષ થતો નથી. તેટલા માટે અબાધિત એવા મોક્ષના સુખાભિલાષીએ ગુરુ કૃપા મેળવવામાં આનંદ માનવો. ૧૦

**જહાહિ અગ્ગી જલણં નમંસે,**
**નાણા હુઈ મંત પયાતિ સિત્તં ।**
**એવાયરિઅં ઉવચિટ્ઠઇજ્જા,**
**અણંત નાણોવગઓવિ સંતો ॥ ૧૧ ॥**

જેમ અગ્નિહોત્રી બ્રાહ્મણ જુદા જુદા પ્રકારના ઘી, મધ વગેરે પદાર્થોની આહુતિ તથા મન્ત્રોથી અભિષિક્ત કરેલા હોમાગ્નિને નમસ્કાર કરે છે તેમ શિષ્ય અનંત જ્ઞાનને પામવા છતાં પણ પોતાના ગુરુની સવિનય ભક્તિ કરે. ૧૧

**જસ્સંતિએ ધમ્મ પયાઇ સિક્ખે,**
**તસ્સંતિએ વેણઇયં પઉંજે ।**
**સક્કારએ સિરસા પંજલીઓ,**
**કાયગ્ગિરા ભો મણસા અ નિચ્ચં ॥૧૨॥**

જે ગુરૂજનની પાસે ધર્મના સૂત્રો શીખે છે, તેણે ગુરૂ પ્રતિ વિનયને સારી રીતે સાચવવો. તેણે ગુરૂ દેવને અંજલિ જોડી પ્રણામ કરવા અને મનસા, વાચા, કર્મણા ગુરૂનો વિનય નિત્ય જાળવવો.૧૨

**લજ્જા દયા સંજમ બંભચેરં,**
**કલ્લાણભાગિસ્સ વિસોહિ ઠાણં ।**
**જે મે ગુરૂ સયયમણુસાસયંતિ,**
**તેહિં ગુરૂ સયયં પૂઅયામિ ॥ ૧૩ ॥**

મારા કલ્યાણના ઇચ્છુક ગુરૂદેવે પાપની શરમ, દયા, સંયમ ને બ્રહ્મચર્ય એ આત્મ વિશુદ્ધિના સ્થાનકો મારા માટે પ્રબોધ્યા છે એમ વિચારી શિષ્ય ગુરૂની સતત ઉપાસના કરે. ૧૩

**જહા નિસંતે તવણચ્ચિમાલી,**
**પભાસઇ કેવલં ભારહં તુ ।**
**એવાયરિઓ સુઅસીલબુદ્ધિએ,**
**વિરાયઈ સુરમજઝે વ ઈંદો ॥ ૧૪ ॥**

જેમ રાત્રિ વીત્યા પછી અર્ચિમાલી-સૂર્ય આખા ભારતને પ્રકાશ આપે છે તેમ શ્રુતજ્ઞાન અને યથાખ્યાત ચારિત્રનો ઉપદેશદ્વારા બોધ આપી જીવાદિ પદાર્થોનો પ્રકાશ કરે છે અને ગુરૂ દેવ સાધુ-સમુહમાં દેવોમાં ઇન્દ્રની જેમ શોભે છે. ૧૪

**જહા સસી કોમુઇ જોગ જુત્તો,**
**નકખત્ત તારાગણ પરિવુડપ્પા ।**
**સે સોહઇ વિમલેઅબ્ભમુકકે,**
**એવં ગણી સોહઇ ભિકખુ મજઝે ॥૧૫॥**

જેમ કૌમુદીના યોગથી નક્ષત્ર અને તારાગણથી વિંટાયેલો શરદ પુર્ણિમાનો ચંદ્ર, નિર્મળ આકાશમાં શોભે છે તેમ આચાર્ય મહારાજ સત્ય ધર્મ રૂપ નિર્મળ આકાશમાં ભિક્ષુ મુનિ મંડળમાં શોભે છે. ૧૫

**મહાગરા આયરિઆ મહેસી,**
**સમાહિજોગે સુઅંસીલ બુદ્ધિએ ।**
**સંપાવિઉ કામે અણુત્તરાઈં,**
**આરાહએ તો સઇ ધમ્મકામી ॥ ૧૬ ॥**

ધર્મની કામનાવાળા મુમુક્ષુ જન જ્ઞાનના ભંડાર રૂપ મહર્ષિ

આચાર્યો જેઓ શ્રુત જ્ઞાન દર્શન ચારિત્ર યુકત છે તેમની આરાધના અનુત્તર એવા મોક્ષ સુખ મેળવવા કરે છે. ૧૬

**સુચ્ચાણ મેહાવી સુભાસિઆઇં,**
**સુસ્સૂસએ આયરિ અપ્પમત્તો ।**
**આરાહઇત્તાણ ગુણે અણેગે,**
**સે પાવઈ સિદ્ધિ મણુત્તરં ॥ ૧૭ ॥**
**॥ ત્તિ બેમિ ॥**

જે બુદ્ધિમાન સાધક છે તે સુભાષિતો સાંભળીને અપ્રમત્તપણે ગુરૂ દેવ આચાર્યની સેવા કરે છે અને તે દ્વારા સમ્યક્ જ્ઞાન, દર્શન, સમ્યક્ ચારિત્ર આરાધીને અનુત્તર સિદ્ધ ગતિને પામે છે. ૧૭

આમ હું કહું છું.

**। ઈતિ વિનય સમાધિ પ્રથમ ઉદ્દેશ ।**

## નવમા અધ્યયનનો વિનય સમાધિ નામનો

# ઉદ્દેશ બીજો

મૂલાઉ ખંધપ્પભવો દુમસ્સ,
ખંધાઉ પચ્છા સમુવેંતિ સાહા ।
સાહપ્પસાહા વિરુહંતિ પત્તા,
તઓ સિ (સે) પુપ્ફં ચ ફલં રસોઅ ॥ ૧ ॥

જેમ વૃક્ષના મૂળમાંથી સ્કંધનો પ્રભવ-જન્મ થાય છે અને જેમ સ્કંધમાંથી શાખા ઉદ્દભવે છે અને શાખાઓમાંથી પર્ણ ઉત્પન્ન થાય છે અને ત્યારપછી પુષ્પ, ફળ અને રસ ઉત્પન્ન થાય છે તેમ-૧

એવં ધમ્મસ્સ વિણઓ, મૂલં પરમો સે મુકખો ।
જેણ કિત્તિં સુઅં સિગ્ઘં, નિસેસં ચાભિગચ્છઇ ॥ ૨ ॥

તેવી રીતે ધર્મનું મૂળ વિનય છે અને તેનું અંતિમ ફળ મોક્ષ છે. વિનયથી શિષ્ય કીર્તિ, ઉંચુ જ્ઞાન મેળવી નિ:શ્રેયસ મોક્ષને પામે છે. ૨

જે અ ચંડે મિએ થદ્ધે, દુવ્વાઇ નિયડી સઢે ।
વુજ્ઝઈ સે અવિણીઅપ્પા, કટ્ઠં સોઅગયં જહા ॥૩॥

જે શિષ્યો ક્રોધી, અજ્ઞાની, મૃગ જેવા મૂર્ખ, અહંકારી, કટુ વચન બોલનારા, માયાવી અને ધૂર્ત હોય છે તેઓ અવિનીત કહેવાય છે. તેઓ પાણીના પ્રવાહમાં જેમ લાકડું તણાય તેમ સંસારમાં તણાય છે ૩

વિણયમ્મિ જો ઉવાએણં, ચોઇઓ કુપ્પઇ નરો ।
દિવ્વં સો સિરિમિજ્જંતિં, દંડેણ પડિસેહએ ॥ ૪ ॥

કોઈ ગુરુજન શિષ્યને યુક્તિ-પ્રયુક્તિથી સુંદર શિખામણથી વિનયમાં લાવવા પ્રયત્ન કરે તો શિષ્ય ઊલટો ક્રોધ કરે તે શિષ્ય આવતી સ્વર્ગીય લક્ષ્મીને લાકડીથી પાછી હડસેલવા જેવું કરે છે. ૪

**તહેવ અવિણીઅપ્પા, ઉવવજ્ઝા હયા ગયા ।**
**દીસંતિ દુહમેહંતા, આભિઓગ મુવટ્ઠિઆ ॥ ૫ ॥**

તે પ્રમાણે અવિનીત આત્માઓ છૂટા મૂકેલ હાથી અને ઘોડા જેવા છે. જેઓ ભાર વહન કરવાના કામમાં જોડાઈને ખૂબ દુઃખ ભોગવતા જોવામાં આવે છે. ૫

**તહેવ સુવિણીઅપ્પા, ઉવવજ્ઝા હયા ગયા ।**
**દીસંતિ સુહમેહંતા, ઇડ્ઢિં પત્તા મહાયસા ॥ ૬ ॥**
**તહેવ અવિણીઅપ્પા, લોગંસિ નર નારિઓ ।**
**દીસંતિ દુહમેહંતા, છાયાવિગલિ ઉ દ્વિવાદશ ॥ ૭ ॥**

તેમજ અવિનીત આત્માઓ છૂટા મૂકાયેલા હાથી અને ઘોડાની માફક સેનાપતિની શિક્ષાને આધીન થાય છે અને સુવિનીત આત્મા મહા યશ અને સમૃદ્ધિને પામી અતીવ સુખ પામે છે. ૬-૭

**દંડ સત્થ પરિજ્જુન્ના, અસબ્ભવયણેહિં અ ।**
**કલુણા વિવન્નછંદા, ખુપ્પિવાસાઈ પરિગ્ગયા ॥ ૮ ॥**

જેઓ આ લોકમાં અવિનીત રહે છે તેઓ ખૂબ માર પડવાથી તેમાંના કેટલાકની ઈંદ્રિયો ખોડીલી થાય છે તેમજ કેટલાક ઘવાયેલા બને છે. ૮

**તહેવ સુવિણીઅપ્પા, લોગંસિ નર નારિઓ ।**
**દીસંતિ સુહમેહંતા, ઇડ્ઢિં પત્તા મહાયસા ॥ ૯ ॥**

પરંતુ જે સ્ત્રી-પુરૂષો સુવિનીત છે તેઓ આ લોકમાં મહા યશવાળા અને મહા ઋદ્ધિવાળા સુખ ભોગવતા દેખાય છે. ૯

**તહેવ અવિણીઅપ્પા, દેવા જકખા અ ગુજ્ઝગા ।**
**દીસંતિ દુહ મેહંતા, આભિઓગ મુવટ્ઠિઆ ॥૧૦॥**

તેમજ અવિનીત આત્માઓ દેવ યોનિમાં જન્મે તો પણ તેઓ યક્ષ કે ભુવનપતિ દેવોની પેઠે ચાકરપણું પામીને દુઃખ ભોગવતા જ દેખાય છે. ૧૦

**તહેવ સુવિણીઅપ્પા, દેવા જકખા અ ગુજ્ઝગા ।**
**દીસંતિ સુહ મેહંતા, ઇડ્ઢિં પત્તા મહાયસા ॥૧૧॥**

પરંતુ જેઓ સુવિનિત આત્મા છે તેઓ દેવલોકમાં દેવ યક્ષ ભુવનપતિ દેવ થાય તો પણ ત્યાં મહા યશ અને મહા સંપત્તિ પામીને સુખ ભોગવતા જ દેખાય છે. ૧૧

**જે આયરિ અ ઉવજ્ઝાયાણં, સુસ્સૂસાવયણંકરા ।**
**તેસિં સિકખા પવડ્ઢંતિ, જલસિત્તા ઇવિ પાયવા ॥૧૨॥**

જે સુસાધુ આચાર્યો, ઉપાધ્યાયોની સુશ્રુષા કરે છે અને તેમની આજ્ઞાનુસાર વર્તે છે. તેમનું જ્ઞાન જલસિંચિત વૃક્ષની માફક વધ્યા જ કરે છે. ૧૨

**અપ્પણટ્ઠા પરટ્ઠા વા, સિપ્પા ણેઉ ણિઆણિ અ ।**
**ગિહિણો ઉવભોગટ્ઠા, ઇહ લોગસ્સ કારણા ॥૧૩॥**

**જેણ બંધં વહં ઘોરં, પરિઆવં ચ દારુણં ।**
**સિકખમાણા નિઅચ્છંતિ, જુત્તા તેલલિ ઇંદિઆ ॥૧૪॥**

ગૃહસ્થ લોકો પોતાની આજીવિકા માટે કે બીજાના માટે માત્ર લૌકિક સુખોપભોગ માટે કળાના આચાર્યો પાસેથી તે કળાના નૈપુણ્ય-ને શીખે છે અને રાજા તથા પૈસાદારના પુત્રો પણ ત્યાં વિદ્યા શીખવા આવીને વધ, બંધન, માર અને દારુણ દુઃખો વેઠે છે. ૧૩-૧૪

**તે વિ તં ગુરું પૂઅંતિ તસ્સ, સિપ્પસ્સ કારણા ।**
**સક્કારંતિ નમંસંતિ, તુટ્ઠા નિદ્દેસ વત્તિણો ॥૧૫॥**
**કિં પુણ જે સુઅગ્ગાહી, અણંતહિઅ કામએ ।**
**આયરિઆ જં વએ ભિક્ખૂ, તમ્હા તં નાઇવિત્તએ ।૧૬।**

જેમ બાહ્ય જીવનના વિકાસ માટે શ્રીમંત પુત્રો તથા રાજપુત્રો કળા શીખવા કળાના ઉસ્તાદની સેવા સુશ્રૂષા કરી પ્રસન્નતા પૂર્વક તેમની આજ્ઞાધીન રહે છે તો મોક્ષના પરમ પિપાસુ મુમુક્ષુએ સત્ય જ્ઞાન મેળવવા શું શું ન કરવું ? આથી જ મહાપુરૂષોએ કહ્યું છે કે, ઉપકારી ગુરૂ જે કંઇ કહે તેનું કદાપિ ઉલ્લંઘન ન કરવું. ૧૫-૧૬

**નીઅં સિજ્જં ગઈં ઠાણં, નીઅં ચ આસણાણિ અ ।**
**નીઅં અ પાએ વંદિજ્જા, નીઅં કુજ્જા અ અંજલિં ૧૭**

સુવિનીત સાધુ ગુરુની શય્યાથી પોતાની શય્યા નીચી કરે તેમજ ગુરુના આસનથી પોતાનું આસન નીચું પાથરે તેમજ ગુરુના પાદને નીચા નમીને વંદન કરે તેમજ ગુરુને નીચા નમીને હસ્તાંજલિ કરે. ૧૭

**સંઘટ્ટઇત્તા કાએણં, તહા ઉવહિણામવિ ।**
**ખમેહ અવરાહં મે, વઇજ્જ ન પુણોત્તિ અ ॥૧૮॥**

સુવિનીત સાધુ ગુરુના શરીર અથવા ઉપધિ વસ્ત્રને અડકી જાય તો બોલે મારા અપરાધને ક્ષમા આપો એમ બોલી તે પ્રમાણેજ વર્તે ફરીથી ગુરુના શરીર કે ઉપધિનો સંઘટો ન કરે. ૧૮

**દુગ્ગઓ વા પઓએણં, ચોઇઓ વહઈ રહે ।**
**એવં દુબુદ્ધિ કિચ્ચાણં, વુત્તો વુત્તો પકુવ્વઈ ॥૧૯॥**

પરંતુ ગળિઓ બળદ જેમ પ્રતોદન-ચાબુક પડયા પછીજ રથને વહન કરે છે તેમ અવિનીત શિષ્ય ગુરુદેવના વારંવાર કહેવા પછીજ તે કાર્ય કરે છે. ૧૯

**આલવંતે લવંતે વા, ન નિસિજ્જાએ પડિસ્સુણે ।**
**મુ-તૂણં આસણં ધીરો, સુસ્સૂસાએ પડિસ્સુણે ॥૨૦॥**

**કાલં છંદોવયારં ચ, પડિલેહિત્તાણં હેઉહિં ।**
**તેણ તેણ ઉવાએણ, તં તં સંપડિવાયએ ॥ ૨૧ ॥**

પરંતુ સુશિષ્ય ધીર તો ગુરુ એક વાર કહે કે વધુ વખત કહે એટલે તુરતજ પોતાની શય્યા કે આસન ઉપર બેઠાં બેઠાં જવાબ ન આપતાં પોતાનું આસન જલ્દી છોડીને વિનમ્રતાથી તેનો જવાબ આપે અને બુદ્ધિમાન શિષ્ય તર્કથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ગુરુશ્રીના અભિપ્રાય અને સેવાના ઉપચારો જાણી તે તે ઉપાયોને સમય પ્રમાણે સેવે. ૨૦—૨૧

**વિવત્તી અવિણીઅસ્સ, સંપત્તી વિણિઅસ્સય ।**
**જસ્સેવં દુહઓ નાયં, સિક્ખં સે અભિગચ્છઈ ॥૨૨॥**

અવિનીત સાધુને અસદ્‌ગુણરૂપી વિપત્તિ આવે છે તેમજ વિનીત શિષ્યને સદ્‌ગુણરૂપી સંપત્તિ મળે છે. જે મનુષ્યે આ બે વસ્તુને જાણી લીધી છે તેજ સત્યજ્ઞાન મેળવે છે. ૨૨

**જે આવિ ચંડે મઇઇડ્ઢિ ગારવે,**
**પિસુણે નરે સાહસહીણ પેસણે ।**
**અદિટ્ઠ ધમ્મે વિણએ અકોવિએ,**
**અસંવિભાગી ન હુ તસ્સ મુક્ખો ॥૨૩॥**

જે સાધક સંયમમાં અતિ ક્રોધ, અતિ રિદ્ધિરૂપી કાદવ, ચાડી ચુગલી, અસત્ય કર્મોમાં સાહસિક, દુર્ગુણીનો સેવક, અધર્મી, અવિનયી, મૂર્ખ, પેટ ભરે એવો નામનોજ સાધુ છે તેનો કદિ મોક્ષ નથી. ૨૩

નિદ્દેસ વત્તી પુણ જે ગુરૂણં,
સુઅત્થ ધમ્મા વિણયમ્મિ કોવિઆ ।
તરિ-તુ તે ઓઘમિણં દુરુત્તરં,
ખવિ-તુ કમ્મં ગઇમુત્તમં ગયા ॥ ૨૪ ॥
॥ ત્તિ બેમિ ॥

પરંતુ જે સુવિનીત ગુરુજનની આજ્ઞાને આધિન છે અને જેઓ શ્રુત ધર્મના રહસ્યને જાણનાર અને વિનયનું પાલન કરવામાં પંડિત છે, તેઓ દુરુત્તર સંસાર સમુદ્રને તરીને સકળ કર્મ ખપાવીને અનુત્તર એવી મોક્ષ ગતિને પામે છે. ૨૪

એમ હું કહું છું.

। ઇતિ બીજો ઉદ્દેશ ।

## નવમા અધ્યયનનો વિનય સમાધિ નામનો

# ઉદ્દેશ ત્રીજો

આયરિઅં અગ્ગિમિ વાહિ અગ્ગી,
સુસ્સૂમાણો પડિજાગરિજ્જા ।
આલોઇઅં ઇંગિઅમેવ નચ્ચા,
જો છંદમારાહયઈ સ પુજ્જો ॥ ૧ ॥

જેમ અગ્નિહોત્રી બ્રાહ્મણ અગ્નિની સેવામાં જાગૃત રહે છે તેમ ગુરુના ઇશારા માત્રથી જે સાધક આચાર્યની ઇચ્છાઓ સેવે છે, તેજ પૂજનીય છે. ૧

આયાર મટ્ઠા વિણયં પઉં જે,
સુસ્સૂસમાણો પરિગિજ્ઝ વક્કં ।
જહો વ દટ્ઠું અભિકંખમાણો,
ગુરું તુ નાસાયયઇ સ પુજ્જો ॥ ૨ ॥

જે સુવિનિત શિષ્ય સદાચારની આરાધના માટે વિનય સેવે, તેમની સેવા સુશ્રુષા કરતો કરતો ગુરુજનોનું વાકય સાંભળી તથા-પ્રકારે કાર્ય કરે અને ગુરુ દેવનું અપમાન ન કરે, તેજ સાધક પૂજનિય બને છે. ૨

રાયણિએસુ વિણયં પઉં જે,
ડહરા વિ અ જે પરિઆય જિટ્ઠા ।
ની અત્તણે વટ્ટઇ સચ્ચ વાઇ,
ઓવાયવં વક્કકરે સ પુજ્જો ॥ ૩ ॥

જે પોતાનાથી જ્ઞાનમાં કે સંયમમાં વિશેષ હોય તે વયમાં નાના

હોય તો પણ તેમનો વિનય કરે અને જે ગુણીજન પાસે નમ્ર ભાવે વર્તે તથા જે સત્યવાદી વિનયી અને જે ગુરુજનોની આજ્ઞાધીન હોય છે તે પૂજ્ય છે. ૩

**અન્નાય ઉંછં ચરઇ વિસુદ્ધં,**
**જવણટ્ઠા સમુઆણં ચ નિચ્ચં ।**
**અલધ્ધુ અં નો પરિ દેવઇઆ,**
**લધ્ધુ ન વિક્કત્થઇ સ પુજ્જો ॥ ૪ ॥**

જે સાધુ સંયમ યાત્રાના નિર્વાહ માટે નિત્ય સામુદાયિક, વિશુદ્ધ અને અજ્ઞાત ઘરોમાં ભિક્ષા લેવા જાય, પરંતુ ભિક્ષા ન મળતાં ખેદ ન કરે અને ભિક્ષા મળતાં મોટાઈ ન માને તે ખરેખર પૂજ્ય છે. ૪

**સંથાર સિજ્જા સણ ભત્તપાણે,**
**અપિચ્છયા અઇ લાભે વિ સંતે ।**
**જો એવમપ્પાણભિતો સઈજ્જા,**
**સંતોષ પાહન્નરએ સ પુજ્જો ॥ ૫ ॥**

સંથારો, શય્યા સ્થાન, આસન, ભાત-પાણી સુંદર કે વિશેષ મળે છતાં અલ્પની ઇચ્છા રાખી જરૂરિયાત પૂરતું જ લઈ જે પોતાના આત્માને સંતોષે તથા ન મળે તો પણ સંતોષને સેવે તેજ પૂજ્ય છે. ૫

**સક્કા સહેઉં આસાઇ કંટયા,**
**અઓમયા ઉચ્છહયા નરેણં ।**
**અણાસએ જો ઉ સહિજ્જ કંટએ,**
**વઇમએ કન્નસરે સ પુજ્જો ॥ ૬ ॥**

ઉત્સાહી મનુષ્ય ધન કે બીજા સ્વાર્થની આશાએ લોઢાની પથારી પર ચાલી શકે છે, પરંતુ કોઈ પણ જાતની આશા વિના જે વચનરૂપી બાણ સહન કરે છે તે પૂજ્ય છે. ૬

**મુહુત્ત દુકખા ઉ હવંતિ કંટયા,**
**અઓમયા તે તિ તઓ સુઉદ્ધરા ।**
**વાયા દુરુત્તાણિ દુરુઘરાણિ,**
**વેરાણુ બંધાણિ મહબ્ભયાણિ ॥ ૭ ॥**

લોખંડના કાંટા તો તે શલ્ય હોય ત્યાં સુધી એ ઘડી દુઃખ આપે છે અને તેને યુક્તિથી બ્હાર કાઢી શકવા સુકર છે, પરન્તુ વાણીના કાંટા હૃદયમાં એવા પેસે છે કે તે બહાર કાઢવા અઘરા છે અને તેનાથી અનેક અત્યાચારો અને દુષ્કર્મો થઇ જાય છે, જેના લીધે જન્મોજન્મ મહા ભયંકર વેરાનુબંધી વેર ભોગવવા પડે છે. ૭

**સમાવયંતા વયણાભિઘાયા,**
**કન્નંગયા દુમ્મણિઅં જાણંતિ ।**
**ધમ્મુ ત્તિ કચ્ચા પરમગ્ગસૂરે,**
**જિઇંદિએ જો સહઇ સ પુજ્જો ॥ ૮ ॥**

વચનના કટુ પ્રહારો કાનને વિષે પ્હોંચે છે ત્યારે મનની અંદર વિશાદ ખેદ ઉત્પન્ન થાય છે, પરંતુ જેઓ પરમગ્ગ-પરમાર્થ મોક્ષ માર્ગના વીર છે તેઓ ધર્મ કરે છે અને જિતેન્દ્રિય છે અને તે વચનના બાણુ સહન કરે છે અને તેઓ પૂજ્ય છે. ૮

**અવણ્ણ વાયં ચ પરમ્મુહસ્સ,**
**પચ્ચ કખઓ પડિણીઅં ચ ભાસં ।**
**ઓહારણિં અપ્પિ અકારણિં,**
**ચ ભાસં ન ભાસિજ્જ સયા સ પુજ્જો ॥૯॥**

તેજ સાધુ પૂજ્ય છે જે બીજાનો અવર્ણવાદ [નિંદા] ન બોલે, પ્રત્યક્ષમાં કદિ વૈર-વિરોધ થાય તેવી ભાષા ન બોલે તથા જે નિશ્ચય કારિણી તથા અપ્રિયકારી ભાષા ન બોલે. ૯

**અલોલુએ અકકુહએ અમાઈ,**
**અપિસુણે આ વિ અદીણવિત્તી ।**
**નો ભાવએ નો વિ અ ભાવિઅપ્પા,**
**અકોઉ હલ્લે અ સયા સ પુજ્જો ॥ ૧૦ ॥**

તેજ સાધુ પૂજ્ય છે જે અલોલુપી છે, અકૌતુકી છે, જે માયા કરતો નથી, જે સરલ છે, જે ચાડીચુગલી ખાતો નથી, જે અદીન છે, જે આત્મ પ્રશંસા કરતો નથી, તેમ બીજાની પાસે પ્રશંસા કરાવતો નથી. ૧૦

**ગુણેહિ સાહૂ અગુણેહિઽસાહૂ,**
**ગિણ્હાહિ સાહૂ ગુણ મંચ અસાહૂ ।**
**વિઆણિઆ અપ્પગમપ્પએણં,**
**જો રાગદોસેહિં સમો સ પુજ્જો ॥ ૧૧ ॥**

હે આત્મા ! સાધુ ગુણોથી છે અને અસાધુ અવગુણોથી છે માટે અસાધુ ભાવોનો ત્યાગ કરો અને આત્મા વડે આત્માને જાણો અને રાગ–દ્વેષમાં સમભાવ રાખનાર પૂજનીય બને છે. ૧૧

**તહેવ ડહરં ચ મંહલ્લગંવા,**
**ઇત્થી પુમં પવ્વઇઅં ગિહિં વા ।**
**નો હીલએ નો વિ અ ખિંસઇજ્જા,**
**થંભં ચ કોહં ચ ચએ સ પુજ્જો ॥૧૨॥**

તેમ જે પુરુષ બાળક હોય કે મોટો હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય, શિક્ષિત હોય કે ગૃહસ્થ હોય, ગમે તે હો પરન્તુ કોઇની નિંદા કે તિરસ્કાર કરતો નથી તેમજ ક્રોધ કે માન કરતો નથી તે પૂજનીય છે. ૧૨

**જે માણિયા સયયં માણયંતિ,**
**જત્તેણ કન્નં વ નિવેસયંતિ ।**

**તે માણુએ માણુરિ હે તવસ્સી,**
**જિઇંદિએ સચ્ચરએ સ પુજ્જો ॥ ૧૩ ॥**

ગૃહસ્થ જેમ પોતાની દિકરીને યત્નાપૂર્વક યોગ્ય ઠેકાણે વરાવે છે તેમ ગુરુ દેવ પણ યત્નાપૂર્વક જ્ઞાનાદિ સદ્‌ગુણોની પ્રાપ્તિ કરાવી, ઉચ્ચ ભૂમિ ઉપર સાધકને ચઢાવે છે એવા ઉપકારી અને માનાર્હ મહાત્માને જે જિતેન્દ્રિય અને સત્યરત, તપસ્વી સાધક પૂજે છે તે જ પૂજ્ય થાય છે. ૧૩

**તેસિં ગુરૂણં ગુણસાયરાણં,**
**સુચ્ચાણ મેહાવી સુભાસિઆઇ ।**
**ચરે મુણી પંચરએ તિગુત્તો,**
**ચઉક્કસાયવિગએ સ પુજ્જો ॥ ૧૪ ॥**

ગુણોના સાગર ગુરૂજનોના શ્રુત વચનો મેધાવી સાધુ સાંભળીને પંચ મહાવ્રતમાં રત રહે તેમજ ચાર કષાયને દૂર કરે તેજ ખરેખર પૂજ્ય છે. ૧૪

**ગુરુમિહ સયયં પડિઅરિઅ મુણી,**
**જિણ મય નિઉણ અભિગમ કુસલે ।**
**ધુણિઅ રયમલં પુરે કડં,**
**ભાસુર મઉલં ગઈ વઇ (ગય) ॥ ૧૫ ॥**
**॥ ત્તિ બેમિ ॥**

આ સંસારમાં મુનિએ ગુરૂજનની હંમેશાં સેવા કરવી, જિનેશ્વરોના અભિપ્રાયને જાણવામાં હોંશિયાર થવું, 'જ્ઞાન કુશલ બનવું, પૂર્વકૃત કર્મરૂપી મેલને દૂર કરવા આ પ્રમાણે કરનાર અનુપમ પ્રકાશવાળી મોક્ષ લક્ષ્મી ગતિને પામે છે. ૧૫

એમ હું કહું છું.

**॥ ઇતિ ત્રીજો ઉદ્દેશ ॥**

## નવમા અધ્યયનનો વિનય સમાધિ નામનો

# ઉદ્દેશ ચોથો

### સમાધિ–આત્મ શાન્તિ, તેના ચાર સાધનો ઉપાસવા અને ચાર આવરણો દૂર કરવા.

**સુઅં મે આઉસં । તેણં ભગવયા એવમક્ખાયં । ઇહ ખલુ થેરેહિં ભગવંતેહિં ચત્તારિ વિણય સમાહિટ્ઠાણા પન્નત્તા ।। કયરે ખલુ તે થેરેહિં ભગવંતેહિં ચત્તારિ વિણય સમાહિટ્ઠાણા પન્નત્તા । ઇમે ખલુ તે થેરેહિં ભગવંતેહિં ચત્તારિ વિણયસમાહિટ્ઠાણા પન્નત્તા । તં જહા । વિણયસમાહી, સુઅસમાહી, તવસમાહી, આયાર સમાહી વિણએ સુએ અ તવે, આયારે નિચ્ચ પંડિઆ । અભિરામયન્તિ અપ્પાણં, જે ભવન્તિ જિઈન્દિયા ।। ૧ ।।**

હે આયુષ્યમાન! ભગવાન મહાવીરે આ પ્રમાણે કહેલું મેં સાંભળ્યું છે તે સ્થવિર ભગવાને વિનય સમાધિનાં ચાર સ્થાનકો વર્ણવ્યાં છે.

શિષ્યે કહ્યું—હે પૂજ્ય! તે સ્થવિર ભગવંતોએ ચાર સ્થાનકો કયાં કહ્યાં છે.

ગુરૂ—તે સ્થવિર ભગવાનોએ આ ચાર વિનય સમાધિનાં સ્થાનો વર્ણવ્યાં છે તે નીચે પ્રમાણે છે. (૧) વિનય સમાધિ, (૨) શ્રુત સમાધિ (૩) તપ સમાધિ, (૪) આચાર સમાધિ. જે જિતેન્દ્રિય સંયમીઓ હંમેશાં પોતાના આત્માને વિનય, શ્રુત, તપ અને આચાર સમાધિમાં રમાડે છે તેજ ખરેખર પંડિત છે. ૧

**ચઉવ્વિહા ખલુ વિણય સમાહી ભવઈ, તંજહા। અણુસાસિજ્જંતો સુસ્સૂસઈ। સમ્મં પડિવજ્જઇ। વયમારાહઇ। ન ય ભવઇ અત્તસંપગ્ગહિએ। ચઉત્થં પયં ભવઇ। ભવઈ અ ઈત્થસિલોગો। પેહેઇ હિઆણુસાસણં, સુસ્સૂસઇ તં ચ અહિટ્ઠિએ ન ય માણમએણ મજ્જઈ, વિણય સમાહિ આયયટ્ઠિએ ।२।**

ચાર પ્રકારના શ્રુત સમાધિ કહેવાય છે તે નીચે પ્રમાણે:—

૧ સૂત્ર સિદ્ધાંતનો અભ્યાસ કરવાથી મને • સૂત્ર સિદ્ધાંતનું સમ્યક્ જ્ઞાન થશે તેમ માની અભ્યાસ કરે. ૨ સૂત્રનો અભ્યાસ કરવાથી ચિત્તની એકાગ્રતા કેળવાશે તેમ ધારી સૂત્રનો અભ્યાસ કરે. ૩ મારા આત્માને સદ્ધર્મમાં બરાબર સ્થિર કરીશ એમ માની અભ્યાસ કરે. જો હું ધર્મમાં સ્થિર-અચલ રહીશ તો બીજાને ધર્મમાં સ્થાપી શકીશ. તે પૈકી ચોથું પદ સ્મરણમાં રાખવા યોગ્ય છે તેનો શ્લોક કહે છે:—

મુક્તિ ઇચ્છુક હિતશિક્ષાને સદા ઇચ્છે, ઉપકારી ગુરુની સેવા કરે, ગુરુની પ્રાસે રહી વચનનું પાલન કરે અને માન-મદમાં આવે નહિ. તેનો જ આત્મા વિનય સમાધિમાં આવે છે. ૨

**ચઉવ્વિહા ખલુ સુઅસમાહી ભવઈ, તં જહા। સુઅં મે ભવિસ્સઇ ત્તિ અજ્ઝાઇયવ્વં ભવઇ, એગગ્ગ ચિત્તો ભવિસ્સામિ ત્તિ અજ્ઝાઈયવ્વં ભવઇ, અપ્પાણં ઠાવઈસ્સામિ ત્તિ અજ્ઝાઇયવ્વં ભવઈ। ઠિઓ પરં ઠાવઇસ્સામિ ત્તિ અજ્ઝાઈયવ્વં ભવઇ। ચઉત્થં પયં ભવઇ। ભવઇ અ ઇત્થ સલોગો। નાણમેગગ્ગચિત્તો અ ઠિઓ અ ઠાવઇ પરં સુઆણિ અ અહિજ્જિત્તા રયો સુઅસમાહિએ ।। ૩ ।।**

શ્રુત સમાધિમાં રક્ત થયેલો સાધુ સૂત્રોને ભણીને જ્ઞાનની, એકાગ્ર ચિત્તની, ધર્મ સ્થિરતાની અને અન્યને ધર્મમાં સ્થિર કરવાની શક્તિ કેળવે છે માટે સાધકે શ્રુત સમાધિમાં રક્ત થવું ઘટે. ૩

**ચઉવ્વિહા । ખલુ તવસમાહી ભવઇ, તં જહા । નો ઇહ લોગટ્ઠયાએ તવમહિટ્ઠિજ્જા, નો પરલોગટ્ઠયાએ તવ મહિટ્ઠિજ્જા, નો કિત્તિવન્નસદ્દસિલોગટ્ઠયાએ તવ-મહિટ્ઠિજ્જા, નન્નત્થ નિજ્જરટ્ઠયાએ તવમહિટ્ઠિજ્જા । ચઉત્થં પયં ભવઇ । ભવઈ અ ઇત્થ સિલોગો વિવિહ ગુણ તવો રએ, નિચ્ચં ભવઇ નિરાસએ નિજ્જરટ્ઠિએ તવસા ધુણઇ પુરાણ પાવગં, જુત્તો સયા તવસમાહિએ ॥ ૪ ॥**

તપ સમાધિમાં હમેશ જોડાયેલો સાધક ભિન્ન ભિન્ન સદ્-ગુણોના ભંડાર રૂપ તપશ્ચર્યામાં હંમેશાં રક્ત થાય અને કોઇ પણ પ્રકારની આશા રાખ્યા સિવાય તે નિર્જરાથીજ (કર્મને ક્ષીણ કરવાની ભાવના રાખનાર) બને તો તે સાધુ તપદ્વારા તે જુના પાપોને પણ દૂર કરી શકે. ૪

**ચઉવ્વિહા ખલુ આયારસમાહી ભવઇ, તં જહા નો ઇહ લોગટ્ઠયાએ આયાર મહિટ્ઠિજ્જા, નો પરલોગ-ટ્ઠયાએ, આયાર મહિટ્ઠિજ્જા, નો કિત્તિવન્નવસદ્દસિલો-ગટ્ઠયાએ, આયાર મહિટ્ઠિજ્જા, નન્નત્થ આરહંતેહિંહે ઊહિં આયાર મહિટ્ઠિજ્જા । ચઉત્થં પયં ભવઈ । ભવઇ અ ઇત્થ સિલોગો ।**

**જિણવયણ રએ અતિંતિણે, પડિપુન્નાયયમાયયાટ્ઠિએ । આયાર સમાહિ સંવુડે ભવઇ, અ દંતે ભાવ સંધએ ॥૫॥**

ખરેખર ચાર જાતની આચાર સમાધિ છે તે જેમ છે તેમ કહું છું:—

[૧] ઐહિક સ્વાર્થ સારુ શ્રમણના સદાચારો આચરે નહિ.

[૨] પરલોકના સ્વાર્થ સારુ પણ સદાચારો આચરે નહિ તેમજ

[૩] કીર્તિ, વર્ણ, શબ્દ કે શ્લાઘાને માટે પણ સદાચાર ન સેવે.

[૪] અર્હન્ત ભગવાનોએ બોધેલા નિર્જરાના કારણ સિવાય બીજા સ્વાર્થ માટે આચાર ન પાળે તે અંગે ચોથું પદ યાદ રાખવું. અહિં શ્લોક આ પ્રમાણે છે.

જે સાધુ ઈંદ્રિઓને દમી આચારથી આત્મ સમાધિને અનુભવે છે, જિનેશ્વરોના વચનમાં રત-લીન છે, વાદવિવાદોથી વિરક્ત છે અને સંપૂર્ણ ક્ષાયિક ભાવને પામી આત્મ મુક્તિ સમીપ ગયેલો છે. ૫

**અભિગમ ચઉરો સમાહિઓ,**
**સુવિસુદ્ધો સુસમાહિઅપ્પણો ।**
**વિઉલહિઅં સુહાવહં પુણો,**
**કુવ્વઇ અ સો પય ખેમમપ્પણો ॥ ૬ ॥**

તે સાધુ ચાર જાતની આત્મ સમાધીને પામીને, સુવિશુદ્ધ થઈ તથા આત્માની સુસમાધિ સેવીને પરમ હિતકારી એવું પોતાનું કલ્યાણ સ્થાન સ્વયં પામે છે. ૬

**જાઈ મરણાઓ મુચ્ચઇ,**
**ઈત્થત્થં ચએઇ સવ્વસો ।**
**સિદ્ધિ વા હવઇ સાસએ,**
**દેવે વા અપ્પરએ મહિડ્ઢિ ॥ ૭ ॥**

**॥ ત્તિ બેમિ ॥**

આથી તે જન્મ-મરણના ચક્રથી તથા આ દુનિયાની સર્વ લાલસાથી મુક્ત થઇ શાશ્વત સિદ્ધ થાય છે અથવા જો સિદ્ધિ પદને ન પામે તો મોટી ઋદ્ધિવાળો અલ્પ રજ દેવ બને છે. ૭

એમ હું કહું છું.

॥ ઈતિ નવમું વિનય અધ્યયન ॥

卐

# ॥ સભિક્ષુ અજ્ઝયણં ॥

[ દશમું અધ્યયન ]

નિક્ખમ્મ માણાઈ અ બુદ્ધ વયણે,
નિચ્ચં ચિત્ત સમાહિઓ હવિજ્જા ।
ઇત્થીણ વસં ન આવિ ગચ્છે,
વંતં નો પડિઆયઇ જે સ ભિક્ખૂ ॥૧॥

ભિક્ષુ તેજ છે કે જે ગૃહત્યાગીને ગુરુજનોની આજ્ઞાને સ્વીકારે છે અને હંમેશાં ચિત્તને આત્મ સમાધિમાં રાખે છે. સ્ત્રીઓના ફાંસલામાં ફસાતો નથી અને જે વમન કરેલું ભોગવતો નથી. ૧

પુઢવિં ન ખણે ન ખણાવએ,
સીઓદગં ન પિએ ન પિઆવએ ।
અગણિ સત્થં જહા સુનિસિઅં,
તં ન જલે ન જલાવએ જે સ ભિક્ખૂ ॥૨॥

તેજ ભિક્ષુ છે જે પૃથ્વી ખોદતો કે ખોદાવતો નથી તેમજ શીત–સચિત્ત જળ પીતો કે બીજાને પીવાનું અનુમોદન આપતો નથી તેમજ અગ્નિ જે તિક્ષ્ણ શસ્ત્ર છે તેને બાળતો નથી કે બીજાની પાસે બળાવતો નથી. ૨

અનિલેણ ન વીએ ન વીયાવએ,
હરિયાણિ ન છિંદે ન છિંદાવએ ।
બીઆણિ સયા વિવજ્જયંતો,
સચિત્તં નાહારએ જે સ ભિક્ખૂ ॥ ૩ ॥

ભિક્ષુ તેજ છે જે પંખાથી પવન નાંખતો નથી, બીજા પાસે નંખાવતો નથી તેમજ લીલી વનસ્પતિઓને છેદતો કે છેદાવતો નથી.

તે ચાલે છે ત્યારે હંમેશાં સચિત્ત બીજ છોડીને ચાલે છે અને ભિક્ષા પણ સચિત લેતો નથી. ૩

**વહણં તસથાવરાણં હોઇ,**
**પુઢવિ તણ કટ્ઠ નિસ્સિઆણં ।**
**તમ્હા ઉદ્દેસિઅં ન ભુંજે,**
**નો વિ પએ ન પયાવએ જે સભિક્ખૂ ॥૪॥**

તેજ સાધુ છે જે ત્રસ અને સ્થાવરોની તથા પૃથ્વી, ઘાસ, કાષ્ઠ લાકડું અને બીજા અંદર રહેલા જીવોની હિંસા થાય તેને છોડી દે છે. તે પોતાને અર્થે રાંધેલી ભિક્ષા ન લે તેમજ ખુદ પોતે રસોઈ ન બનાવે તેમજ બીજા પાસે રસોઈ ન કરાવે. ૪

**રોઇઅ નાયપુ-તવયણે,**
**અ-તસમે મન્નિજજ છપ્પિકાએ ।**
**પંચ ય ફાસે મહવ્વયાઈ,**
**પંચાસવ સંવરે જે સ ભિક્ખુ ॥૫॥**

ભિક્ષુ તેજ છે જે જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરના વચનમાં રૂચિ રાખે છે, જે છકાયના જીવોને પોતાના આત્મસમાન માને છે જે પાંચ મહાવ્રતોને સ્પર્શ કરે છે અને પાંચ પ્રકારના આશ્રવો–મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભ યોગનો ત્યાગ કરે છે. ૫

**ચ-તારિ વમે સયા કસા એ,**
**ધુવજોગી હવિજજ બુદ્ધવયણે ।**
**અહણે નિજઝાય રુવરયણે,**
**ગિહિજોગં પરિવજજએ જે સ ભિક્ખુ ॥૬॥**

સાધુ તેજ છે જે ચાર કષાય ક્રોધ, માન, માયા અને લોભને વમે છે. જે જ્ઞાની પુરુષનાં વચનોમાં મન, વચન, કાયાને અચલ રાખે

છે. જે સોનું-ચાંદી છોડી નિર્ધન થાય છે અને ગૃહસ્થીઓનો સંબંધ ત્યાગે છે. ૬

**સમ્મદિટ્ઠિ સયા અમૂઢે,**
**અત્થિ હુ નાણે તવે સંજમે અ ।**
**તવસા ધુણઇ પુરાણ પાવગં,**
**મણ વય કાય સુસંવુડે જે સ ભિક્ખૂ ॥ ૭ ॥**

તેજ ભિક્ષુ છે જેની દૃષ્ટિ સમ્યક્ છે, જે અમૂઢ-મોહ રહિત છે, જે જ્ઞાન, તપ અને સંયમમાં લીન હોય છે, જે તપ વડે પૂર્વ સંચિત પાપોનો ક્ષય કરે છે અને જે મન, વાણી અને કાયાને પૂર્ણ કાબુમાં રાખે છે. ૭

**તહેવ અસણં પાણગં વા,**
**વિવિહં ખાઇમં સાઇમં લભિ-ત્તા ।**
**હોહી અટ્ઠો સુએ પરે વા,**
**તં ન નિહે નનિહાવએ જે સ ભિક્ખૂ ॥ ૮ ॥**

તેજ ખરેખર ભિક્ષુ મુનિ છે જે અન્ન પાણી, સ્વાદિમ, મુખવાસ પામીને કાલ કે પરમ દિવસે ઉપયોગમાં આવશે એમ માની સંચય કરતો કે કરાવતો નથી. ૮

**તહેવ અસણં પાણગં વા,**
**વિવિહં ખાઇમં સાઇમં-લભિત્તા ।**
**છંદિ અ સાયમ્મિઆણ ભુંજે,**
**ભુચ્ચા સજ્ઝાયરએ જે સ ભિક્ખૂ ॥ ૯ ॥**

તેજ ભિક્ષુ છે જે અન્ન, પાણી, સ્વાદ્ય તથા મુખવાસ વ્હોરીને પોતાના સાથી સાધુઓને બોલાવી ભોજન કરે છે અને ભોજન કરી સ્વાધ્યાયમાં રક્ત રહે છે. ૯

**ન અ વુગ્ગહિઅં કહં કહિજ્જા,**
**ન ય કુપ્પે નિહુઇંદિએ પસંતે ।**
**સંજમ ધ્રુવ જોગ જુ-તે,**
**ઉવસંતે અવિહેડએ જે સ ભિક્ખૂ ॥ ૧૦ ॥**

ભિક્ષુ તેજ છે કે વિગ્રહ કલેશ થાય તેવી વાત કહેતો નથી. નિમિત્ત મળતાં છતાં કુપિત થતો નથી તેમજ ઈંદ્રિયોને નિગ્રહિત રાખે છે, મન શાંત રાખે છે, સંયમ યોગમાં સ્થિર રહે છે તથા ઉપશાંત રહે છે અને કોઈનો તિરસ્કાર કરતો નથી. ૧૦

**જો સહઇ હુ ગામ કંટકએ,**
**અકકોસપહાર તજ્જણાઓ અ ।**
**ભયભેરવ સદ્દસપ્પહાસે,**
**સમસુહદુઃખસહે અ જે સ ભિક્ખૂ ॥ ૧૧ ॥**

સાધુ તેજ છે કે જે કાંટા સમાન આક્રોશ, પ્રહાર, તર્જનાઓ સહન કરે છે, જેણે ભયંકર ભયાનક ગર્જના થતી હોય તેવા સ્થાનમાં રહેવાનું હોય તો મુંઝાતો નથી અને જે સુખ દુઃખ સમભાવે સહન કરી શકે છે. ૧૧

**પડિમં પડિવજ્જિઆ મસાણે,**
**નો ભીયએ ભય ભેરવાઈં દિસ્સ ।**
**વિવિહ ગુણ તવો રએ અ નિચ્ચં,**
**ન સરીરં ચાભિકંખએ જે સ ભિક્ખૂ ॥ ૧૨ ॥**

તેજ સાચો સાધુ છે જે સ્મશાનમાં પણ પ્રતિમા ધારણ કરે છે અને ભયના પ્રસંગોમાં પણ જે બ્હીતો નથી અને વિવિધ સદ્ગુણો અને તપોમાં રકત રહીનેજ શરીર બુદ્ધિને ભૂલી જાય છે. ૧૨

**અસઈં વોસટ્ઠ ચત્તદેહે,**
**અકુટ્ઠે વહએ લુસિએ વા ।**

પુઢવિસમે મુણિ હવિજ્જા,
અનિઆણે અકોઉહલ્લે જે સ ભિકખૂ ॥૧૩॥

મુનિ તેજ છે જે સ્મશાનમાં રહેવાના પ્રસંગે દેહમૂર્છાથી મુકત રહે છે અને કઠોર વચનના પ્રહારોથી તથા દંડ કે વસ્ત્રથી હણાય કે વિંધાય તો પણ પૃથ્વી સમાન અડોલ રહે છે, કુતૂહલથી* વિરકત રહે છે અને વાસના રહિત રહે છે. ૧૩

અભિભૂઅ કાએણ પરિસહાઈં,
સમુદ્ધરે જાઈ પહાઉ અપ્પયં ।
વિઈ-તુ જાઇમરણં મહબ્ભયં,
તવે રએ સામણિએ જે સ ભિકખૂ ॥ ૧૪ ॥

તેજ સાચો ભિક્ષુ છે જે પરિષહોને સહન કરે છે અને જે જન્મ-મરણ। મહા ભયના સ્થાનો જાણે છે અને જે તપમાં રકત રહી જન્મ-મરણરૂપ સંસારથી પોતાના આત્માને બચાવી લે છે.૧૪

હત્થ સંજએ પાય સંજએ,
વાય સંજએ સંજય ઈંદિએ ।
અજ્ઝપ્પરએ સુસમાહિઅપ્પા,
સુત્તત્થં ચ વિઆણઈ જે સ ભિકખૂ ॥૧૫॥

ભિક્ષુ તેજ છે જે સૂત્ર તથા તેના ભાવને જાણે છે. જે હાથ, પગ, વાણી અને ઈંદ્રિયોનો પૂર્ણ સંયમ સાચવે છે અને અધ્યાત્મ રસમાંજ મસ્ત રહે છે અને જે પોતાના આત્માને સમાધિમાં રાખે છે ૧૫

ઉવહિમ્મિ અમુચ્છિએ અગિદ્ધે,
અન્નાય ઉંછં પુલનિપ્પુલાએ ।
કયવિક્કય સન્નિહિઓ વિરએ,
સવ્વ સંગાવગએ અ જે સ ભિક્ખૂ ॥ ૧૬ ॥

જે પદાર્થોમાં અગૃદ્ધ છે, જે અજ્ઞાન ઘરોમાં પરિમિત ભિક્ષા લઇ સંયમ જીવન વિતાવે છે, જે ચારિત્રમાં ક્ષતિ ઉત્પન્ન કરે તેવા દોષોથી બચે છે અને જે લેવું વેચવું કે ભેગું કરવું વગેરે અસંયમી વ્યાપારોથી વિરક્ત બની સર્વ જાતની આસક્તિથી વિમુક્ત બને છે. ૧૬

**અલોલ (લુ) ભિક્ખૂ ન રસેસુ ગિજ્ઝે,**
**ઉંછં ચરે જીવિઅનાભિકંખી ।**
**ઇડ્ઢિં ચ સક્કારણ પૂઅણં ચ,**
**ચએ ઠિઅપ્પા અણિહે જે સ ભિક્ખૂ ॥૧૭॥**

તેજ ભિક્ષુ છે જે લોલુપતાથી રહિત થઇ કોઈ જાતના રસોમાં આસક્ત થતો નથી. જે ભિક્ષાચરીમાં અલ્પ ખોરાક લે છે, જે ભોગી જીવન ગાળવાની વાસનાથી પર છે જે સત્કાર, પૂજન અને ભૌતિક સુખની પરવા કરતો નથી અને જે નિરાભિમાની અને સ્થિર આત્મા છે. ૧૭

**ન પરં વઇજ્જાસિ અયં કુસીલે,**
**જેણં ચ કુપ્પિજ્જ ન તં વઇજ્જા ।**
**જાણિઅ પત્તેઅં પુન્ન પાવં,**
**અત્તાણં ન સમુક્કસે જે સ ભિક્ખૂ ॥૧૮॥**

ભિક્ષુ તેજ છે જે બીજા કોઇને કુશીલ છે એવું કહેતો નથી, બીજાને ગુસ્સો થાય તેવું બોલતો નથી, સર્વ જીવ પોતાના પુણ્ય-પાપનું ફળ ભોગવે છે એમ જાણી પોતાના દોષો દૂર કરે છે અને પોતે બીજા કરતાં ઉંચો છે એવું અભિમાન કરતો નથી. ૧૮

**ન જાઇમત્તે ન ય રૂવમત્તે,**
**ન લાભમત્તે ન સુએણ મત્તે ।**
**મયાણિ સવ્વાણિ વિવજ્જઈત્તા,**
**ધમ્મજ્ઝાણ રએ જે સ ભિક્ખૂ ॥ ૧૯ ॥**

તેજ ભિક્ષુ છે જે જાતિ મદ કરતો નથી તેમજ રૂપ મદ કરતો નથી, લાભ મદ કરતો નથી તેમજ શ્રુત મદ કરતો નથી. તે સર્વ પ્રકારના મદોને છોડીને ધર્મ ધ્યાનમાં-રક્ત રહે છે. ૧૯

**પવેઅએ અજ્જપયં મહામુણી,**
**ધમ્મેઠ્ઠિઓ ઠાવયઈ પરં પિ ।**
**નિક્ખમ્મ વજ્જિજ્જ કુસીલ લિંગં,**
**ન આવિ હાસં કુહએ જે સ ભિક્ખૂ ॥૨૦॥**

ભિક્ષુ તેજ છે જે મહા મુનિ આર્ય સત્ય ધર્મ પથ બતાવે છે, પોતે સત્ય ધર્મમાં સ્થિર રહે છે અને બીજાને પણ સાચા ધર્મમાં સ્થિર રાખે છે, ત્યાગ માર્ગમાં રહીને દુરાચારોનાં ચિન્હોને ત્યાગે છે. કોઈની હાંસી, કુચેષ્ટા કે મશ્કરી કરતો નથી. ૨૦

**તં દેહવાસં અસુઈ અસાસયં,**
**સયા ચએ નિચ્ચ હિઅટ્ઠિઅપ્પા ।**
**છિંદિ-તુ જાઇ મરણસ્સ બંધણં,**
**ઉવેઈ ભિક્ખૂ અપુણાગમં ગઈ ॥ ૨૧ ॥**
**॥ त्ति બેમિ ॥**

આવા ભિક્ષુ દેહવાસને અશુચિ, અશાશ્વત સમજીને હંમેશાં આત્મામાં સ્થિર રહીને દેહ મૂર્છા છોડે છે અને જન્મ-મરણના બંધનને છેદીને અપુનરાગમન ગતિએ પહોંચે છે. ૨૧

એમ હું કહું છું.

**॥ ઇતિ દશમું અધ્યયન ॥**

卐

# પ્રથમા રતિવાક્ય ચૂલિકા

ઇહ ખલુ ભો પવ્વઇએણ ઉપ્પણ્ણ દુક્ખેણં સંજમે અરઇ સમાવન્ન ચિન્તેણં ઓહાણુપ્પેહિણા અણોહાઈ એણં ચેવ હુય રસ્સિગયં કુસપોયપડાગાભૂઆઈં ઇમાઈં અટ્ઠારસ ઠાણાઈં સમ્મં સંપડિલેહિઅવ્વાઈં ભવંતિ । તં જહા હં ભો ! દુસ્સમાઇ દુપ્પજીવી ॥ ૧ ॥ લહુસગા ઇત્તરિઆ ગિહીણં કામભોગા ॥ ૨ ॥ ભુજ્જો અ સાઈ બહુલા મણુસ્સા ॥ ૩ ॥ ઇમે અ મે દુક્ખે ન ચિરકાલોવટ્ઠાઈ ભવિસ્સઇ ॥ ૪ ॥ ઓમજણ પુરક્કારે ॥ ૫ ॥ વંતસ્સ ય પડિઆયણં ॥ ૬ ॥ અહર ગઈ વાસોવ સંપયા ॥૭॥ દુલ્લહં ખલુ ભો ગિહિણં, ધમ્મે ગિહિવાસ મજ્ઝે વસંતાણં ॥૮॥ આયંકે સેવહાય હોઇ ॥૯॥ સંકપ્પે સે વહાય હોઈ ॥૧૦॥ સો વક્કેસે ગિહવાસે નિરુવક્કેસે પરિઆએ ॥૧૧॥ બંધે ગિહવાસે મુક્ખે પરિઆએ ॥૧૨॥ સાવજ્જે ગિહવાસે અણવજ્જે પરિઆએ ॥ ૧૩ ॥ બહુસાહારણા ગિહીણં કામભોગા ॥૧૪॥ પત્તેઅં પુન્ન પાવં ॥૧૫॥ અણિચ્ચે ખલુ ભો મણુઆણ જીવિએ કુસગ્ગ જલબિંદુ ચંચલે ॥૧૬॥ બહું ચ ખલુ ભો પાવં કમ્મં પગડં ॥૧૭॥ પાવાણં ચ ખલુ ભો ! કડાણં કામાણં પુવ્વિં દુચ્ચિન્નાણં દુપ્પડિકંતાણં વેઇત્તા મુક્ખો નત્થિ અવેઇત્તા તવસાવા ઝોસઈત્તા ॥ ૧૮ ॥ અટ્ઠારસમં પયં ભવઇ, ભવઈ અ ઇત્થ સિલોગો ।

હે શિષ્યો ! ખરેખર દીક્ષા–પ્રવર્જ્યા લીધા પછી દુઃખ ઉત્પન્ન

થાય અને સંયમમાંથી ચિત્ત વિક્ષિપ્ત થઇ અરતિ થાય અને સંયમ છોડી ગૃહવાસમાં ચાલી જવાની ઇચ્છા થાય પરંતુ હજુ સંયમનો ત્યાગ ન કર્યો હોય તેવા વખતે ઘોડાની લગામ સમાન, હાથીના અંકુશ સમાન, વહાણ સમાન આ અઢાર સ્થાનો સાધુએ વારંવાર વિચારવાં:—

૧. હે આત્મા ! આ દુષમ કાળમાં જીવન દુઃખમય છે તો ગૃહવાસનો મને શો હેતુ છે? ૨. ગૃહવાસીઓના કામભોગો ક્ષણિક હલકી કોટિના અને પરિણામે કડવા છે. ૩. વળી સંસારી માયામાં ફસેલા બહુ કપટી હોય છે. ૪. વળી આ સંયમી જીવનમાં દેખાતું દુઃખ ઝાઝો વખત ટકવાનું નથી. ૫. સંયમી-ત્યાગી ગૃહવાસમાં પ્રવેશતાં ક્ષુદ્ર માણસોની ખુશામત સેવવી પડે છે. ૬. ગૃહવાસમાં પ્રવેશતાં વમેલી વસ્તુ ફરી સ્વીકારવી પડે છે. ૭. ત્યાગની ઉંચી પદવીમાં ક્ષુદ્ર વાસના માટે ગૃહવાસ સ્વીકારવો તે નરકાગારમાં જવાની તૈયારી રૂપ છે. ૮. ગૃહવાસમાં રહેનારાને ગૃહસ્થાશ્રમનો ધર્મ પાળવો દુઃશકય છે તો આદર્શ ત્યાગ પાળવો વધુ અઘરો છે. ૯. અચાનક રોગ ઉત્પન્ન થઇ જ્યારે દેહનો નાશ થાય છે ત્યારે ધર્મજ મદદગાર થાય છે, ધર્મ સિવાય કોઇ મદદગાર થતું નથી. ૧૦. ગૃહવાસમાં ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ થાય છે. ૧૧. ગૃહવાસમાં ક્લેશ છે અને ત્યાગ એ શાન્તિમય છે ૧૨. ગૃહવાસ બંધન છે, ત્યાગ એ મુક્તિ છે. ૧૩. ગૃહજીવન દૂષિત છે અને સંયમી જીવન એ પવિત્ર જીવન છે. ૧૪. ગૃહસ્થોના કામભોગો અધમ હોય છે. ૧૫. જગતના જીવો પુણ્ય-પાપથી ઘેરાયેલા છે. ૧૬. મનુષ્યનું આયુષ્ય ખરેખર ઘાસના છેડાની ઉપર રહેલા જલબિંદુ જેવું અસ્થિર અને ક્ષણિક છે. ૧૭. અરેરે! ખરેખર પૂર્વભવે પાપ કર્મ ઘણું કર્યું હશે. નોંધ:—પાપ કર્મના ઉદયે સંયમ ઉપર અભાવ થાય છે નહિં તો ઉત્તમ સંયમ કેમ ન ગમે? ૧૮. દુશ્ચારિત્રનું સેવન કરીને કદિ પાપ

કર્મથી મુક્તિ મળશે નહિ. પરંતુ દુઃખે સહી શકાય તેવાં પૂર્વ પાપ કર્મોને મનમાં વેદન કર્યા સિવાય સહી લેવાથી અને તપ દ્વારા તેને ખપાવવાથી જ તે કર્મોથી મુક્તિ મળશે.

**જયા અ ચયઇ ધમ્મં, અણજ્જો ભોગકારણા ।**
**સે તત્થ મુચ્છિએ બાલે, આયઈ નાવ બુજ્ઝઈ ॥૧॥**

જ્યારે કોઇ અનાર્ય ભોગોના હેતુએ ધર્મને છોડે છે, તે બાલ અજ્ઞાની તે ભોગોમાં મુર્ચ્છિત થયેલ ભવિષ્યનો વિચાર કરતો નથી.૧

**જયા ઓહાવિઓ હોઇ, ઈંદો વા પડિઓ છમં ।**
**સવ્વ ધમ્મ પરિબ્ભટ્ઠો, સ પચ્છા પરિ તપ્પઇ ॥૨॥**

જ્યારે સાધુ સંયમી જીવન છોડીને ગૃહ જીવનમાં પ્રવેશે છે ત્યારે એ સંયમ અને ગૃહ ધર્મથી ભ્રષ્ટ થઈ પૃથ્વી પર પડેલા દેવેન્દ્રની માફક ખૂબ પરિતાપ કરે છે. ૨

**જયા અ વંદિમો હોઇ, પચ્છા હોઇ અવંદિમો ।**
**દેવયા વ ચુઆ ઠાણા, સ પચ્છા પરિતપ્પઇ ॥૩॥**

સંયમી જીવનમાં જે વંદનીય હતો તે અસંયમી જીવનમાં અવંદ્ય બને છે. તે સ્વસ્થાનથી ભ્રષ્ટ થયેલી દેવીની માફક તે ખૂબ દુઃખ પામે છે. ૩

**જયા અ પૂઇમો હોઇ, પચ્છા હોઇ અપૂઇમો ।**
**રાયા વ રજ્જ પબ્ભટ્ઠો, સ પચ્છા પરિતપ્પઇ ॥૪॥**

સંયમી જીવનમાં જે પૂજ્ય બને છે તે ગૃહવાસમાં પાછો ફરતાં અપૂજ્ય બને છે. તેની સ્થિતિ પદભ્રષ્ટ બનેલા રાજાના જેવી થાય છે અને તેને પાછળથી ખૂબ પસ્તાવું પડે છે. ૪

**જયા અ માણિમો હોઇ, પચ્છા હોઇ અમાણિઓ ।**
**સિટ્ઠિવ્વ કબ્બડે છુઢો, સ પચ્છા પરિતપ્પઇ ॥૫॥**

સંયમી જીવનમાં જે માન્ય હોય છે તે અસંયમી જીવનમાં અમાન્ય બને છે. તે ખેડુતની જીંદગીમાં પલટાએલા ધનિક શેઠની માફક પરિતાપ કરે છે. ૫

**જયા અ થેરઓ હોઇ, સમઇક્કંત જુવ્વણો ।**
**મચ્છુવ્વ ગલં ગિલિત્તા, સ પચ્છા પરિતપ્પઇ ॥૬॥**

જ્યારે સંયમમાંથી ગૃહવાસમાં પાછો ફરેલ ભિક્ષુ મોટો વૃદ્ધ થાય છે, ત્યારે તે જુવાની વિતાવે છે અને માછલું જેમ ગલમાં ફસાય ને મૃત્યુને પામે છે તેમ તે ખૂબ પસ્તાય છે. ૬

**જયા અ કુકુડું બસ્સ, કુતત્તીહિં વિહમ્મઇ ।**
**હત્થી વ બંધણે બદ્ધો, સ પચ્છા પરિતપ્પઇ ॥૭॥**

જ્યારે તે પોતાના કલેશી કુટુમ્બની ચારે બાજુઓની ચિંતાથી ઘેરાય છે ત્યારે તે બંધનમાં ફસાયેલા હાથીની માફક ખૂબ પસ્તાય છે. ૭

**પુત્તદાર પરિકિન્નો, મોહ સંતાણ સંતઓ ।**
**પંકો સન્નો જહા નાગો, સ પચ્છા પરિતપ્પઇ ॥૮॥**

વળી આવો ગૃહવાસમાં પાછો ફરેલ મુનિ સ્ત્રી, પુત્ર અને પરિવારથી ઘેરાયેલો મોહનીય કર્મની પરંપરાથી તેમાં જ ફસાય છે, અને 'ન પાણી ન તીરમ્' એમ બન્નેથી સ્થિતિની વચ્ચે રહી ખેદ કર્યા કરે છે. ૮

**અજ્જ અહં ગણી હુંતો, ભાવિ અપ્પા બહુસ્સુઓ ।**
**જઇ હં રમંતો પરિઆએ, સામન્ને જિણ દેસિએ ॥૯॥**

**દેવલોગ સમાણો અ, પરિઆઓ મહેસિણં ।**
**રયાણં અરયાણં ચ, મહા નરય સારિસો ॥૧૦॥**

સાધુ માર્ગથી ભ્રષ્ટ થયેલ ગૃહવાસમાં પ્રવેશેલ જીવનની અંતે

વિચારે છે કે, જો હું જિનેશ્વરોએ બતાવેલા વિશુદ્ધ સાધુત્વથી ભરેલા ત્યાગ માર્ગમાં હોત તો આજે મારો આત્મા બહુશ્રુત હોત અને હું મારા અપૂર્વ જ્ઞાનની સાથે આખા સાધુગણનો અધિપતિ હોત. ક્યાં એ દેવલોક સમાન ત્યાગીઓનો સુખદ ત્યાગ અને ક્યાં મારો પતિત મહા નરક જેવો ગૃહવાસ. ૯—૧૦

**અમરોવમં જાણિઅ સુક્ખમુત્તમં,**
**રયાણ પરિઆએ તહા રયાણં ।**
**નિરઓવમં જાણિઅ દુક્ખમુત્તમં,**
**રમિજ્જ તમ્હા પરિઆએ પંડિએ ॥૧૧॥**

ત્યાગ માર્ગમાં રમતા મહા પુરુષોનું દેવેન્દ્ર સમાન ઉતમ સુખ અને ત્યાગ માર્ગથી ભ્રષ્ટ થયેલા પતિતોનું નરક સમાન અત્યંત દુઃખ એ બન્નેની તુલના કરીને પંડિત સાધુએ પરિત્યાગમાં મસ્ત રહેવું. ૧૧

**ધમ્માઉ ભટ્ઠં સિરિઓવવેયં,**
**જન્નગ્ગિ વિજ્ઝાયમિવપ્પ તેઅં ।**
**હીલંતિ ણં દુવ્વિહિઅં કુસીલા,**
**દાઢુદ્ધિઅં ઘોર વિસં વ નાગં ॥૧૨॥**

ધર્મથી ભ્રષ્ટ અને આધ્યાત્મિક સંપત્તિથી પતિત મુનિનો, અલ્પ તેજ થઈ ઠરી ગયેલા યજ્ઞના અગ્નિ અને ભયંકર ઝેરી છતાં દાઢો ખેંચી લીધેલ નાગની માફક દુરાચારીઓ તિરસ્કાર પામે છે.૧૨

**ઇહેવ ધમ્મો અયસો અ કિત્તી,**
**દુન્નામધિજ્જં ચ પિહુજ્જણમ્મિ ।**
**ચુઅસ્સ ધમ્માઉ અધમ્મ સેવિણો,**
**સંભિન્ન વિત્તસ્સ ય હિટ્ઠઓ ગઇ ॥૧૩॥**

ધર્મથી પતિત થયેલો, અધર્મને સેવનારો અને પોતાના યમ નિયમથી ભ્રષ્ટ થયેલ સાધુ આ લોકમાં પણ ચારિત્રની ક્ષતિ, અધર્મ, અપયશ અને હલકાં માણસોનાં પણ નિન્દા વગેરે દુર્લભ પામે છે અને જીવનના પરલોકમાં પણ અધર્મના ફળ સ્વરૂપે તેને અધમગતિ મળે છે. ૧૩

**ભુંજિ-તુ ભોગાઈં પસજ્ઝ ચેઅસા,**
**તહાવિહં કટ્ટુ અ સંજમં બહું ।**
**ગઈં ચ ગચ્છે અણુહિજ્ઝિઅં દુહં,**
**બોહી અ સે નો સુલહી પુણોપુણો ॥૧૪॥**

જે સાધક પાપી ચિત્તના દૂષને વશ થઇને ભોગોને સારુ તે તે પ્રકારના અસંયમી વર્તનને આચરીને જેની કલ્પના પણ ન થઇ શકે એવા દુઃખદ નરકમાં ગમન કરે છે તે સાધકને ફરીથી આવા ઉચ્ચ સદ્બોધિની કે ધર્મની પ્રાપ્તિ પણ સુલભ થઈ શકતી નથી. ૧૪

**ઇયરસા તા નેરઇઅસ્સ જંતુણો,**
**દુહોવણી અસ્સ કિ લેસવત્તિણો ।**
**પલિઓવંમં ઝિજ્ઝઇ સાગરોવમં,**
**કિં મંગ પુણ મજ્ઝ ઇમં મણો દુહં ॥૧૫॥**

આ નરકના જીવો દુઃખો અને ક્લેશમાં પલ્યોપમ અને સાગરોપમ સુધી દુઃખી થાય છે, તેની આગળ મારું સંયમનું માનસિક દુઃખ શા હિસાબમાં ? ૧૫

**ન મે ચિરં દુખમિણં ભવિસ્સઈ,**
**અસાસયા ભોગપિવાસ જંતુણો ।**
**ન ચ સરીરેણ ઇમેણડવિસ્સઇ,**
**અવિસ્સ ઈ જીવિ અપજ્જવેણ ॥૧૬॥**

સંયમનું મનોદુઃખ લાંબો વખત ટકતું નથી. જીવની ભોગ પિપાસા પણ થોડો વખતજ ટકે છે માટે ભોગ-તૃષ્ણા દેહ છૂટે તો જવાનીજ, એમ વિચારી ત્યાગને ટકાવી રાખે. ત્યાગની પ્રતિ અણગમો નિવારે. ૧૬

**જસ્સેવમપ્પા ઉહવિજ્જ નિચ્છિઓ,**
**ચઈજ્જ દેહં ન હુ ધમ્મસાસણં ।**
**તં તારિસં-નો પઇલિંતિ ઈંદિઆ,**
**ઉવિંતિ વાયા વ સુદંસણં ગિરિં ॥૧૭॥**

જેનો આત્મા નિશ્ચિત-સંકલ્પદૃઢ થયો છે, તે દેહને છોડવાનું પસંદ કરશે પરન્તુ ધર્મના આચાર-વિચાર છોડશે નહિ. તે મેરુ પર્વતની માફક ગમે તેવા પ્રચંડ વાયુના વેગને અડોલપણે સહન કરશે પરન્તુ ઈંદ્રિયો, વિષયપ્રતિ મનને ચળવા દેશે નહિ. ૧૭

**ઇચ્ચેવ સંપસ્સિઅ બુદ્ધિમં નરો,**
**આયં ઉવાયં વિવિહં વિઆણિઆ ।**
**કાએણ વાયા અદુ માણસેણં,**
**તિગુત્તિગુત્તો જિણવયણમહિટ્ઠિજાસિં ॥૧૮॥**
**॥ ત્તિ બેમિ ॥**

આવી રીતે બુદ્ધિમાન-આત્મ જાગરુક પુરુષ સમ્યક્ પ્રકારે જોઇને શ્રદ્ધાને સેવીને આત્મોદ્ધારના વિવિધ ઉપાયો વિચારીને મન, વાણી અને કર્મથી ત્રિગુપ્તિથી જિનેશ્વર ભગવાનના વચનાનુસાર પોતાનું જીવન ઘડે. ૧૮

એમ હું કહું છું.

---

# બીજી વિવિક્ત ચૂલિકા

**ચુલિઅં તુ પવકખામિ, સુઅં કેવલિ ભાસિઅં ।**
**જં સુણિ-તુ સુપુણ્ણાણું, ધમ્મે ઉપ્પજ્જએ મઈ ॥૧॥**

હું શ્રુત કેવલીઓએ કહેલી ચૂલિકાને વિગતથી કહું છું:— સુપુણ્યવાન આત્માઓની જેને સાંભળવાથી ધર્મમાં મતિ ઉત્પન્ન થાય છે આમ શ્રી સુધર્મા સ્વામી જંબુને કહેતા હતા અને શય્યંભવ સૂરિએ શિષ્ય મનકને કહ્યું. ૧

**અણુસોઅપટ્ઠિએ બહુજણમ્મિ, પડિસોઅલદ્ધ લકખેણં ।**
**પડિસોઅમેવઅપ્પા, દાયવ્વો હોઉ કામેણં ॥ ૨ ॥**

અનુશ્રોત-ચાલતા વ્હેણમાં ઘણા જનો તણાય છે પરન્તુ તે પ્રવાહની પર થવા જેઓ જાગરુક છે તેમણે પ્રતિશ્રોત પ્રવાહમાં ચાલવાને પોતાના આત્માને તૈયાર કરવો જોઈએ. ૨

**અણુસોઅ સુહોલોઓ, પડિસોઓ આસવો સુવિહાણં ।**
**અણુસોઓ સંસારો, પડિસોઓ તસ્સ ઉત્તારો ॥૩॥**

જગતના જીવો સુખાર્થે અનુશ્રોત ચાલતા પ્રવાહમાં વહે છે, જ્યારે સુવિહિત-વિચક્ષણ સાધકો ત્રિકરણ ત્રિયોગે સંસાર પ્રવાહની સામે જાય છે સંસારનો માર્ગ અનુશ્રોત એક જ પ્રવાહમાં વહેવાનો છે જ્યારે સંસારથી મુક્ત થવા તેની સામેનો પ્રતિશ્રોત માર્ગ આત્મ જાગરુકોએ સાધવો જોઈએ. ૩

**તમ્હા આયાર પરક્કમેણં, સંવર સમાહિ બહુલેણં ।**
**ચરિઆ ગુણા અ નિયમાઅ, હુંતિ સાહુણ દટ્ઠવ્વા ॥૪॥**

તે માટે આચારમાં પરાક્રમ ફોરવીને અને સંયમ સમાધિને

સેવવી જોઇએ અને પછી ત્યાગી પુરુષોનાં જે ચર્યા, ગુણો અને નિયમો છે તે જાણી તદનુસાર વર્તવું. ૪

**અણિએઅ વાસો સમુઆણ ચરિઆ,**
**અન્નાય ઉંછં પયરિક્કયા અ ।**
**અપ્પોવેહી કલહ વિવજ્જણાઅ,**
**વિહાર ચરિઆ ઇસિણં પસત્થા ॥ ૫ ॥**

ઋષિ મુનિઓએ નીચે કહ્યા પ્રમાણે વિહાર ચર્યા વખાણી છે. ૧. અનિયતવાસ—એક સ્થળે મર્યાદા જાળવીને રહેવું. ૨ સમુદાનચર્યા—જુદાં જુદાં ઘરોમાંથી ભિક્ષા પ્રાપ્ત કરવી. ૩ અજ્ઞાતોચ્છ—અપરિચિત ગૃહોમાંથી અલ્પભિક્ષા મેળવવી. ૪ એકાંત સ્થાન—સંયમ સચવાય એવી જગ્યાએ નિવાસ. ૫ અલ્પ ઉપધિ-ઓછાં વસ્ત્રોપકરણો. ૬ કલહ ત્યાગ. સુસાધુ આ ૭ આચાર સેવે. ૫

**આઇન્ન ઓમાણ વિ વજ્જણા અ,**
**ઓસન્ન દીઠ્ઠાહડ ભત્તપાણે ।**
**સંસટ્ઠ કપ્પેણ ચરિજ્જ ભિક્ખૂ,**
**તજ્જાય સંસટ્ઠ જઇ જઇજ્જા ॥ ૬ ॥**

જે જગ્યાએ મનુષ્યોનો ખુબ કોલાહલ થતો હોય કે જ્યાં સાધુનું અપમાન થતું હોય તેવું સ્થાન મુનિ છોડે. વળી ગૃહસ્થ બીજા ઘેરથી ખોરાક અને પાણી આપે ત્યારે તે ઘણુંખરું જોવાયેલું આહાર પાણી લેવાનો સાધુઓને ઉચિત છે અને તે દાતા જે હાથ અથવા ચમચાથી ખોરાક લાવેલ હોય તેજ ભિક્ષા લેવાનો ઉપયોગ રાખે. ૬

**અમજ્જ મંસાસિ અમચ્છરીઆ,**
**અભિક્ખણં નિવ્વિ ગઈ ગયા અ ।**
**અભિક્ખણં કાઉસગ્ગકારી,**
**સજ્ઝાય જોગે પયઓ હવિજ્જા ॥ ૭ ॥**

મદ્ય માંસાદિ અભક્ષ્યનો સર્વથા ત્યાગી સંત મત્સર અભિમાન વિનાનો, પોતાના આત્માને આત્મવશ રાખવા વારંવાર નિર્વિકાર ખોરાક લેનાર, વારંવાર કાયોત્સર્ગ–આત્મ ધ્યાનમાં રહેનાર, અને સ્વાધ્યાય આત્માભિમુખ રહેવા પ્રયત્ન સેવે. ૭

**ન પડિવન્નવિજ્જા સયણા સણાઇં,**
**સિજ્જં નિસિજ્જ તહ ભત્તપાણં ।**
**ગામે કુલે વા નગરે વ દેસે,**
**મમત્ત ભાવં ન કહિં પિ કુજ્જા ॥ ૮ ॥**

સાધુજન શયન, આસન, પથારી, તથા ખોરાક–પાણી વગેરે ઉપર એવી મમતા ન રાખે કે આજ વસ્તુઓ મને મારા બીજા વિહારમાં મળે એવી પ્રતિજ્ઞા તેના ઉપાસકો પાસે ન કરાવે તેમજ કોઇ ગામ, કુળ, નગર કે દેશ ઉપર કદિ મમત્વભાવ ન સેવે. ૮

**ગિહિણો વેયાવડિઅં ન કુજ્જા,**
**અભિવાયણં વંદણ પૂઅણં વા ।**
**અસંકિલેટ્ઠેહિં સમં વસિજ્જા,**
**મુણી ચરિત્તસ્સ જઓ ન હાણી ॥ ૯ ॥**

આદર્શ મુનિ ગૃહસ્થીઓની સેવા ન કરે તેમજ તેમની સ્તુતિ, વંદન કે નમન પણ ન કરે પરન્તુ જે અસંયમીઓના સંગથી મુક્ત હોય તેવા આદર્શ સાધુઓના સંગમાં રહે કે જેનાથી તેના ચારિત્રને હાનિ ન પહોંચે. ૯

**નયા લભેજ્જા નિઉણં સહાયં,**
**ગુણાહિઅં વા ગુણાઓ સમં વા ।**
**ઇક્કો વિ પાવાઇં વિવજ્જયંતો,**
**વિહરિજ્જ કામેસુ અસજ્જમાણો ॥૧૦॥**

સંત સાધુને પોતાથી અધિક કે સમાન ગુણી ન મળે તો પોતે એકલો જ કામભોગોથી વિરક્ત રહી પાપોને ત્યાગી સાવધાનતાથી એકાકી વિચરે. ૧૦

**સંવચ્છરં વા વિ પરંપમાણં,**
**બીઅં ચ વાસં ન તહિં વસિજ્જા ।**
**સુત્તસ્સ મગ્ગેણ ચરિજ્જ ભિક્ખૂ,**
**સુત્તસ્સ અત્થી જહ આણવેઈ ॥ ૧૧ ॥**

સુસાધુ એક સ્થળે વધુમાં વધુ ચાતુર્માસ અને બીજી ઋતુઓમાં એક માસ રહી શકે અને જ્યાં ચાતુર્માસ કર્યું હોય ત્યાં બીજાં બે છોડી ત્રીજે વર્ષે રહી શકાય અને તેજ પ્રમાણે એક માસ જે સ્થળે રહ્યા હોય ત્યાં તેનાથી બેવડો વખત અન્ય ક્ષેત્રોમાં ગાળી પછી ત્યાં માસભર રહી શકાય એવી જૈન ધર્મની આજ્ઞા છે. સૂત્રના પરમાર્થના લક્ષ્યવાળો સુસાધુ સૂત્રમાં જે પ્રકારની આજ્ઞા ફરમાવી છે તેજ પ્રમાણે સૂત્રના માર્ગને અનુસરે. ૧૧

**જો પુવ્વરત્તાવરરત્ત કાલે,**
**સંપિકખએ અપ્પગમપ્પએણં ।**
**કિં મે કડં કિંચમે કિચ્ચસેસં,**
**કિં સક્કણિજ્જં ન સમાયરામિ ॥ ૧૨ ॥**

સુસાધુ રાત્રિના પ્રથમ પ્હોરે કે અંતિમ પ્હોરે પોતાની આત્માની પોતાના આત્મા દ્વારા વિલોચન કરે તેમજ મેં શું કર્યું, મારે શું કરવાનું છે, હું જે આચરી શકું છું તે મેં આચર્યું કે નહિ? મારે શું કરવાનું બાકી રહ્યું? અને હું મારી કઈ ભૂલને છોડી શકતો નથી? આમ વારંવાર વિચારીને ભાવિમાં સંયમમાર્ગથી પતિત ન થવાય તે માટે ચીવટ રાખે. ૧૨

કિં મે પરો પાસઇ કિં ચ અપ્પા,
કિં વાહં ખલિઅં ન વિ વજ્જયામિ ।
ઇચ્ચેવ સમ્મં અણુપાસમાણો,
અણાગયં નો પડિબંધ કુજ્જા ॥ ૧૩ ॥

ધૈર્યવાન સાધુ કદિ પણ ભુલથી કોઇ પણ કાર્યમાં સહજ સ્ખલના થાય તે તેજ વખતે પોતાના મનને વશ કરી સન્માર્ગમાં સ્થાપે છે અને ભાવિમાં ન થાય તેની ચીવટ રાખે છે. ૧૩

જત્થેવ પાસે કઇ દુપ્પઉત્તં,
કાએણ વાયા અદુ માણસેણ ।
તત્થેવ ધીરો પડિસાહરિજ્જા,
આઇન્નઓ ખિપ્પ મિવ ક્ખલીણં ॥૧૪॥

ધૈર્યવાન સાધુ કદાપિ મનસા વાચા કર્મણા લેશ માત્ર ભૂલ થાય તો તેજ વખતે ઉત્તમ ઘોડો જેમ લગામથી તુરત વશ થાય છે તેમ પોતાના આત્માને વશ કરી સન્માર્ગમાં રાખે છે. ૧૪

જસ્સેરિસા જોગં જિઇંદિયસ્સ,
ધિઇ મઓ સપ્પુરિસસ્સ નિચ્ચં ।
તમાહુ લોએ પડિબુદ્ધજીવી,
સો જીઅઇ સંજમજીવિએણ ॥ ૧૫ ॥

અપ્પા ખલુ સયયં રક્ખિઅવ્વો,
સવ્વિંદિએહિં સુસમાહિએહિ ।
અરક્ખિઓ જાઇ પહં ઉવેઇ,
સુરક્ખિઓ સવ્વ દુહાણ મુચ્ચઇ ॥ ૧૬ ॥

ખરેખર ધીમાન બુદ્ધિમાન સત્પુરુષોએ આ આત્માને ઈંદ્રિયો સહિત ખોટા રસ્તેથી જતાં બચાવવો કારણ કે આત્મા સુરક્ષિત હશે

તો તે સર્વ દુઃખમાંથી મુક્ત થશે અને અરક્ષિત હશે તો તેને જન્મ મરણનું ચક્ર ભમવું પડશે માટે આત્માને હંમેશાં સુસમાધિવંત ઈંદ્રિયો વડે રક્ષણ કરવું જોઇએ. ૧૫

નોંધઃ—શાસન નિયમોને અવગણીને સ્વચ્છંદે એકલા વિહરવું, ગુરુ કુલ વાસ છોડી એકલા અલગ વિચરવું એ વિવિક્ત ચર્યા ન કહેવાય. એ એક ચર્યા નથી, પણ અનેકાંત ચર્યા છે.

॥ ઇતિ વિવિક્તચર્યા ॥

ઇતિ શ્રી દશવૈકાલિક સૂત્ર

...સમાપ્ત...

# ॥ શ્રી પુચ્છિંસુણં ॥

## ( શ્રી વીર સ્તુતિ )

પુચ્છિસુણં સમણા માહણા ય,
અગારિણો યા પરતિત્થિયા ય ।
સે કેઇ ણેગંતહિયં ધમ્મમાહુ,
અણેલિસં સાહુ સમિક્ખયાએ ॥ ૧ ॥

જંબૂ સ્વામી પોતાના ગુરુદેવ શ્રી સુધર્મા સ્વામીને પૂછે છે કે, હે પ્રભો ! સાધુ, બ્રાહ્મણ અને ગૃહસ્થ લોગ તથા બૌદ્ધ આદિ પરમતાવલંબી મને પૂછે છે કે, જે ધર્મમાં પુરેપુરો વિચાર કરીને જગતનો સર્વ હિતકર અનુપમ ધર્મ કહ્યો છે એ મહા પુરુષ કોણ છે ? ૧

કહં ચ ણાણં કહ દંસણં સે,
સીલં કહં નાય સુયસ્સ આસી ।
જાણાસિણં ભિક્ખુ ! જહાતહેણં,
અહાસુયં બૂહિ જહા ણિસંતં ॥ ૨ ॥

વળી હે પ્રભો ! એ જ્ઞાતનન્દન ભગવાન વીર પ્રભુનું જ્ઞાન કેવું હતું ? દર્શન કેવું હતું ? અને યમ, નિયમ, આદિ શીલ–ચારિત્ર કેવું હતું ? હે પ્રભો ! આપ બધું સારી રીતે જાણો છો અને આપે જેવું સાંભળ્યું છે અને નિશ્ચય કર્યો છે એવું મને કહો. ૨

ખેયન્ને સે કુસલે મહેસી,
અણંતણાણી ય અણંતદંસી ।
જસંસિણો ચક્ખુપહે ઠિયસ્સ,
જાણાહિ ધમ્મં ચ ધિઇં ચ પેહિ ॥ ૩ ॥

જમ્બૂ સ્વામીના આ પ્રશ્નના ઉત્તરરૂપે શ્રી સુધર્માસ્વામી ભગવાનના માહાત્મ્યનું વર્ણન કરે છે. હે આયુષ્યમાન ! ભગવાન મહાવીર સંસારી જીવોના કર્મ વિપાકજ દુઃખોને જાણતા હતા, કારણ કે એમણે દુઃખ દૂર કરવાનો યથાવત્ ઉપદેશ આપ્યો છે. વળી વીર પ્રભુ આત્મ સ્વરૂપના સાચા જ્ઞાત હતા. કર્મ રૂપી કુશને ઉખાડવામાં કુશલ હતા, મહાન હતા. અનંત જ્ઞાનવાન, અનંત દર્શનવાન અને સંસારમાં બધાથી અધિક અક્ષય યશવાળા હતા. આંખોની સમાન હિત-અહિત માર્ગ દેખાડનાર હતા. હે જમ્બૂ ! તું મને ભગવાનની મહત્તા શું પૂછે છે ? ભગવાનની મહત્તા જોવી છે તો એમનો બતાવેલ અદ્વિતીય અબાધિત ધર્મને તથા એમની ઘનઘોર મહા ભયંકર ઉપસર્ગો સમયની સંયમ સંબંધી અદમ્ય દૃઢતાને જો. ૩

**ઉડ્ઢં અહેયં તિરિયં દિસાસુ,**
**તસા ય જે થાવર જેય પાણા ।**
**સે ણિચ્ચ ણિચ્ચેહિ સમિક્ખ પન્ને,**
**દીવેવ ધમ્મં સમિયં ઉદાહુ ॥ ૪ ॥**

એ કેવલજ્ઞાની ભગવાન મહાવીરે ઉંચી, નીચી અને તિરછી દિશાઓમાં તથા સમસ્ત સંસારમાં જે ત્રસ અને સ્થાવર પ્રાણી છે એના દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની અપેક્ષાથી નિત્યરૂપ અને અનિત્યરૂપ જાણીને દીપકની પેઠે અજ્ઞાનાંધકારનો નાશ કરનાર તથા સંસાર સમુદ્રમાં પડેલા અસહાય જીવ સમુહને બેટની માફક મદદ આપનાર ધર્મને સમભાવથી સર્વ જીવોના હિતાર્થે પ્રકટ કર્યો છે.૪

**સે સવ્વદંસી અભિભૂય નાણી,**
**ણિરામગંધે ધિઇમં ઠિયપ્પા ।**
**અણુત્તરે સવ્વ જગંસિ વિજ્જં,**
**ગંથા અતીતે અભએ અણાઊ ॥ ૫ ॥**

સર્વદર્શી ભગવાન મહાવીર જ્ઞાનાવર્ણીય આદિ આત્મ શત્રુઓને જીતીને કેવલજ્ઞાની થયા હતા. નિર્દોષ ચારિત્ર પાળવામાં અતિ ધીર અને સ્વસ્વરૂપમાં સ્થિત નિર્વિકાર હતા. . તત્ત્વાતત્ત્વને જાણનાર સંસારમાં વિદ્વાનોના શિરોમણી હતા બાહ્યાભ્યંતર અપરિગ્રહી નિગ્રન્થ હતા. સર્વ ભય રહિત હતા. એમણે આયુઃ કર્મનો બંધ તોડયો હતો જેથી તેઓ સંસારના જન્મ મરણના ચક્રાવામાંથી મુક્ત હતા. ૫

**સે ભૂઇપણ્ણે અણિય અચારી,**
**ઓહંતરે ધીરે અણંત ચક્ખૂ ।**
**અણુત્તરં તપ્પઇ સરિએ વા,**
**બઇરોયણિંદે વતમં પગાસે ॥ ૬ ॥**

વીર પ્રભુ જગતના જીવોની રક્ષા કરવા પૂર્ણવ્રતી, અપ્રતિબદ્ધ વિહારી, સંસાર સમુદ્રને તરીને પાર ઉતરેલ તથા અદમ્ય ધૈર્યશીલ હતા. પ્રભુ અનંત જ્ઞાની, તપસ્વી, સૂર્યની અને વૈરોચન નામની પ્રચંડ અગ્નિની માફક અજ્ઞાન અંધકારને નષ્ટ કરીને શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ કરનાર હતા. ૬

**અણુત્તરં ધમ્મં મિણં જિણાણં,**
**ણેયા મુણી કાસવ આસુ પન્ને ।**
**ઇંદેવ દેવાણ મહાણુભાવે,**
**સહસ્સ ણેતા દિવિણં વિસિટ્ઠે ॥ ૭ ॥**

શ્રી ભગવાન મહાવીર ઋષભદેવ આદિ તીર્થંકરો દ્વારા પ્રતિપાદિત સર્વ શ્રેષ્ઠ ધર્મના મોક્ષપ્રદ નેતા હતા. મુનિઓના સ્વામી તથા કાશ્યપ વંશના ભૂષણ હતા. વિશેષ શું ? જેવી રીતે સ્વર્ગમાં હજારો દેવોની વચ્ચે ઐશ્વર્ય આદિ ગુણોથી ઈંદ્ર મહારાજ શોભે છે એવી રીતે મહાપ્રભુવીર મહાવીર મુનિવૃન્દમાં શોભે છે. ૭

નોંધઃ—આ પદમાં શ્રી સુધર્મા સ્વામી સ્પષ્ટ જણાવે છે કે, ભગવાન મહાવીર શ્રી ઋષભાદિ તીર્થંકરો દ્વારા પ્રચારિત જૈનધર્મના નેતા અથવા પુનરુદ્ધારક હતા.

**સે પન્નયા અક્ખય સાયરે વા,**
**મહોદહી વાવિ અણંત પારે ।**
**અણાઈલે વા અકસાઇ મુક્કે,**
**સક્કેવ દેવા હિવઇ જુઇમં ॥ ૮ ॥**

ભગવાન મહાવીર, બુદ્ધિથી અનંત શુદ્ધ જલયુક્ત સ્વયંભૂરમણ સમુદ્રની માફક અક્ષય નિર્મલ સાગર હતા તથા સંસાર વર્ધક કષાય મલથી રહિત, જ્ઞાનાવરણાદિ કર્મ બંધનથી વિમુક્ત હતા. જેવી રીતે દેવાધિપતિ શક્રેન્દ્ર પ્રકાશમાન શૂરવીર છે એવી રીતે ભગવાન પણ અખંડ તેજ પ્રતાપ પૂર્ણ શૂરવીર હતા. ૮

**સે વીરિએણં પડિપુન્ન વીરિએ,**
**સુદંસણે વા ણગ સવ્વ સેટ્ઠે ।**
**સુરાલએ વાસિ મુદાગરે સે,**
**વિરાયએ ણેગ ગુણોવવએ ॥ ૯ ॥**

વીર્યાન્તરાય કર્મનો સમૂલ ક્ષય કરવાથી ભગવાન મહાવીર—અનંત બલ-વીર્યવાન હતા તથા જેવી રીતે સુમેરુ પર્વત સંસારના બધા પર્વતોમાં શ્રેષ્ઠ છે એવી રીતે વીર પ્રભુ પણ સંસારમાં સર્વ શ્રેષ્ઠ મહા પુરુષ હતા અને જેવી રીતે સુમેરુ, દેવગણને હર્ષિત કરે છે, તેવી રીતે વીર ભગવાન પણ જગતના જીવોને આનંદિત કરનાર હતા. તથા જેવી રીતે સુમેરુ અનેક ગુણો સુવર્ણ રંગ, ચંદનાદિ ગંધ, ઉત્તમોત્તમ મધુર ફલોથી શોભે છે, તેવી રીતે ભગવાન પણ જ્ઞાન, શક્તિ, શાંતિ આદિ ગુણોથી શોભતા હતા. ૯

**સયં સહસ્સાણ ઉ જોયણાણં,**
**તિકંડગે પંડગવેજયંતે ।**
**સે જોયણે ણવણવતે સહસ્સે,**
**ઊદ્ધુસ્સિતે હેટ્ઠ સહસ્સ મેગં ॥ ૧૦ ॥**

સુમેરુ પર્વત એક લાખ યોજન ઊંચો છે. એ નવાણું હજાર યોજન ઊંચો આકાશમાં અને એક હજાર યોજન નીચે પૃથ્વીના ગર્ભમાં છે. સુમેરુના ત્રણ વિભાગ છે. બધાથી ઉપરના વિભાગમાં પાંડુક વન છે. એ એવો શોભે છે કે સુમેરુના શિખર પ્રદેશમાં સુંદર ધ્વજા છે ૧૦

નોંધ—ભગવાન મહાવીરના જ્ઞાન દર્શનાદિ ગુણ ત્રણ લોકમાં વ્યાપ્ત છે. જેવી રીતે સુમેરુ પર્વતની પ્રભા ઊંચા, નીચા અને મધ્ય ત્રણ લોકમાં વ્યાપ્ત છે.

**પુટ્ઠે ણમે ચિટ્ઠઇ ભૂમિવટ્ઠિએ,**
**જં સૂરિયા અણુપરિવટ્ટયંતિ ।**
**સે હેમવન્ને બહુણંદણે ય,**
**જંસી રઇં વેદયતી મહિંદા ॥ ૧૧ ॥**

આ સુમેરુ ગિરિ આકાશ તથા જમીનને અડી રહેલો છે. સૂર્યાદિ જ્યોતિષ દેવ જેની નિત્ય પ્રદક્ષિણા કરે છે અને જેની કાંતિ સુવર્ણમય છે. પર્વત ઉપર નંદનાદિ ચાર મહા વન છે અને આ પર્વત ઉપર દેવ-દેવેન્દ્ર આવીને રતિ-ક્રીડાનો અનુભવ કરે છે. ૧૧

નોંધ—ભગવાન પણ એ પ્રમાણે દાન-શીલાદિ ચાર મહાન ધર્મોનું વર્ણન કરીને ધર્મ પિપાસુ જનને ધર્મોપદેશ દ્વારા આનંદિત કરે છે.

**સે પવ્વએ સદ્દમહપ્પગાસે,**
**વિરાયતો કંચણ મટ્ઠવને ।**

**અણુત્તરે ગિરિસુય પવ્વદુગ્ગે,**
**ગિરીવરેસે જલિય વ ભોમે ॥ ૧૨ ॥**

આ સુમેરુ પર્વત કિંનર દેવોના ગાનરૂપ શબ્દોથી ગુંજાયમાન છે અને એ પર્વત સુવર્ણની માફક દીપે છે. એ બધા પર્વતોમાં શ્રેષ્ઠ છે. પર્વ અથવા મેખલા આદિના કારણ દુર્ગમ દુરારોહ છે અને પર્વતરાજ નગાધિરાજ પ્રધાન સુમેરુ પૃથ્વી સમાન છે અથવા જેમ પૃથ્વી અનેક તેજોમય વનસ્પતિઓથી શોભે છે એની માફક મેરુ પર્વત પણ અનેક તેજોમય વૃક્ષોથી વિરાજે છે. ૧૨

નોંધ—ભગવાન પણ અર્થ ગંભિર અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય વગેરે સદ્ગુણો યુક્ત વાણી પ્રકાશે છે.

**મહીઇ મજ્ઝમ્મિ ઠિયે ણગિંદે,**
**પન્નાયતે સૂરિય સુદ્ધલેસે ।**
**એવં સિરીએ ઉ સ ભુરિવન્ને,**
**મણોરમે જોયઈ અચ્ચિમાલી ॥ ૧૩ ॥**

પૃથ્વીના મધ્ય પ્રદેશમાં રહેલો નગાધિરાજ સુમેરુ સંસારમાં સર્વોત્કૃષ્ટ ઓળખાય છે. આ સુમેરુ સૂર્ય સમાન શુદ્ધ તેજ યુક્ત છે અને ચિત્ર વિચિત્ર સુરત્નોથી સુશોભિત છે અને તે સૂર્યની માફક બધી દિશાઓને ઉજ્જવલ કરે છે. ૧૩

નોંધ—ભગવાન પણ આ રીતે સર્વોત્કૃષ્ટ પૂર્ણ પ્રતાપી વિચિત્ર શોભામય અજ્ઞાન તિમિર નાશક સંસારમાં જ્ઞાનનો પ્રકાશ કરનાર હતા.

**સુદંસણસ્સેવ જસો ગિરિસ્સ,**
**પવુચ્ચઇ મહતો પવ્વયસ્સ ।**
**એતોવમે સમણે નાયપુત્તે,**
**જાઇ જસો દંસણ નાણસીલે ॥ ૧૪ ॥**

પર્વતરાજ સુદર્શન મેરુનો જેવી રીતે સુયશ છે એવી રીતે ભગવાન મહાવીરનો સુયશ સંસારમાં ફેલાયેલ છે. શ્રમણ ભગવાન જ્ઞાતનંદન મહાવીર સકલ જાતિઓમાં સર્વ સુયશસ્વીમાં સર્વ જ્ઞાનીઓ અને સકલ દર્શનાવલંબિ અને સકલ ચારિત્ર સંપન્ન મહા પુરુષોમાં અદ્વિતીય શ્રેષ્ઠ છે. ૧૪

**ગિરિવરે વા નિસહાય યાણં,**
**રુયએ વ સેટ્ઠે વલયાય યાણં ।**
**તઓવમે સે જગ ભૂઇપન્ને,**
**મુણીણ મજ્ઝે તમુદાહુ પન્ને ॥ ૧૫ ॥**

જેવી રીતે લાંબા પર્વતોમાં નિષધ પર્વત અને ગોળ પર્વતમાં રુચક પર્વત શ્રેષ્ઠ છે એવી રીતે ત્રૈલોકય ગુરુ ભગવાન મહાવીર પણ સંસારમાં પ્રભૂત વિદ્યાના ધણી છે એટલા માટે બુદ્ધિ પ્રવરોએ ભગવાન મહાવીરને મુનિઓમાં શ્રેષ્ઠ કહ્યા છે. ૧૫

**અણુત્તરં ધમ્મમુઇ રઇત્તા,**
**અણુત્તરં ઝાણવરં ઝિયાઈ ।**
**સુસુક્ક સુક્કં અપગંડસુક્કં,**
**સંખિંદુ એગંત વદાત સુક્કં ॥ ૧૬ ॥**

ભગવાન મહાવીરે વિશાલ જન સમૂહમાં વિશેષ તર્ક પૂર્ણ સૂક્ષ્મ વિવેચન સહિત સર્વોત્તમ સત્ય ધર્મનો ઉપદેશ દઇને અત્યંત ઉજ્જવલ શુકલ ધ્યાનને ધારણ કર્યું. આ શુકલ ધ્યાન ઉત્તમ શ્વેત વસ્તુની માફક શુકલ અથવા અર્જુન સોનું, શંખ અને ચન્દ્રમાંની માફક અતીવ ધવલ હતું. ૧૬

**અણુત્તરગ્ગં પરમં મહેસી,**
**અસેસકમ્મં સ વિસોહઇત્તા ।**

**સિદ્ધિંગતે સાઇમણંત પ-તે,**
**નાણેણ સીલેણ ય દંસણેણ ॥ ૧૭ ॥**

વીર પ્રભુ પોતાના ઉગ્ર તપોબળથી સંસારમાં પરિભ્રમણ કરાવનારા કર્મ શત્રુઓને સમૂલ નષ્ટ કરીને મોક્ષ ધામ પહોંચ્યા. જે મુક્તિ પટ ચૌદ રાજલોકની ટોચે છે. જે સાદિ અનંત છે અને જ્યાં જઇને પુનરાગમન નથી. ભગવાને આ સિદ્ધિ–મુક્તિ પદની પ્રાપ્તિ અન્યની સહાય વિના પોતાના સમ્યગ્ રત્નત્રય જ્ઞાન, દર્શન, ચારિત્રથી કરી છે. ૧૭

**રુક્ખેસુ ણાએ જહ સામલી વા,**
**જસ્સિં રતિં વેદયતી સુવન્ના ।**
**વણેસુ વા નંદણ માહુ સેટ્ઠં,**
**નાણેણ સીલેણ ય ભૂઇપન્ને ॥ ૧૮ ॥**

જેમ શાલ્મલી વૃક્ષ બધા વૃક્ષોમાં અને જેમ નંદન વન બધા વનોમાં સર્વ શ્રેષ્ઠ છે. જે વનમાં સુવર્ણ કુમાર નામનો દેવ રતિક્રીડા સેવે છે એવી રીતે વીરપ્રભુ પણ જ્ઞાન અને શીલમાં સર્વોત્તમ છે.૧૮

**થણિયં વ સદ્દાણ અણુત્તરં ઊ,**
**ચંદો વ તારાણ મહાણુભાવે ।**
**ગંધેસુ વા ચંદણ માહુ સેટ્ઠં,**
**એવં મુણીણં અપડિન્ન માહુ ॥ ૧૯ ॥**

જેવી રીતે મેઘની ગર્જના બધી ધ્વનિમાં મહાન છે અને જેવી રીતે બધા તારાગણમાં ચન્દ્રનો પ્રભાવ મહા પ્રભાવશાલી છે. અથવા બધા સુગંધિત દ્રવ્યોમાં ચંદન શ્રેષ્ઠ કહેવાય છે, એવી રીતે ભગવાન મહાવીર પણ બધા મુનિઓમાં શ્રેષ્ઠ છે. તેઓ આ લોક અને પરલોક સંબંધી સર્વ વાસનાથી વિમુક્ત હતા. ૧૯

જહા સયંભૂ ઉદહીણ સેટ્ઠે,
નાગેસુવા ધરણિંદ માહુ સેટ્ઠં ।
ખોઓદએ વા રસ વેજયંતે,
તવોવહાણે મુણી વેજયંતે ॥ ૨૦ ॥

જેવી રીતે આ ભૂલોકમાં સ્વયંભૂરમણ સમુદ્ર મોટો-વિશાળ છે. નાગ દેવોમાં ધરણેન્દ્ર દેવ મહાન છે અને મીઠા રસોમાં ઇક્ષુ રસ શ્રેષ્ઠ છે, તેવી રીતે ભગવાન મહાવીર તપ અને તેજમાં સર્વોત્તમ છે. ૨૦

હત્થીસુ એરાવણ માહુ ણાયં,
, સીહો મિયાણં સલિલાણ ગંગા ।
પક્ખીસુ વા ગરૂલે વેણુદેવે,
નિવ્વાણવાદી ણિહ ણાય પુ-તે ॥ ૨૧ ॥

જેવી રીતે હાથીઓમાં ઐરાવત હાથી શ્રેષ્ઠ છે પશુઓમાં સિંહ શ્રેષ્ઠ છે અને પાણીમાં ગંગાજલ ઉત્કૃષ્ટ છે અને પક્ષિઓમાં વેણુદેવ અથવા ગરુડ પક્ષી શ્રેષ્ઠ છે, તેવી રીતે સારા સંસારમાં મુક્તિ માન-નારા પરમાસ્તિકોમાં ભગવાન વીર પ્રધાન છે. ૨૧

જોહેસુ ણાએ જહ વીસસેણે,
પુપ્ફેસુવા જહ અરવિંદ માહુ ।
ખત્તીણ સેટ્ઠે જહ દંત બક્કે,
ઇસીણ સેટ્ઠે તહ વદ્ધમાણે ॥ ૨૨ ॥

જેવી રીતે શૂરવીરોમાં વીર-પુંગવ ચક્રવર્તી મહાન છે અને સમસ્ત સુગંધિત ફૂલોમાં અરવિંદ કમલ મહાન છે તથા જેવી રીતે ક્ષાત્રઓમાં દાન્ત વાક્ય ચક્રવર્તી મુખ્ય હોય છે તેવી રીતે સંયતિ મુનિઓમ વીર પ્રભુ શ્રેષ્ઠ છે. ૨૨

**દાણાણ સેટ્ઠં અભયપ્પયાણં ।**
**સચ્ચેસુ વા અણવજ્જં વયંતિ ।**
**તવેસુ વા ઉત્તમ બંભચેરં,**
**લોગુત્તમે સમણે નાયપુત્તે ॥ ૨૩ ॥**

જેવી રીતે સર્વ પ્રકારના દાન આપવામાં જિવિતવ્યનું દાન-અભયદાન મરણ ભયથી મુક્તિ સર્વ શ્રેષ્ઠ છે. બધા સત્યોમાં અન્યને હિતકર સત્ય વચન શ્રેષ્ઠ છે, તપોમાં બ્રહ્મચર્ય સર્વોત્તમ છે એવીરીતે જ્ઞાતકુલોપન્ન શ્રમણ ભગવાન મહાવીર સર્વોત્તમ છે. ૨૩

**ઠિઈણ સેટ્ઠા લવસત્તમા વા,**
**સભા સુહમ્મા વ સભાણ સેટ્ઠા ।**
**નિવ્વાણ સેટ્ઠા જહ સવ્વધમ્મા,**
**ન નાયપુત્તા પરમત્થિ નાણી ॥ ૨૪ ॥**

જેવી રીતે દીર્ઘાયુવાળા દેવોમાં અનુત્તર વિમાનવાસી દેવો સર્વોત્તમ દીર્ઘાયુ છે, બધી સભાઓમાં સુધર્મા દેવની સભા શ્રેષ્ઠ છે, અને જેવી રીતે સંસારના તમામ ધર્મોમાં નિર્વાણ પ્રધાન ધર્મ સર્વ શ્રેષ્ઠ છે, એવી રીતે ભગવાન મહાવીર સર્વ જ્ઞાનીઓમાં સર્વોત્તમ હતા અથવા વીર પ્રભુ જેવા બીજા કોઇ શુદ્ધ જ્ઞાનવાન, પ્રબલ પ્રચારક વ્યક્તિ ન હતા. ૨૪

**પુઢોવમે ધુણઈ વિગય ગેહી,**
**ન સંણિહિં કુવ્વઇ આસુપન્ને ।**
**તરિઉં સમુદ્દં વ મહા ભવોઘં,**
**અભયં કરે વીર અણંત ચ ખ ॥ ૨૫ ॥**

ભગવાન મહાવીર પૃથ્વીની માફક બધા જીવોના આધાર રૂપ ક્ષમાશીલ પરીષહ અને ઉપસર્ગ આદિ ઘનઘોર કષ્ટોના સહન કરનાર હતા. ભવ ભ્રમણમાં કારણભૂત કર્મમલથી રહિત હતા. અભિલાષાથી

રહિત હોવાથી દ્રવ્યાદિનો સંચય કરતા ન હતા. સદા જાગૃત ઉપ-યોગી હતા અને અનેક દુઃખોથી ભરેલા સંસાર સમુદ્રને તરીને મુક્ત થઇને સ્વયં પ્રાણીમાત્રની રક્ષા કરનાર, અભયંકર તથા સમગ્ર લોકા-લોકગત–ચરાચરાત્મક અનંત પદાર્થોના જ્ઞાતા હોવાથી અનંત જ્ઞાની હતા. ૨૫

**કોહં ચ માણં ચ તહેવ માયં,**
**લોભં ચઉત્થં અજ્ઝત્થદોસા ।**
**એઆણિ વંતા અરહા મહેસી,**
**ણ કુવ્વઈ પાવ ણ કારવેઇ ॥ ૨૬ ॥**

ભગવાન મહાવીર ક્રોધ, માન, માયા અને લોભરૂપ આત્મીય દોષોને સર્વ પ્રકારે નિર્મૂલ કરીને અર્હંતપદ અથવા મહર્ષિ પદને પામ્યા અને ભગવાન પોતે કદાપિ પાપ કરતા કે કરાવતા ન હતા.૨૬

**કિરિયા કિરિયં વેણઇયાણુવાયં,**
**અણ્ણાણિયાણિ પડિયચ્ચ ઠાણં ।**
**સે સવ્વ વાયં ઇતિ વેયઇત્તા,**
**ઉવટ્ઠિએ સંજમ દીહરાયં ॥ ૨૭ ॥**

વીર પ્રભુ ક્રિયાવાદ કે અક્રિયાવાદ કે વિનયવાદ કે અજ્ઞાનવાદના પક્ષને સ્વયં સમજીને તથા સમસ્તવાદોના પક્ષોને સમ્યક્ પ્રકારે બીજા મુમુક્ષુઓને સમજાવીને યાવજ્જીવ સંયમશીલ રહેતા. ૨૭

**સે વારિયા ઇત્થિ સરાઇ ભત્તં,**
**ઉવહાણવં દુક્ખ ખયટ્ઠયાએ ।**
**લોગં વિદિત્તા આરં પરં ચ,**
**સવ્વં પભૂ વારિય સવ્વવારં ॥ ૨૮ ॥**

તપોનિધિ વીર પ્રભુ એ અષ્ટ પ્રકારના કર્મરૂપી દુઃખો અને શત્રુઓનો સમૂલ નાશ કરવા માટે રાત્રી ભોજન અને સ્ત્રીસંભોગરૂપ

મૈથુનાદિ પાપોનો પરિત્યાગ કરીને તથા લોકાલોકનું સ્વરૂપ જાણીને સર્વ પાપોનો સર્વ પ્રકારે ત્યાગ કરી નિર્વાણ પદને પામ્યા. ૨૮

**સોચ્ચાય ધમ્મં અરહંત ભાસિયં,**
**સમાહિયં અટ્ઠ પદોવસુદ્ધં ।**
**તં સદ્દહાણા ય જણા અણાઊ,**
**ઇંદે વ દેવાહિવ આગમિસ્સંતિ ॥ ૨૯ ॥**

અર્થ અને પદોથી વિશુદ્ધ સમ્યક્રૂપે કહેલા અર્હન્ત ભગવાન દ્વારા પ્રતિપાદિત જગત્પસિદ્ધ જયશીલ ધર્મને સાંભળીને શ્રદ્ધા કરનાર ભવ્ય મનુષ્ય, દેવોના સ્વામી ઈંદ્રિ, અથવા નિરાયુ પદ-અજર અમર પદ સિદ્ધ થશે. ૨૯

**॥ ઇતિ પુચ્છિસુણં અથવા વીર સ્તુતિ ॥**